# અધ્યાત્મ કલ્પદ્રુમ

મૂલ્ય—સદુપયોગ.

શ્રીવીતરાગાય નમઃ ।

શ્રીમદ્વિજયવલ્લભસૂરિગુરુભ્યો નમઃ ।

શ્રીમુનિસુંદરસૂરિવિરચિત-

# અધ્યાત્મકલ્પદ્રુમ

[ મૂલ તથા અર્થ. ]


પ્રકાશક. શાહ ફુલચંદ ખીમચંદ

મુ–વલાદ.

વીર સં. ૨૪૫૮ આત્મ સં. ૩૫

પ્રતિ. ૧૦૦૦ વિક્રમ સં. ૧૯૮૮

# આ પુસ્તક છપાવવામાં સહાય
# કર્તાના નામો.

૬૦ સાલવી. આત્મારામ ચુનીલાલ. પાટણ.

૫૦ શા. લલ્લુભાઇ ચતુરદાસની દીકરી બાઇ મણી.
અમદાવાદ લુણસાવાડો.

૨૫ શા ગગલભાઇ નથુભાઇ કીકાભટની પોળ.
અમદાવાદ

૨૫ શા. નાથાલાલ જેઠાલાલ નવાતળીયાની
પોળ. અમદાવાદ.

૨૫ શા બલાખીદાસ ચકુભાઈ. શાહપુર
અમદાવાદ

૨૦ પારેખ. ડાયાભાઇ પોપલાલ શાહપુર
અમદાવાદ

---

ધી સૂર્યપ્રકાશ પ્રિ. પ્રેસમાં મૂળચંદભાઈ ત્રીકમલાલે
છાપ્યું. પાનકોરનાકા—**અમદાવાદ.**

# વિજ્ઞાપન-

આ **અધ્યાત્મકલ્પદ્રુમ** ગ્રંથરત્નના કર્તા **શ્રીમુનિ-સુંદરસૂરિજી** મહારાજ છે. કે જેઓ પંદરમી સદીમાં થઈ ગયા છે. ઉપરોક્ત ગ્રંથ ઉપર અનેક આચાર્યોએ ટીકાઓ રચી છે એમ જણાય છે. આ ગ્રંથ મૂળ ટીકા સહીત એક છપાઇ ગયેલ છે. આ ગ્રંથમાં સમતા આદિ સોલ અધિકારોનું વર્ણન બહુજ સરસ કરવામાં આવ્યું છે. તે ભવ્ય જીવોને આત્મકલ્યાણને માટે વૈરાગ્યમય આ ગ્રંથ અતિ ઉપયોગી હોવાથી સંસ્કૃતના અનભ્યાસીયોને માટે પ્રથમ **મોતીચંદ ગીર-ધર** કાપડીયાએ મૂલ અર્થને વિવેચન સહિત ગુજરાતીમાં છપાવી બહાર પાડેલ છે. છતાં ટુંકમાં આ ગ્રંથનો રહસ્ય સમજનારાઓને તે પુસ્તક બહુ મોટું પડવાથી લાભ નહી લઇ શકવાથી, તેમજ આ ગ્રંથ ખાસ મનન કરવા લાયક હોવાથી તેનુંજ કેવલ અર્થ સહીત મૂલ નાના ગુટકા તરીકે છપાવવા યોગ્ય સમજીને છપાવવામાં આવ્યું છે માટે ભવિજીવો તેનું રહસ્ય સમજીને આત્માને લાભ પ્રાપ્ત કરો. ઇતિ.

સં. ૧૯૮૮ કારતક શુક્લ એકાદશી.

લી. **પ્રકાશક.**

अर्हम्

श्रीमुनिसुन्दरसूरिकृत

# અધ્યાત્મ-કલ્પદ્રુમ

## મૂલ તથા અર્થ.

શાંતરસ-શરૂઆત-માંગલીક.

जयश्रीरांतरारीणां,
लेभे येन प्रशांतितः ।
तं श्रीवीरजिनं नत्वा,
रसः शांतो विभाव्यते ॥१॥

"જે શ્રી વીરભગવાનને અંતરંગશત્રુઓની જય લક્ષ્મી ઉત્કૃષ્ટ શાંતિથી મેળવી છે, તે પરમાત્માને નમસ્કાર કરીને શાન્ત રસની ભાવના કરવામાં આવે છે." ૧

અનુષ્ટુભ.

અનુપમ સુખના કારણભૂત શાન્ત
રસનો ઉપદેશ.

सर्वमंगलनिधौ हृदि यस्मिन्,
संगते निरूपमं सुखमेति ।
मुक्तिशर्म च वशीभवति द्राक्,
तं बुधा भजत शांतरसेंद्रम् ॥२॥

" સર્વ માંગલિકનો નિધાન એવો શાંત રસ જેના હૃદયમાં પ્રાપ્ત થાય તે અનુપમ સુખ પામે છે અને મોક્ષનું સુખ એકદમ તેના કબજામાં આવી જાય છે. હે પંડિતો! એવા શાન્ત રસને તમે ભજો સેવો-ભાવો." ૨

સ્વાગતાવૃત્તમ.

આ ગ્રંથના સોળ દ્વારો.

समतैकलीनचित्तो,

ललनापत्यस्वदेहममतामुक् ।
विषयकषायाद्यवशः
शास्त्रगुणैर्दमितचेतस्कः ॥३॥
वैराग्यशुद्धधर्मा,
देवादिसतत्त्वविद्विरतिधारी ।
संवरवान् शुभवृत्तिः साम्यरहस्यं
भज शिवार्थिन् ॥४॥ युग्मम्

" હે મોક્ષાર્થી પ્રાણી ! તું સમતા ઉપર લીન ચિત્તવાળો થા; સ્ત્રી, પુત્ર, પૈસા અને શરીર ઉપરથી મમતા છોડી દે; વર્ણ, ગંધ, રસ, સ્પર્શ વિગેરે ઇંદ્રીયોના વિષયો અને ક્રોધમાન માયા અને લોભ એ કષાયોને વશ થા નહિ; શાસ્ત્રરૂપ લગામ વડે તારા મનરૂપ

અશ્વને તું કાબુમાં રાખ. વૈરાગ્યે કરીને શુદ્ધ નિષ્કલંક ધર્મવાન થા (સાધુના દશ યતિધર્મ અને શ્રાવકનાં બાર વ્રત તેમજ આત્મગુણોમાં રમણતા કરવા રૂપ શુદ્ધ ધર્મવાળો થા.) દેવ ગુરૂ ધર્મનું શુદ્ધ સ્વરૂપ જાણનારો થા; સર્વ પ્રકારના સાવદ્ય યોગથી નિવૃત્તિરૂપ વિરતિ ધારણ કર, (સત્તાવન પ્રકારના) સંવરવાળો થા; તારી વૃત્તિઓને શુદ્ધ રાખ અને સમતાના રહસ્યને તું ભજ." ૩–૪

આર્યાવૃત્ત.

**પ્રથમ અધિકાર સમતાભાવના ભવવા માટે મનને ઉપદેશ.**

**चित्तबालक मा त्याक्षी-**

**रजस्रं भावनौषधीः ।**

यत्त्वां दुर्ध्यानभूता,

न छलयन्ति छलान्विषः ॥५॥

"હે ચિત્તરૂપ બાળક ! તું ભાવનારૂપ ઔષધિઓને હંમેશાં દૂર કરીશ નહિ; જેથી કરીને છળને શોધનારા દુર્ધ્યાનરૂપ ભૂત પિશાચો તને છેતરી શકશે નહિ." ૫ અનુષ્ટુભ્.

ઇંદ્રિયોનાં સુખ-સમતાનાં સુખ.

यदिंद्रियार्थैः सकलैः सुखं स्या-

न्नरेंद्रचक्रित्रिदशाधिपानाम् ।

तद्बिंदवत्येव पुरो हि साम्य-

सुधांबुधेस्तेन तमाद्रियस्व ॥६॥

"રાજા ચક્રવર્તી અને દેવોના સ્વામી ઇંદ્રોને સર્વ ઇંદ્રિયના અર્થોથી જે સુખ થાય

છે તે સમતાના સુખ સમુદ્ર પાસે ખરેખર એક બિંદુ તુલ્ય છે માટે સમતાના સુખને આદર.” ૬ ઉપેંદ્રવજાવૃત્ત.

સાંસારિક જીવનાં સુખ-યતિનાં સુખ.

अदृष्टवैचित्र्यवशाज्जगज्जने,
विचित्रकर्माशयवाग्विसंस्थुले ।
उदासवृत्तिस्थितचित्तवृत्तयः,
सुखं श्रयंते यतयः क्षतार्तयः ॥७॥

“ જ્યારે જગતના પ્રાણીઓ પુણ્ય પાપના વિચિત્ર પણાને આધીન છે, અને નાના પ્રકારના કાયાના વ્યાપાર, મનના વ્યાપાર અને વચનના વ્યાપારથી અસ્વસ્થ ( અસ્થિર ) છે; ત્યારે માધ્યસ્થ્ય વૃત્તિમાં જેમની ચિત્તવૃત્તિ રહેલી છે અને જેઓની મનની પિડાઓ

(આધી) નાશ પામી છે તેવા યતિઓ ખરા સુખને ભજે છે ( ભોગવે છે. )" ૭.

વંશસ્થવૃત્તં.

સમતા સુખ અનુભવવાનો ઉપદેશ.

विश्वजंतुषु यदि क्षणमेकं,
साम्यतो भजसि मानस मैत्रीम् ।
तत्सुखं परममत्र परत्रा-
प्यश्नुषे न यदभूत्तव जातु ॥८॥

" હે મન! તું સર્વ પ્રાણી ઉપર સમતા પૂર્વક એક ક્ષણ વાર પણ પરહિત ચિંતા રૂપ મૈત્રીભાવ ભાવીશ તો તને આભવ અને પરભવમાં એવું સુખ મળશે કે જેવું તેં કદિ પણ અનુભવ્યું હશે નહિ." ૮. સ્વાગતાવૃત્તં.

સમતાની ભાવના તેનું દર્શન.

न यस्य मित्रं न च कोऽपि शत्रु-
 र्निजः परो वापि न कश्चनास्ते ।
न चेंद्रियार्थेषु रमेत चेतः,
 कषायमुक्तं परमः स योगी ॥९॥

" જેને કોઇ પણ મિત્ર નથી અને કોઈ પણ શત્રુ નથી; જેને કોઇ પોતાનો નથી અને કોઇ પારકો નથી; જેનું મન કષાય રહિત હોઇને ઇંદ્રિયોના વિષયમાં રમણ કરતું નથી તેવો પુરૂષ મહા યોગી છે." ૯. ઉપેંદ્રવજા.

સમતાના અંગો—ચાર ભાવના.

भजस्व मैत्री जगदंगीराशीषु,
 प्रमोदमात्मन् गुणिषु त्वशेषतः ।

भवार्तिदीनेषु कृपारसं सदा-
प्युदासवृत्तिं खलु निर्गुणेष्वपि॥१०॥

" હે આત્મન્ ! જગત્‌ના સર્વ જીવો ઉપર મૈત્રીભાવ ધારણ કર; સર્વ ગુણવાન પુરૂષો તરફ સંતોષ દ્રષ્ટિથી જો. ભવ ( સંસાર ) ની પીડાથી દુઃખી થતાં પ્રાણીઓ ઉપર કૃપા રાખ અને નિર્ગુણી પ્રાણીઓ ઉપર ઉદાસવૃત્તિ-માધ્યસ્થ ભાવ રાખ." ૧૦. વંશસ્થવૃત્તં.

ચાર ભાવનાનું સંક્ષિપ્ત સ્વરૂપ.

मैत्री परस्मिन् हितधिः समग्रे,
भवेत्प्रमोदो गुणपक्षपातः ।
कृपा भवार्ते प्रतिकर्तुमीहो-
पेक्षैव माध्यस्थ्यमवार्यदोषे ॥११॥

"બીજાં સર્વ પ્રાણીઓ ઉપર હિત કરવાની બુદ્ધિ તે (પ્રથમ) મૈત્રી ભાવના; ગુણનો પક્ષપાત તે (બીજી) પ્રમોદ ભાવના; ભવરૂપ વ્યાધિથી હેરાન થતાં પ્રાણીઓને ભાવઔષધથી સારૂ કરવાની ઇચ્છા તે (ત્રીજી) કૃપા ભાવના; ન ટળી શકે તેવા દોષવાળા પ્રાણી ઉપર ઉદાસીન ભાવ તે ( ચોથી ) માધ્યસ્થ્ય ભાવના." ૧૧. ઉપજાતિ.

### ઉક્ત ચાર ભાવનાઓનું હરિભદ્રસૂરિકૃત તૂર્યષોડશકાનુસાર સ્વરૂપ.

परहितचिंता मैत्री,
परदुःखविनाशिनी तथा करुणा ।
परसुखतुष्टिर्मुदिता,
परदोषोपेक्षणमुपेक्षा ॥१२॥

" ( આત્મવ્યતિરિક્ત )બીજાં પ્રાણીઓનું હિત ચિંતવવું તે મૈત્રી ભાવના; " પારકાં દુઃખોનો નાશ કરવાની ઇચ્છા અથવા ચિંતા તે કરૂણા ભાવના; બીજાઓનાં સુખને જોઈ આનંદ પામવો તે પ્રમોદ ભાવના, અને બીજાઓનાં દોષોની ઉપેક્ષા કરવી તે ઉપેક્ષા ભાવના." ૧૨ આર્યાવૃત્તં.

પ્રથમ મૈત્રીભાવનાનું સ્વરૂપ.

**मा कार्षीत्कोपि पापानि,**
**मा चाभूत्कोपि दुःखितः ।**
**मुच्यता जगदप्येषा,**
**मतिर्मैत्री निगद्यते ॥१३॥**

" કોઇ પણ પ્રાણી પાપ કરો નહિ, કોઇ પણ જીવ દુઃખી થાઓ નહિ, આ જગત

કર્મથી મુકાઓ–આવી બુદ્ધિને મૈત્રી કહે છે.” ૧૩ અનુષ્ટુભ્વૃત્ત.

દ્વિતીય પ્રમોદ ભાવનાનું સ્વરૂપ.

अपास्ताशेषदोषाणां,
वस्तुतत्त्वावलोकिनाम् ।
गुणेषु पक्षपातो यः,
स प्रमोदः प्रकीर्तितः ॥१४॥

“ જેમણે સર્વ દોષો દૂર કર્યા છે અને વસ્તુતત્ત્વને જેઓ જોઈ રહ્યા છે તેઓના ગુણ ઉપર પક્ષપાત તે પ્રમોદ ભાવના કહેવાય છે.” ૧૪ અનુષ્ટુભ્વૃત્ત.

તૃતીય કરૂણા ભાવનાનું સ્વરૂપ.

दीनेष्वार्तेषु भीतेषु,
याचमानेषु जीवितम् ।

प्रतिकारपरा बुद्धिः,
कारुण्यमभिधीयते ॥१५॥

" અશક્ત, દુઃખી, ભયથી વ્યાકુળ થએલા અને જીવિતવ્યને યાચનાર પ્રાણીઓ ઉપર તેઓનું દુઃખ ટાળવાની જે બુદ્ધિ તે કરૂણા ભાવના કહેવાય છે." ૧૫ અનુષ્ટુભ્.

ચોથી માધ્યસ્થ ભાવનાનું સ્વરૂપ.

क्रूरकर्मसु निःशंकं, देवतागुरुनिंदिषु।
आत्मशंसिषु योपेक्षा,
तन्माध्यस्थ्यमुदीरितं ॥१६॥

" કોઇ પણ પ્રકારના આંચકા વગર ક્રૂર કર્મ કરનારા, દેવ અને ગુરૂની નિંદા કરનારા અને આત્મશ્લાઘા કરનારા પ્રાણીઓ તરફ

ઉપેક્ષા તે માધ્યસ્થ્ય ( અથવા ઉદાસીનતા ) ભાવના કહેવાય છે.” ૧૬ અનુષ્ટુભ્.

### સમતાનું બીજું સાધન–ઇંદ્રિયના વિષયો પર સમતા.

**चेतनेतरगतेष्वखिलेषु,**
**स्पर्शरूपरवगंधरसेषु ।**
**साम्यमेष्यति यदा तव चेतः,**
**पाणिगं शिवसुखं हि तदात्मन्॥१७॥**

“હે ચેતન! સર્વ ચેતન અને અચેતન પદાર્થોમાં રહેલાં સ્પર્શ, રૂપ, રવ (શબ્દ), ગંધ અને રસમાં તારૂ ચિત્ત સમતા પામશે ત્યારે મોક્ષનું સુખ તારા હાથમાં આવી જશે.” ૧૭ સ્વાગતાવૃત્ત.

## આત્મશિક્ષા-વિચાર કરવાની જરૂરિઆત.
## સમતાપ્રાપ્તિનું ત્રીજું સાધન.

के गुणास्तव यतः स्तुतिमिच्छ-
स्यद्भुतं किमकृथा मदवान् यत् ।
कैर्गता नरकभीः सुकृतैस्ते ,
किं जितः पितृपतिर्यदचिन्तः॥१८॥

" તારામાં કયા ગુણો છે કે તું સ્તુતિની ઇચ્છા રાખે છે? તેં શું આશ્ચર્યકારી મોટું કાર્ય કર્યું છે કે તું અહંકાર કરે છે? (તારાં) કયાં સુકૃત્યોથી તારી નરકની બીક મટી ગઇ છે? તેં શું યમને જીત્યો છે. કે જેથી તું ચિંતા વગરનો થઇ ગયો છે?" ૧૮

સ્વાગતાવૃત્ત.

## જ્ઞાનીનું લક્ષણ.

गुणस्तवैर्यो गुणिनां परेषा-
माक्रोशनिंदादिभिरात्मनश्च ।
मनः समं शीलति मोदते वा,
खिद्येत च व्यत्ययतः स वेत्ता॥१९॥

"બીજા ગુણવાન પ્રાણીઓના ગુણની સ્તુતિ કરે ત્યારે અને અન્ય માણસો પોતાપર આક્રોશ કરે અથવા પોતાની નિંદા કરે તે વખતે જે પોતાના મનને સ્થિતિ સ્થાપક રાખે છે અથવા તે વખતે જે આનંદ પામે છે; અને તેથી ઉલટી વાત બનતાં (એટલે પરગુણ નિંદા અથવા આત્મ પ્રશંસા થતાં) જે ખેદ પામે છે તે પ્રાણી જ્ઞાની–જાણકાર કહેવાયછે."૧૯

ઉપજાતિ.

## પોતાના શત્રુ મિત્ર–સ્વપર ઓળખવાનો ઉપદેશ.

**न वेत्सि शत्रून् सुहृदश्च नैव,**
**हिताहिते स्वं न परं च जंतोः ।**
**दुःखं द्विषन् वांछसि शर्म चैत-**
**न्निदानमूढः कथमाप्स्यसीष्टम्॥२०**

" હે આત્મન્ ! તું તારા શત્રુ અને મિત્રને ઓળખતો નથી. તારૂં હિત કરનાર અને અહિત કરનાર શું છે તે જાણતો નથી, અને તારૂં પોતાનું અને પારકુ શું છે? તે જાણતો નથી; (વળી) તું દુઃખ પર દ્વેષ કરે છે અને સુખ મેળવવાને ઇચ્છે છે, પણ તેનાં કારણો નહિ જાણતો હોવાથી તું તે ઈચ્છિત વસ્તુ કેવી રીતે મેળવીશ ?" ૨૦

ઉપેંદ્રવજ્રાવૃત્ત.

વસ્તુ ગ્રહણ કરવા પહેલાં વિચાર કરવાની જરૂર.

कृती हि सर्वं परिणामरम्यं,
विचार्य गृह्णाति चिरस्थितीह ।
भवान्तरेऽनन्तसुखाप्तये त-
दात्मन् किमाचारमिमं जहासि॥२१

"આ લોકમાં જે ડાહ્યા માણસ હોય છે તે વિચાર કરીને એવી વસ્તુ ગ્રહણ કરે છે કે જે લાંબો વખત સુધી ચાલે તેવી અને પરિણામે સુંદર હોય. ત્યારે હે ચેતન ! આ ભવ પછી અનંત સુખ મેળવવા માટે આ ધાર્મિક આચારને તું કેમ તજી દે છે ?" ૨૧.

ઉપજાતિ.

રાગદ્વેષના કરેલા વિભાગ પર વિચારણા.

निजः परो वेति कृतो विभागो,
रागादिभिस्ते त्वरयस्तवात्मन् ।

चतुर्गतिक्लेशविधानतस्तत्।
प्रमाणयन्नस्यरिनिर्मितं किम् ॥२२॥

" હે ચેતન ! તારૂં પોતાનું અને પારકું એવો વિભાગ રાગદ્વેષે કરેલો છે; ચારે ગતિમાં તને અનેક પ્રકારનો કલેશ કરાવતા હોવાથી રાગદ્વેષ તો તારા શત્રુઓ છે–ત્યારે શત્રુઓએ કરેલો વિભાગ તું તેમ કબુલ કરે છે ? " ૨૨

ઉપજાતિ.

આત્મા અને બીજી વસ્તુઓના સંબંધ પર વિચારણા.

अनादिरात्मा न निजः परो वा,
कस्यापि कश्चिन्न रिपुः सुहृद्वा ।
स्थिरा न देहाकृतयोऽणवश्च,
तथापि साम्यं किमुपैषि नैषु ॥२३॥

" આત્મા અનાદિ છે, કોઇને કોઇ પોતાનું નથી અને કોઇ પારકું નથી; કોઇ શત્રુ નથી અને કોઈ મિત્ર નથી; દેહની આકૃતિ અને ( તેમાં રહેલા ) પરમાણુઓ સ્થિર નથી તો પણ તેમાં તું સમતા કેમ રાખતો નથી ? "

૨૩. ઉપજાતિ.

હવે માતાપિતા વગેરેનો સંબંધ કેવોછે તે કહે છે.

यथा विदां लेप्यमया न तत्त्वात्,
सुखाय मातापितृपुत्रदाराः ।
तथा परेऽपीह विशीर्णतत्त्व-
दाकारमेतद्धि समं समग्रम् ॥२४॥

" જેવી રીતે ચિત્રમાં આલેખેલાં માતા, પિતા, પુત્ર અને સ્ત્રી વાસ્તવિક રીતે સમજુ

પ્રાણીને સુખ આપતાં નથી તેવીજ રીતે આ સંસારમાં રહેલાં પ્રત્યક્ષ માતા પિતાદિક પણ સુખ આપતાં નથી. તે બન્નેનો આકાર નાશ પામતાં તે બંને સરખાંજ છે." ૨૪ ઉપજાતિ.

### સમતાને ઓળખનારાની સંખ્યા.

जानन्ति कामान्निखलाः ससंज्ञाः,
अर्थं नराः केऽपि च केऽपि धर्मम् ।
जैनं च केचिद् गुरुदेवशुद्धं,
केचित् शिवं केऽपि च केऽपि साम्यम्

" સર્વ સંજ્ઞાવાળા પ્રાણીઓ 'કામ' ને જાણે છે, તેમાંથી કેટલાક અર્થ ( ધનપ્રાપ્તિ ) ને જાણે છે, અને તેમાં પણ કેટલાકજ ધર્મને જાણે છે; તેમાંથી કેટલાકજ જૈન ધર્મને જાણે છે; અને તેમાંથી બહુ થોડા શુદ્ધદેવગુરૂયુક્ત

જૈન ધર્મને જાણે છે; તેમાં પણ બહુ થોડા પ્રાણી મોક્ષને ઓળખે છે અને તેથી પણ બહુ થોડા પ્રાણીઓ સમતાને ઓળખે છે."

૨૫ ઈંદ્રવજ્રા.

સગા સંબંધીઓનો સ્નેહ સ્વાર્થી છે; તેથી પોતાના સ્વાર્થ સાધનમાં રક્ત રહેવું એ સમતાનું ચોથું સાધન.

**स्निह्यन्ति तावद्धि निजा निजेषु,**
**पश्यन्ति यावन्निजमर्थमेभ्यः ।**
**इमां भवेऽत्रापि समीक्ष्य रीतिं,**
**स्वार्थे न कः प्रेत्यहिते यतेत ॥२६॥**

" સગા સંબંધીઓ જ્યાં સુધી પોતાના સગાઓમાં કાંઇ પણ પોતાનો સ્વાર્થ જુવે છે ત્યાં સુધીજ તેના પર સ્નેહ રાખે છે;

આ ભવમાં પણ આવા પ્રકારની રીત જોઇને પરભવમાં હિતકારી પોતાના સ્વાર્થ માટે કોણ યત્ન ન કરે ? " ૨૬ ઉપજાતિ.

પૌદ્‌ગલિક પદાર્થોની અસ્થિરતા-સ્વપ્ન દર્શન.

**स्वप्नेंद्रजालादिषु यद्वदाप्तै-**
**रोषश्च तोषश्च मुधा पदार्थैः ।**
**तथा भवेऽस्मिन् विषयैः समस्तै-**
**रेवं विभाव्यात्मलयेऽवधेहि ॥२७॥**

" જેવી રીતે સ્વપ્ન અથવા ઇંદ્રજાળ વિગેરેમાં પ્રાપ્ત થએલા પદાર્થોપર રોષ કરવો કે તોષ કરવો તે તદ્દન નકામો છે તેવી રીતે આ ભવમાં પ્રાપ્ત થએલા પદાર્થો ઉપર પણ (રોષ કરવો કે તોષ કરવો તે નકામો છે). આવી

રીતે વિચાર કરીને આત્મસમાધિમાં તત્પરથા."

ઉપજાતિ.

મરણ પર વિચાર. મમત્વનું વાસ્તવ સ્વરૂપ.

एष मे जनयिता जननीयं,
बंधवः पुनरिमे स्वजनाश्च ।
द्रव्यमेतदिति जातममत्वो,
नैव पश्यसि कृतांतवशत्वम् ॥२८॥

"આ મારા પિતા છે, આ મારી માતા છે, આ મારા ભાઇઓ છે, વળી આ મારા સગા સ્નેહિઓ છે, આ મારૂં ધન છે, એ પ્રમાણે તને મમત્વ થયો છે અને તેથી તારૂં યમને વશપણું છે, તે તો તું જોતોજ નથી." ૨૮.

સ્વાગતા.

## વિષયપર મોહ-તેનું ખરૂં સ્વરૂપ-સમતા આદરવાનો ઉપદેશ.

नो धनैः परिजनैः स्वजनैर्वा,
देवतैः परिचितैरपि मंत्रैः ।
रक्ष्यतेऽत्र खलु कोऽपि कृतांता-
न्नो विभावयसि मूढ किमेव ॥२९॥
तैर्भवेऽपि यदहो सुखमिच्छं-
स्तस्य साधनतया प्रतिभातैः ।
मुह्यसि प्रतिकलं विषयेषु,
प्रीतीमेषी न तु साम्यसतत्त्वे ॥३०॥

“ધન, સગાવહાલાઓ, નોકરચાકરો, દેવતાઓ અથવા પરિચિત મંત્રો, કોઈ પણ

યમ (મરણ)થી અહીં રક્ષણ કરતું નથી. હે અલ્પજ્ઞ પ્રાણી! તું આ પ્રમાણે વિચાર કેમ નથી કરતો? સુખ મેળવવાનાં સાધન તરીકે દેખાતા તેઓ (ધન, સગા, નોકર વિગેરે) વડે સંસારમાં સુખ મેળવવા ઇચ્છતા હે ભાઈ! તું પ્રત્યેક ક્ષણે વિષયોમાં મુંઝાઇ જાય છે, પણ શમતારૂપ ખરા રહસ્યમાં પ્રીતી પામતો નથી." ૨૯-૩૦ સ્વાગતાવૃત્તં.

કષાયનું ખરૂં સ્વરૂપ-તેના ત્યાગનો ઉપદેશ.

**किं कषायकलुषं कुरुषे स्वं,**
**केषु चिन्ननु मनोऽरिधियात्मन्।**
**तेऽपि ते हि जनकादिकरूपै-**
**रिष्टतां दधुरनंतभवेषु ॥३१॥**

"હે આત્મન્! કેટલાક પ્રાણીઓ ઉપર

શત્રુ બુદ્ધિ રાખીને તું તારાં મનને શા સારૂં કષાયથી મલીન કરે છે ? ( કારણ કે ) તેઓ માતપિતા વિગેરે રૂપોમાં તારી પ્રીતી અનંતા ભવોમાં પામ્યા છે. ” ૩૧. સ્વાગતા.

શોકનું ખરૂં સ્વરૂપ–તે ત્યાગ કરવાનો ઉપદેશ.

**याश्च शोचसि गताः किमिमे मे,**
**स्नेहला इति धिया विधुरात्मा ।**
**तैर्भवेषु निहतस्त्वमनंते-**
**ष्वेव तेपि निहता भवता च ॥३२॥**

“ શું આ મારા સ્નેહિઓ (મરી) ગયા ! આ પ્રમાણે બુદ્ધિથી વ્યાકુળ થઇને જેઓને માટે તું શોક કરે છે તેઓ વડેજ તું અનંત ભવોમાં હણાએલો છે અને તેઓ પણ તારા વડે હણાયા છે. ” ૩૨. સ્વાગતા.

મોહ ત્યાગ–સમતામાં પ્રવેશ.

त्रातुं न शक्या भवदुःखतो ये,
त्वया न ये त्वामपि पातुमीशाः ।
ममत्वमेतेषु दधन्मुधात्मन्,
पदे पदे किं शुचमेषि मूढ ॥३३॥

"જે સ્નેહિઓને ભવદુઃખથી બચાવવાને તું શક્તિવાન્ નથી અને જેઓ તને બચાવવાને શક્તિવાળા નથી તેઓ ઉપર ખોટો મમત્વ રાખીને હે મૂઢ આત્મન્! તું પગલે પગલે શા સારૂં શોક પામે છે?" ૩૩.

ઉપજાતિ.

સમતાદ્વારનો ઉપસંહાર રાગદ્વેષ ત્યાગનો ઉપદેશ.

सचेतनाः पुद्गलपिंडजीवा,
अर्थाः परे चाणुमया द्वयेपि ।

दधत्यनंतान् परिणामभावा-
स्तत्तेषु कस्त्वर्हति रागरोषौ ॥३४॥

"પુદ્ગળ પિંડને અધિષ્ઠિત જીવો સચેતન પદાર્થો છે અને પરમાણુમય અર્થ (પૈસા) વિગેરે અચેતન પદાર્થો છે આ બન્ને જાતિના પદાર્થો અનેક પ્રકારના પર્યાયભાવ પલટન ભાવ પામ્યા કરે છે, તેથી તેના ઉપર રાગ-દ્વેષ કરવાને કોણુ લાયક ગણાય?" ૩૪.

ઉપજાતિ.

# અથ દ્વિતિયસ્ત્રીમમત્વમોચનાધિકાર.

## પુરૂષને ગળે બાંધેલી શિલા.

मुह्यसि प्रणयचारुगिरासु,
प्रीतितः प्रणयिनीषु कृतिंस्त्वम् ।
किं न वेत्सि पततां भववार्द्धौ,
ता नृणां खलु शिला गलबद्धाः ॥१॥

"હે વિદ્વન્! જે સ્ત્રીઓની વાણી સ્નેહથી તને મધુર લાગે છે તેના ઉપર પ્રીતીથી તું મોહ પામે છે, પણ ભવ સમુદ્રમાં પડતાં પ્રાણીઓને તઓ ગળે બાંધેલા પત્થર (જેવી) છે એમ શું જાણતો નથી?" ૧.

સ્વાગતાવૃત્ત.

## સ્ત્રીઓમાં રહેલી અરમણીયતા.

**चर्मास्थिमज्जान्त्रवसास्रमांस-**
**मेध्याद्यशुच्यस्थिरपुद्गलानाम् ।**
**स्त्रीदेहपिंडाकृतिसंस्थितेषु,**
**स्कंधेषु किं पश्यसि रम्यमात्मन् ॥२॥**

"સ્ત્રીના શરીર પિંડની આકૃતિમાં રહેલા ચામડી, હાડકા, ચરબી, આંતરડાં, મેદ, લોહી (રૂધિર) માંસ, વિષ્ટા વિગેરે અપવિત્ર અને અસ્થિર પુદ્ગલોના સમૂહમાં હે આત્મન્! તું સુંદર શું જુએ છે?" ૨ ઇંદ્રવજા.

વિશેષ વિવેચન બીજી અને ત્રીજી ગાથાનું સાથે છે.

અપવિત્ર પદાર્થોની દુર્ગંધી. સ્ત્રીશરીરનો સંબંધ.

विलोक्य दूरस्थममेध्यमल्पं,
जुगुप्ससे मोटितनासिकस्त्वं ।
नृतेषु तेनैव विमूढ योषा-
वपुःषु तत्किं कुरुषेऽभिलाषम् ॥३॥

"હે મૂર્ખ ! દૂર રહેલી જરા પણ દુર્ગંધી વસ્તુ જોઇને તું નાક મરડીને દુગંછા કરે છે; ત્યારે તેવીજ દુર્ગંધોથી ભરેલાં સ્ત્રીઓનાં શરીરની તું કેમ અભિલાષા કરે છે ? ૩.

ઇંદ્રવજ્રા.

સ્ત્રીમોહથી આ ભવમાં પરભવમાં થતાં ફળોનું દર્શન.

अमेध्यमांसास्त्रवसात्मकानि,
नारीशरीराणि निषेवमाणाः ।

इहाप्यपत्यद्रविणादिचिंता-

तापान् परत्र प्राति दुर्गतीश्च ॥४॥

" વિષ્ટા, માંસ, રૂધિર અને ચરબી વિગેરેથી ભરેલાં સ્ત્રીઓનાં શરીરને સેવનારા પ્રાણીઓ આ ભવમાં પણ પુત્ર અને પૈસા વિગેરેની ચીંતાનો તાપ પામે છે અને પરભવે દુર્ગતિમાં જાય છે. " ૪ ઉપજાતિ.

સ્ત્રી શરીરમાં શું છે? તે વિચારવાની જરૂર.

अंगेषु येषु परिमुह्यसि कामिनींनां,

चेतः प्रसीद विश च क्षणमंतरेषां ।

सम्यक् समीक्ष्य विरमाशुचिपिंडकेभ्य-

स्तेभ्यश्च शुच्यशुचिवस्तुविचारमिच्छत्

"હે ચિત્ત! તું સ્ત્રીઓનાં શરીર ઉપર મોહ પામે છે; પણ તું ( અસ્વસ્થતા મૂકીને) પ્રસન્ન થા, અને જે અંગો ઉપર મોહ પામે છે તે અંગોમાં પ્રવેશ કર. તું પવિત્ર અને અપવિત્ર વસ્તુના વિચાર (વિવેક) ની ઇચ્છા રાખે છે તેથી બરાબર સારી રીતે વિચાર કરીને તે અશુચિના ઢગલાથી વિરામ પામ." ૫

વસંતતિલકા.

ભવિષ્યની પિડાઓ વિચારીને મોહ ઓછો કરવો.

विमुह्यसि स्मेरदृशः सुमुख्या,
मुखेक्षणादीन्यभिवीक्षमाणः ।
समीक्षसे नो नरकेषु तेषु,
मोहोद्भवा भाविकदर्थनास्ताः ॥६॥

"વિકસિત નયનવાળી અને સુંદર મુખવાળી સ્ત્રીઓનાં નેત્ર, મુખ વિગેરે જોઈ તું મોહ પામે છે, પણ તેના મોહને લીધે ભવિષ્યમાં ઉત્પન્ન થનારી નરકની પીડાઓને કેમ જોતો નથી ?" ૬ ઉપજાતિ.

સ્ત્રીશરીર, સ્વભાવ અને ભોગફળનું સ્વરૂપ.

**अमेध्यभस्त्रा बहुरंध्रनिर्यन्-**
**मलाविलोद्यत्कृमिजालकीर्णा ।**
**चापल्यमायानृतवंचिका स्त्री,**
**संस्कारमोहान्नरकाय भुक्ता ॥७॥**

"વિષ્ટાથી ભરેલી ચામડાની કોથળી, બહુ છિદ્રોમાંથી નીકળતા મળ ( મુત્ર-વિષ્ટા ) થી મલીન ( યોનીમાં ) ઉત્પન્ન થતા કીડાઓથી

વ્યાસ, ચપળતા, માયા, અને અસત્ય (અથવા માયા મૃષાવાદ)થી ઠગનારી એવી સ્ત્રીઓ પૂર્વ સંસ્કારના મોહથી નરકમાં જવા સારૂંજ ભોગવાય છે. " ૭ ઉપજાતિ:

લલનામમત્વ મોચનદ્વારનો ઉપસંહાર
અને સ્ત્રીની હીન ઉપમેયતા.

निर्भूमिर्विषकंदली गतदरी व्याघ्रि
निराह्वो महाव्याधि-
र्मृत्युरकारणश्च ललनाऽनभ्रा
च वज्राशनिः ।
बंधुस्नेहविघातसाहस-
मृषावादादिसंतापभूः,

प्रत्यक्षापि च राक्षसीती बिरुदैः
ख्याताऽऽगमे त्यज्यताम् ॥ ८ ॥

"( સ્ત્રી ) ભૂમિ વગરની ( ઉત્પન્ન થએલી ) વિષની વેલડી છે, ગુફા વગરની વાઘણ છે, નામ વગરનો મોટો વ્યાધિ છે, કારણ વિનાનું મૃત્યુ છે, આકાશ વગરની વિજળી છે, સગા અથવા ભાઈઓના સ્નેહનો નાશ, શાહસ, મૃષાવાદ વિગેરે સંતાપોનું ઉત્પત્તિ સ્થાન છે અને પ્રત્યક્ષ રાક્ષસી છે,–આવાં આવાં ઉપનામો સ્ત્રીઓ માટે આગમમાં આપવામાં આવ્યાં છે, માટે તેને તજીદો." ૮

શાર્દૂલવિક્રીડિત.

# अथ तृतीयोऽपत्यममत्वमोचनाधिकारः

## પુત્રપુત્રી બંધન છે તેનું દર્શન.

मा भूरपत्यान्यवलोकमानो,
मुदाकुलो मोहनृपारिणा यत् ।
चिक्षिप्सया नारकचारकेऽसि,
दृढं निबद्धो निगडैरमीभिः ॥१॥

"તું પુત્ર પુત્રીને જોઈને હર્ષઘેલો થા મા, કારણ કે મોહ રાજા નામના તારા શત્રુએ તને નરકરૂપ બંદિખાને નાખવાની ઈચ્છાથી આ (પુત્રપુત્રી રૂપ) લોઢાની બેડી વડે તને મજબુત બાંધ્યો છે." ૧

ઉપજાતિ.

પુત્રપુત્રી શલ્યરૂપ છે તેનું દર્શન.

आजीवितं जीव भवान्तरेऽपि वा,
शल्यान्यपत्यानि न वेत्सि किं हृदि
चलाचलैर्ये विविधार्ति दानतो-
ऽनिशं निहन्येत समाधिरात्मनः २

"હે ચેતન! આ ભવમાં અને પરભવમાં પુત્રપુત્રી શલ્ય છે. એમ તું તારા મનમાં કેમ નથી જાણતો? તેઓ થોડી અથવા વિશેષ ઉમ્મર સુધી જીવીને તને અનેક પ્રકારની પીડા કરી તારી આત્મસમાધિનો નાશ કરે છે."

ઉપજાતિ.

આક્ષેપદ્વારા પુત્રમમત્વ ત્યાગનો ઉપદેશ.

कुक्षौ युवत्याः कृमयो विचित्रा,

अप्यस्त्रशुक्रप्रभवा भवन्ति ।
न तेषु तस्या न हि तत्पतेश्च,
रागस्ततोऽयं किमपत्यकेषु ॥ ३ ॥

"પુરૂષનું વીર્ય અને સ્ત્રીનું રકત–તે બંન્નેના સંયોગથી સ્ત્રીની યોનિમાં વિચિત્ર પ્રકારના કીડાઓ ઉત્પન્ન થાય છે; તેના ઉપર સ્ત્રીનો કે તેના પતિનો રાગ થતો નથી, ત્યારે પુત્રો ઉપર શા સારૂ રાગ થાય છે.?" ૩

ઉપજાતિ.

અપત્યપર સ્નેહબદ્ધ ન થવાનાં ત્રણકારણો.

त्राणाशक्तेरापदि
संबंधानंत्यतो मिथोऽगवताम् ।

संदेहाच्चोपकृते-
र्मापत्येषु स्निहो जीव ॥ ४ ॥

" આપત્તિમાં પાલન કરવાની અશક્તિ હોવાથી, પ્રાણીઓને દરેક પ્રકારનો પરસ્પર સંબંધ અનંત વખત થએલો હોવાથી અને ઉપકારનો બદલો વાળવાનો સંદેહ હોંવાથી હે જીવ ! તું પુત્ર પુત્રાદિપર સ્નેહવાળો થા મા." ૪

આર્યા.

# अथ चतुर्थो धनममत्वमोचनाधिकारः

## પૈસા પાપના હેતુભૂત છે.

याः सुखोपकृतिकृत्वधिया त्वं,
मेलयन्नासि रमा ममताभाक् ।
पाप्मनोऽधिकरणत्वत एता,
हेतवो ददति संसृतिपातम् ॥ १ ॥

"લક્ષ્મીની લાલચમાં લેવાએલો તું (સ્વ) સુખ અને ઉપકારની બુદ્ધિથી જે લક્ષ્મી મેળવે છે તે અધિકરણ હોવાથી પાપનીજ હેતુભૂત છે અને સંસાર ભ્રમણને આપનારી છે." ૧

સ્વાગતાવૃત્ત.

ધન ઐહિક અને આમુષ્મિક દુઃખ કરનાર છે.

यानि द्विषामप्युपकारकाणि,
सर्पोन्दुरादिष्वपि यैर्गतिश्च ।
शक्या च नापन्मरणामयाद्या,
हन्तुं धनेष्वेषु क एव मोहः ॥२॥

"જે પૈસા શત્રુને પણ ઉપકાર કરનારા થઇ પડે છે, જે પૈસાથી સર્પ ઉંદર વિગેરેમાં ગતિ થાય છે, જે પૈસા મરણ રોગ વિગેરે કોઈ પણ આપત્તિઓ દૂર કરવાને શક્તિવાન નથી તેવા પૈસા ઉપર મોહ શો? ૨ ઇંદ્રવજ્રા.

ધનથી સુખ કરતાં દુઃખ વધારે છે.

ममत्वमात्रेण मनःप्रसाद-
सुखं धनैरल्पकमल्पकालम् ।

आरंभपापैः सुचिरं तु दुःखं,
स्याद्दुर्गतौ दारुणमित्यवेहि ॥३॥

"આ પૈસા મારા છે એવા વિચારથી મન પ્રસાદરૂપ થોડું અને થોડા વખતનું સુખ પૈસાથી થાય છે. પણ આરંભના પાપથી દુર્ગતિમાં લાંબા વખત સુધી ભયંકર દુઃખ થાય છે; આ પ્રમાણે તું જાણ." ૩

ઉપજાતિ.

ધર્મ નિમિત્તે ધન મેળવવું યુક્ત છે?

द्रव्यस्तवात्मा धनसाधनो न,
धर्मोऽपि सारंभतयातिशुद्धः ।
निःसंगतात्मा त्वतिशुद्धयोगात्,
मुक्तिश्रियं यच्छति तद्भवे पि॥४॥

"ધનના સાધનથી દ્રવ્યસ્તવ સ્વરૂપવાળો ધર્મ સાધી શકાય છે, પણ તે આરંભ યુક્ત હોવાથી અતિશુદ્ધ નથી; જ્યારે નિસંગતા સ્વરૂપવાળો ધર્મ અતિશુદ્ધ છે અને તેથી તેજ ભવમાં પણ મોક્ષ લક્ષ્મી આપે છે." ૪

ઇંદ્રવજ્રા.

મળેલ ધનનો વ્યય ક્યાં કરવો ?

क्षेत्रवास्तुधनधान्यगवाश्वै-
र्मेलितैः सनिधिभिस्तनुभाजाम् ।
क्लेशपापनरकाभ्यधिकः
स्यात्को गुणो न यदि धर्मनियोगः ५

"મળેલાં અથવા મેળવેલાં ક્ષેત્ર, વસ્તુઓ (ઘર વિગેરે), ધન, ધાન્ય, ગાય, ઘોડા, અને

ખાંઅશેનો ઉપયોગ જો ધર્મ નિમિત્તે ન થાય તો તેથી ક્લેશ (દુઃખ), પાપ અને નરકથી બીજો શો વધારે ગુણ થાય ?” ૫ સ્વાગતાવૃત્તં.

ધનથી થતિ અનેક પ્રકારની હાનિ, તેને તજી દેવાનો ઉપદેશ.

आरंभैर्भरितो निमज्जति यतः
प्राणी भवांभोनिधा-
वीहंते कुनृपादयश्च पुरुषा
येन च्छलाद्बाधितुम् ।
चिंताव्याकुलताकृतेश्च हरते
यो धर्मकर्मस्मृतिं,
विज्ञा ! भूरिपरिग्रहं त्यजत तं
भोग्यं परैः प्रायशः ॥ ६ ॥

આરંભના પાપથી ભારે થયેલો પ્રાણી જે ધનને લીધે સંસાર સમુદ્રમાં ડુબે છે, જે ધનના પરિગ્રહથી રાજા વિગેરે પુરૂષો છિદ્ર જોઇને દુઃખ દેવાને ઇચ્છે છે, અનેક ચીંતામાં આકુળ વ્યાકુળ રાખીને જે પૈસા ધર્મ કાર્ય કરવાનું તો યાદ આવવા દેતાજ નથી, અને ઘણે ભાગે જે પારકાનાજ ઉપભોગમાં આવે તેવા એ પૈસાના મોટા સંગ્રહને પંડિતો! તમે તજી દો." ૬ શાર્દૂલવિક્રીડિત.

સાત ક્ષેત્રમાં ધન વાપરવાનો ઉપદેશ.

क्षेत्रेषु नो वपसि यत्सदपि स्वमेत-
द्यातासि तत्परभवे किमिदं गृहीत्वा।
तस्यार्जनादिजनिताघचयार्जितात्ते,
भावी कथं नरकदुःखभराच्च मोक्षः७

તારી પાસે દ્રવ્ય છે છતાં પણ તું (સાત) ક્ષેત્રમાં વાપરતો નથી, ત્યારે શું પરભવે ધનને તારી સાથે લઇ જવાનો છે? વિચાર કર કે પૈંસા મેળવવા વિગેરેથી થયેલા પાપ સમુહથી મેળવેલાં નારકીનાં દુઃખોથી તારો મોક્ષ ( છુટકારો ) કેમ થશે? ૭

વસંતતિલકા

# अथ पंचमो देहममत्वमोचनाधिकारः।

## શરીરને પાપથી પોષવું નહિ.

पुष्णासि यं देहमधान्यचिंतयं-
स्तवोपकारं कमयं विधास्यति ।
कार्माणि कुर्वन्निति चिंतयायतिं,
जगत्ययं वंचयते हि धूर्त्तराट् ॥१॥

"પાપને અણુવિચરતો જે શરીરને તું પોષે છે તે શરીર તારા ઉપર શું ઉપકાર કરશે? (તેથી તે શરીર માટે હિંસાદીક) કર્મો કરતાં આવતા કાળનો વિચાર કર. આ શરીરરૂપ ધૂતારો પ્રાણીને દુનિયામાં છેતરે છે." ૧ વંશસ્થ.

## સરીર કારાગૃહમાંથી છુટવાનો ઉપદેશ.

कारागृहाद्बहुविधाशुचितादिदुःखा-
न्निर्गंतुमिच्छति जडोऽपि हि तद्विभिद्य।
क्षिप्तस्ततोऽधिकतरे वपुषि स्वकर्म-
व्रातेन तद्दृढयितुं यतसे किमात्मन् २

" મૂર્ખ પ્રાણી હોય છે તે પણ અનેક અશુચિ વિગેરે દુઃખોથી ભરેલાં બંદીખાનાને ભાંગીને બહાર નીકળી જવા ઇચ્છા રાખે છે. તારાં પોતાનાં કર્મો વડેજ તેથી પણ વધારે આકરા શરીર બંદીખાનામાં તું નંખાયો છે છતાં તે બંદીખાનાને વધારે મજબુત કરવા શા સારૂ યત્ન કરે છે? " ૨ વસંતતિલકા.

શરીર સાધનથી કરવા યોગ્ય કર્તવ્ય પ્રેરણા.

**चेद्रक्षितुं यदिदमिच्छसि परलोकदुःख-**
**भीत्या ततो न कुरुषे किमु पुण्यमेव।**
**शक्यं न रक्षितुमिदं हि न दुःखभीतिः।**
**पुण्यं विना क्षयमुपैति च वज्रिणोऽपि॥**

"જો તું તારા શરીરને પરલોકમાં થનારા દુઃખના ભયથી બચાવવા ઈચ્છતો હોય તો પુણ્ય શા માટે કરતો નથી? આ શરીર (કોઇ વડે પણ) પોષી શકાય તેવું નથી; ઇંદ્ર જેવાને પણ પુણ્ય વગર દુઃખની બીક નાશ પામતી નથી." ૩ વસંતતિલકા.

## દેહાશ્રિતપણાથી દુઃખ, નિરાલંબનત્વમાં સુખ.

**देहे विमुह्य कुरुषे किमघं न वेत्सि,**
**देहस्थ एव भजसे भवदुःखजालम्।**
**लोहाश्रितो हि सहते घनघातमग्नि-**
**र्बाधा न तेऽस्य च नभोवदनाश्रयत्वे॥**

"શરીર ઉપર મોહ કરીને તું પાપ કરે છે, પણ તને ખબર નથી કે સંસાર સમુદ્રમાં દુઃખો ખમવાં પડે છે, તે શરીરમાં રહ્યો છે તેથીજ પામે છે. અગ્નિ લોઢાંમાં રહ્યો હોય છે ત્યાં સુધીજ હથોડાના (ઘણના) પ્રહારો (ઘા) ખમે છે. તેથી જયારે તું આકાશની પેઠે

આશ્રય રહિતપણું અંગીકાર કરીશ ત્યારે તને અને અગ્નિને કાંઇ પણ પીડા નહિ થાય." ૪

વસંતતિલકા.

જીવ અને સૂરિ વચ્ચે થએલી વાતચીત.

दुष्टः कर्मविपाकभूपतिवशः
कायाह्वयः कर्मकृत्,
बद्ध्वा कर्मगुणैर्हृषिकचषकैः
पीतप्रमादासवम् ।
कृत्वा नारकचारकापदुचितं
त्वां प्राप्य चाशु च्छलं,
गंन्तेति स्वहिताय संयमभरं
तं वाहयाल्पं ददत् ॥५॥

" શરીર નામનો નોકર કર્મવિપાક રાજાનો દુષ્ટ સેવક છે, તે તને કર્મ રૂપી દોરડાએ બાંધીને ઇંદ્રિયો રૂપી દારૂ પાવાનાં પાત્રો વડે તને પ્રમાદ રૂપ મદિરા પાશે. આવી રીતે તને નારકીનાં દુઃખ ખમવાને યોગ્ય કરીને પછી કાંઈ બ્હાનું લઇને તે સેવક નાસી જશે; માટે તારાં પોતાનાં હિતને માટે તે શરીરને જરા જરા આપીને સંયમના ભારને તું સહન કર." ૫ શાર્દૂલવિક્રીડિત.

**શરીરની અશુચિ, સ્વહિત ગ્રહણ.**

**यतः शुचीन्यप्यशुचीभवन्ति ।**
**कृम्याकुलात्काकशुनादिभक्ष्यात् ।**
**द्राग्भाविनो भस्मतया ततोऽगात्,**
**मांसादिपिंडात् स्वहितं गृहाण ॥६॥**

" જે શરીરના સંબંધથી પવિત્ર વસ્તુઓ પણ અપવિત્ર થઈ જાય છે, જે કૃમિથી ભરેલું છે, જે કાગડા કુતરાને ભક્ષણ કરવાને યોગ્ય છે, જે થોડા વખતમાં રાખ થઇ જવાનું છે અને જે માંસનોજ પિંડ છે તે શરીરથી તું તો તારૂં પોતાનું હિત કર." ઉપજાતિ.

શરીર ઘરને ભાડું અને તેનો ઉપયોગ.

**परोपकारोस्ति तपो जपो वा,**
**विनश्वराद्यस्य फलं न देहात् ।**
**सभाटकादल्पदिनाप्तगेह-**
**मृत्पिंडमूढः फलमश्नुते किम् ॥७॥**

" જે નાશવંત શરીરથી પરોપકાર, તપ, જપ, રૂપ ફળ થતાં નથી તે શરીરવાળો

પ્રાણી થોડા દિવસને માટે ભાડે રાખેલા ઘર રૂપ માટીના પિંડ પર મોહ પામીને શું ફળ પામે ? ”

ઉપજાતિ.

શરીરથી કરી કાશતું આત્મહિત.

मृत्पिण्डरूपेण विनश्वरेण,
जुगुप्सनीयेन गदालयेन ।
देहेन चेदात्महितं सुसाधं,
धर्मान्न किं तद्यतसेऽत्र मूढ! ॥८॥

“ માટીના પિંડરૂપ, નાશવંત, દુર્ગંધી અને રોગના ઘર એવા આ શરીર વડે જ્યારે ધર્મ કરીને તારૂં પોતાનું હિત સારી રીતે સાધી શકાય તેમ છે ત્યારે હે મૂઢ ! તેમાં યત્ન કેમ કરતો નથી ? ” ૮

# अथ षष्ठो विषयप्रमादत्यागाधिकारः

## વિષય સેવનથી થતા સુખ–દુઃખની સરખામણી.

अत्यल्पकल्पितसुखाय किमिंद्रियार्थै-
स्त्वं मुह्यसि प्रतिपदं प्रचुरप्रमादः।
एते क्षिपन्ति गहने भवभीमकक्षे,
जंतून्न यत्र सुलभा शिवमार्गदृष्टिः१

" ઘણા જ થોડા અને તે પણ માની લીધેલાં ( કલ્પિત ) સુખ માટે તું પ્રમાદવાન્ થઈને વારંવાર ઇંદ્રિયોના વિષયમાં શા માટે મોહ પામે છે ? એ વિષયો પ્રાણીને સંસાર

રૂપ ભયંકર અટવીવનમાં ફેંકી દે છે, જ્યાંથી મોક્ષ માર્ગનું દર્શન પણ આ જીવને સુલભ નથી." ૧

વસંતતિલકા.

### પરિણામે હાનીકારક વિષયો.

**आपातरम्ये परिणामदुःखे,**
**सुखे कथं वैषयिके रतोऽसि ।**
**जडोऽपि कार्यं रचयन् हितार्थी,**
**करोति विद्वन् यदुदर्कतर्कम् ॥२॥**

" ભોગવતી વખતે માત્ર સુંદર લાગતા પણ પરીણામે દુઃખ દેનારા વિષયસુખમાં તું કેમ આસક્ત થયો છે? હે નિપુણ! પોતાનું હિત ઇચ્છનાર મૂર્ખ પ્રાકૃત માણસ પણ કાર્યના પરીણામનો તો વિચાર કરે છે." ૨

ઉપજાતિ.

## મોક્ષ સુખ અને સંસાર સુખ.

यदिंद्रियार्थैरिह शर्म बिंदव-
व्यदर्णवत्स्वःशिवगं परत्र च ।
तयोर्मिथोऽस्ति प्रतिपक्षता कृतिन्,
विशेषदृष्ट्यान्यतरद् गृहाण तत्॥३॥

"ઇંદ્રિયોથી આ સંસારમાં જે સુખ થાય છે તે બીંદુ જેટલું છે અને પરલોકમાં (તેના ત્યાગથી) સ્વર્ગ અને મોક્ષનું સુખ થાય છે તે સમુદ્ર જેટલું છે; આ બન્ને પ્રકારનાં સુખોને પરસ્પર શત્રુતા છે. તેટલા માટે હે ભાઇ! વિચાર કરીને તે બેમાંથી એકને ખાસ ગ્રહણ કર." ૩. વંશસ્થ.

દુઃખ થવાનાં કારણોનો નિશ્ચય કર.

मुंक्ते कथं नारकतिर्यगादि-
दुःखानि देहीत्यवधेहि शास्त्रैः ।
निवर्तते ते विषयेषु तृष्णा,
बिभेषि पापप्रचयाच्च येन ॥४॥

"આ જીવ નારકી તિર્યંચ વિગેરેનાં દુઃખો શા માટે પામે છે તે શાસ્ત્ર વડે જાણ, તેથી કરીને વિષય ઉપર તૃષ્ણા ઓછી થશે. અને પાપ એકઠું થવાની બીક લાગશે." ૪

ઉપજાતિ.

સદ્દહણુ નિશ્ચય પર વિચારણા.

गर्भवासनरकादिवेदनाः,
पश्यतोऽनवरतं श्रुतेक्षणैः ।

नो कषायविषयेषु मानसं,

श्लिष्यते बुध विचिंतयेति ताः॥५॥

" જ્ઞાન ચક્ષુથી ગર્ભાવાસ નારકી વિગેરેની વેદનાઓ વારંવાર જોવા પછી તારૂં મન વિષય કષાય ઉપર ચોંટશે નહિ; માટે હે પંડીત ! તેનો તું બરાબર વિચાર કર." ૫

રથોદ્ધતા.

મરણ ભય પ્રમાદ ત્યાગ.

वध्यस्य चौरस्य यथा पशोर्वा,

संप्राप्यमाणस्य पदं वधस्य ।

शनैः शनैरेति मृतिः समीपं,

तथाखिलस्येति कथं प्रमादः॥६॥

ફાંસીની સજા થયેલ ચોરને અથવા વધ કરવાને સ્થાનકે લઇ જવાતા પશુને મૃત્યુ ધીમે

ધીમે નજીક આવતું જાય છે, તેવીજ રીતે સર્વને મૃત્યુ નજીક આવતું જાય છે, ત્યારે પછી પ્રમાદ કેવી રીતે થાય ?" ઉપજાતિ.

સુખ માટે સેવાતા વિષયોમાં દુઃખો.

**बिभेषि जंतो ! यदि दुःखराशे-**
**स्तदिंद्रियार्थेषु रतिं कृथा मा ।**
**तदुद्भवं नश्यति शर्म यद्राक्,**
**नाशे च तस्य ध्रुवमेव दुःखम् ॥७॥**

"હે પ્રાણી ! જો તું દુઃખોથી બ્હીક રાખતો હોય તો ઇંદ્રિયોના વિષયોમાં આસક્તિ કર નહિ. તે (વિષયો) થી ઉત્પન્ન થયેલું સુખ તો તુરત નાશ પામે છે અને તે નાશ પામે ત્યારે તો પછી લાંબા વખતનું દુઃખ જ છે." ૭

ઉપજાતિ.

ॐ

તુ શા ઉપરથી વિષયોમાં રાચે છે ?

मृताः किमु प्रेतपतिर्दुरामया,
मताः क्षयं किं नरकाश्च मुद्रिताः ।
ध्रुवाः किमायुर्धनदेहबंधवः,
सकौतुको यद्विषयैर्विमुह्यसि ॥८॥

"શું જમ (યમ) મરી ગયો ? શું દુની-આમાંથી બધા વ્યાધિઓ નાશ પામી ગયા ? શું નારકીનાં બારણાં બંધ થયાં ? શું આયુષ્ય, પૈસા, શરીર અને સગાં સંબંધીઓ હંમેશાં બેસી રહેવા ઠર્યાં ? કે તું આશ્ચર્ય–હર્ષ સહિત વિષયોમાં વિશેષે મોહ પામે છે ?" ૮

ઉપસંહાર.

## વિષય પ્રમાદ ત્યાગ કરવાથી સુખ.

विमोह्यसे किं विषयप्रमादै-
र्भ्रमात्सुखस्यायतिदुःखराशेः ।
तद्गर्धमुक्तस्य हि यत्सुखं ते
गतोपमं चायतिमुक्तिदं तत् ॥९॥

" ભવિષ્યમાં જે અનેક દુઃખોનો રાશિ છે તેઓમાં સુખના ભ્રમથી તું વિષયપ્રમાદ-જન્ય બુદ્ધિથી કેમ મોહ પામી જાય છે? તે સુખોની અભિલાષાથી મૂકાયલા પ્રાણીને જે સુખ થાય છે તે નિરૂપમ છે અને વળી ભવિષ્યમાં તે મોક્ષ આપનારૂં છે." ૯

ઉપજાતિ.

# अथ सप्तमः कषायत्यागाधिकारः

---

## ક્રોધનું પરીણામ-તેનો નિગ્રહ કરવાની આવશ્યક્તા.

रे जीव सेहिथ सहिष्यसि च व्यथास्ता-
स्त्वं नारकादिषु पराभवभूः कषायैः।
मुग्धोदितैः कुवचनादिभिरप्यतः किं,
क्रोधान्निहंसि निजपुण्यधनं दुरापम्

" હે જીવ ! કષાય વડે પ્રરાભવનું સ્થાન
થઇને નારકીમાં તેં અનેક પીડાઓ સહન

કરી અને હજુ સહન કરીશ; તેથી મૂર્ખ મનુષ્યોએ દીધેલ ગાળ વગેરે ખરાબ વચનથી ક્રોધ પામી જઈને મહા મુશ્કેલીથી મળી શકે એવું પુણ્ય ધન તું કેમ નાશ પમાડે છે ?" ૧

વસંતતિલકા.

માન-અહંકાર ત્યાગ

पराभिभूतौ यदि मानमुक्ति-
स्ततस्तपोऽखंडमतः शिवं वा ।
मानाद्दतिदुर्वचनादिभिश्चे-
त्तपःक्षयस्तन्नरकादि दुःखम् ॥२॥
वैरादि चात्रेति विचार्य लाभा-
लाभौ कृतिन्नाभवसंभविन्याम् ।

**तपोऽथवा मानमवाभिभूता-**
**विहास्ति नूनं हि गतिर्द्विधैव ॥३॥**

**युग्मम्**

" બીજાતરફથી પરાભવ થાય ત્યારે જો માનનો ત્યાગ થાય તો તેથી અખંડ તપ થાય છે અને તેથી મોક્ષ થાય છે. બીજા તરફથી દુર્વચન સાંભળતાં જો માનનો આદર થાય તો તપનો ક્ષય થાય છે અને નારકી વિગેરેનાં દુ:ખો થાય છે. આ ભવમાં પણ માનથી વૈર વિરોધ થાય છે; તેટલા માટે હે પંડિત ! લાભ અને નુકશાનનો વિચાર કરીને આ સંસારમાં જ્યારે જ્યારે તારો પરાભવ થાય ત્યારે ત્યારે તપ અથવા માન (બેમાંથી એક) નું રક્ષણ કર. આ સંસારમાં આ બેજ રસ્તા છે ( માન કરવું અથવા તપ કરવો. )" ૨-૩ ઉપજાતિ.

ક્રોધ ત્યાગ કરનાર યોગીને મોક્ષ પ્રાપ્તિ.

**श्रुत्वाक्रोशान् यो मुदा पूरितः स्यात्,**
**लोष्टाद्यैर्यश्चाहतो रोमहर्षी ।**
**यः प्राणान्तेऽप्यन्यदोषं न पश्य**
**त्येष श्रेयो द्राग् लभेतैव योगी ॥४॥**

" જે આક્રોશ ( પરાભવ વચન; ઝાટકણી ) સાંભળીને ઉલટો આનંદથી ઉભરાઇ જાય છે, જેને પથ્થર વિગેરે વડે માર્યો હોય તો પણ જેનાં રોમરાય ઉલટાં વિકસ્વર થાય છે, જે પ્રાણાન્તે પણ પારકા અવગુણને દેખતો જ નથી, તે યોગી છે, અને તે તુરત જ મોક્ષ મેળવે છે." ૪ શાલિનિ.

કષાય નિગ્રહ.

**को गुणस्तव कदा च कषायै-**

निर्ममे भजसि नित्यमिमान् यत्।
किं न पश्यसि दोषममीषां,
तापमत्र नरकं च परत्र ॥५॥

" તને કષાયોએ કયો ગુણ કર્યો ! તે ગુણ ક્યારે કર્યો ! કે તું તેઓને હંમેશાં સેવે છે ? આ ભવમાં સંતોષ અને પરભવમાં નરક આપવા રૂપ તેઓના દોષો છે તે શું દેખતો નથી ? " ૫ સ્વાગતા.

કષાય સેવન અસેવનના ફળ પર વિચારણા.

यत्कषायजनितं तव सौख्यं,
यत्कषायपरिहानिभवं च ।
तद्विशेषमथवैतदुदर्कं,
संविभाव्य भज धीर विशिष्टम् ॥६॥

" કષાય સેવનથી તને જે સુખ થાય અને કષાયના ક્ષયથી તને જે સુખ થાય તેમાં વધારે સુખ કયું છે, અથવા તો કષાયનું ને તેના ત્યાગનું પરિણામ કેવું આવે છે તેનો વિચાર કરીને તે એમાંથી સારૂં હોય તે હે પંડિત! આદરી લે." ૬ સ્વાગતા વૃત્ત.

કષાય ત્યાગ–માન નિગ્રહ–બાહુબલિ.

सुखेन साध्या तपसां प्रवृत्ति-
र्यथातथानैव तु मानमुक्तिः ।
आद्या न दत्तेऽपि शिवं परा तु,
निदर्शनाद्बाहुबलेः प्रदत्ते ॥७॥

" જેવી રીતે તપસ્યામાં પ્રવૃત્તિ કરવી તે સુખે થઈ શકે તેમ છે તેવી રીતે માનનો

ત્યાગ કરવો તે સુખે થઇ શકે તેમ નથીજ. કેવળ તપસ્યામાં પ્રવૃત્તિ મોક્ષને આપી શકતી નથી, પણ માનનો ત્યાગ તો બાહુબલિના દૃષ્ટાંતની જેમ મોક્ષ જરૂર આપે છે.” ૭

ઉપજાતિ.

માન ત્યાગ–અપમાન સહન.

सम्यग्विचार्येति विहाय मानं,
रक्षन् दुरापाणि तपांसि यत्नात्।
मुदा मनीषी सहतेऽभिभूतीः,
शूरः क्षमायामपि नीचजाताः॥८॥

“ આ પ્રમાણે સારી રીતે વિચાર કરી માનનો ત્યાગ કરીને અને દુઃખે મળી શકે તેવાં તપોનું યત્નથી રક્ષણ કરીને ક્ષમા કરવામાં

શૂરવીર એવો પંડિત સાધુ નીચ પુરૂષોએ કરેલાં અપમાનો પણ ખુશીથી સહન કરે છે." ૮

ઉપજાતિ.

સંક્ષેપથી ક્રોધ નિગ્રહ.

पराभिभूत्याल्पिकयापि कुप्य-
स्यघैरपी मां प्रतिकर्तुमिच्छन् ।
न वेत्सि तिर्यङ्नरकादिकेषु,
तास्तैरनंतास्त्वतुला भवित्रीः ॥९॥

" સહજ પરાભવથી પણ તું કોપ કરે છે અને ગમે તેવાં પાપી કૃત્યોથી તેનું વૈર વાળવાને ઇચ્છે છે, પણ નારકી તિર્યંચ વગેરે ગતિઓમાં પારવગરની અતુલ પરકૃતપીડાઓ થવાની છે તેને તો તું જાણતો કે વિચારતો પણ નથી." ૯

ઉપજાતિ.

ષડ્રિપુપર ક્રોધ–ઉપસર્ગ કરનાર સાથે મૈત્રી

**धत्से कृतिन् ! यद्यपकारकेषु,**
**क्रोधं ततो धेह्यरिषट्क एव ।**
**अथोपकारिष्वपि तद्भवार्ति-**
**कृत्कर्महृन्मित्रबहिर्द्विषत्सु ॥१०॥**

"હે પંડિત! જો તારૂં અહિત કરનાર ઉપર તું ક્રોધ કરતો હો તો ષડ્રિપુ (છ શત્રુ કામ, ક્રોધ, લોભ, માન, મદ અને હર્ષ) ઉપર ક્રોધ કર, અને જો તું તારા હિત કરનારા ઉપર પણ ક્રોધ કરતો હોય તો સંસારમાં થતી સર્વ પીડા કરનારાં જે કર્મો છે તેઓને હરી જનાર (ઉપસર્ગો કરનારા વિગેરે) જે ખરેખરા તારા હિતેચ્છુ છે અને બાહ્ય દ્રષ્ટિથી જે તારા શત્રુ જેવા લાગે છે તેના ઉપર ક્રોધ કર." ૧૦

ઉપજાતિ.

માયા નિગ્રહ ઉપદેશ

अधीत्यनुष्ठानतपःशमाद्यान्,
धर्मान् विचित्रान् विदधत्समायान्।
न लप्स्यसे तत्फलमात्मदेह-
क्लेशाधिकं तांश्च भवांतरेषु ॥११॥

"શાસ્ત્રાભ્યાસ, ધર્માનુષ્ઠાન, તપસ્યા, શમ વિગેરે વિગેરે અનેક ધર્મો અથવા ધર્મકાર્યો માયા સાથે આચરે છે, તથી તારા શરીરને કલેશ થવા ઉપરાંત ભવાંતરને વિષે બીજું કાંઈ પણ ફળ મેળવવાનો નથી, અને તે ધર્મો પણ ભવાંતરમાં મળવાના નથી." ૧૧

ઉપજાતિ.

લોભ નિગ્રહ ઉપદેશ

सुखाय धत्से यदि लोभमात्मनो,
ज्ञानादिरत्नत्रितये विधेहि तत्।

दुःखाय चेदत्र परत्र वा कृतिन्,
परिग्रहे तद्बहिरांतरेऽपि च ॥१२॥

"હે પંડિત! જો તું તારા પોતાના સુખ માટે લોભ રાખતો હો તો જ્ઞાન દર્શન ચારિત્ર રૂપ ત્રણ રત્નો મેળવવા માટે લોભ રાખ, અને જો આ ભવ અને પરભવમાં દુઃખ મેળવવા માટે લોભ રાખતો હોય તો આંતર અને બહિર પરિગ્રહ માટે લોભ રાખ." ૧૨.

ઉપજાતિ.

મદ મત્સર નિગ્રહ ઉપદેશ.

करोषि यत्प्रेत्यहिताय किंचित्,
कदाचिदल्पं सुकृतं कथंचित्।
मा जीहरस्तन्मदमत्सराद्यै-
र्विना च तन्मा नरकातिथिर्भूः ॥१३

"કોઈ વખત મહા મુશ્કેલીએ આવતા ભવ માટે જરા કાંઈ સારૂં કામ (સુકૃત્ય) કરવાનું તારે બની આવે તો પછી વળી તેને મદ મત્સર કરીને હારી જઈશ મા, અને સુકૃત્ય વગર તું નરકનો પરોણો થઈશ મા. ૧૩

ઉપજાતિ.

વિશેષ કરીને ઇર્ષા ન કરવી.

पुरापि पापैः पतितोऽसि संसृतौ,
दधासि रे किं गुणिमत्सरं पुनः ।
न वेत्सि किं घोरजले निपात्यसे,
नियंत्र्यसे शृंखलया च सर्वतः ॥१४॥

"અરે! પહેલાં પણ તું પાપથી સંસારમાં પડયો છે, ત્યારે વળી ફરીથી પણ ગુણ-

વાન ઉપર ઇર્ષા કેમ કરે છે ? આ પાપથી તું ઉંડા પાણીમાં ઉતરે છે અને તારે આખે શરીરે સાંકળો બંધાય છે તે શું તુ જાણતો નથી?" ૧૪

વંશસ્થવૃત્ત.

કષાયથી સુકૃત્યનો નાશ.

**कष्टेन धर्मो लवशो मिलत्ययं,**
**क्षयं कषायैर्युगपत्प्रयाति च ।**
**अतिप्रयत्नार्जितमर्जुनं ततः,**
**किमज्ञ ! ही हारयसे नभस्वता १५॥**

"મહા કષ્ટથી જરા જરા કરીને "ધર્મ" પ્રાપ્ત થાય છે તે કષાય કરવાથી એક સપાટામાં એકદમ નાશ પામે છે. હે મૂર્ખ ! મહા-કષાયથી મેળવેલું સોનું એક ફુંક મારીને કેમ ઉઠાવી દે છે ?" ૧૫ વંશસ્થ.

કષાયથી થતી હાનિની પરંપરા.

**शत्रूभवन्ति सुहृदः कलुषीभवन्ति,**
**धर्मा यशांसि निचितायशसीभवन्ति।**
**स्निह्यंति नैव पितरोऽपि च बांधवाश्च,**
**लोकद्वयेऽपि विपदो भविनां कषायैः १६**

" કષાયથી મિત્ર શત્રુ થાય છે, ધર્મ મલીન થાય છે, આબરૂ સજ્જડ અપયશમાં બદલાઇ જાય છે, માબાપ અને ભાઇઓ કે સ્નેહીઓ પણ પ્રેમ રાખતા નથી અને આ લોક તથા પરલોકમાં પ્રાણીને વિપત્તિઓ પ્રાપ્ત થાય છે. " ૧૬ વસંતતિલકા.

મદ નિગ્રહ—ખાસ ઉપદેશ.

**रूपलाभकुलविक्रम-**
**विद्याश्रीतपोवितरणप्रभुताद्यैः ।**

किं मदं वहसि वेत्सि न,
मूढाऽनंतशः स्वभृशलाघवदुःखम्॥१७॥

"રૂપ, લાભ, બળ, વિદ્યા, લક્ષ્મી, તપ, દાન, ઐશ્વર્ય, વગેરેનો મદ તું શું જોઇને કરે છે? હે મૂર્ખ! અનંત વખતને લઘૂતાઇનું દુઃખ વહન કરવું પડયું છે તે શું તું જાણતો નથી?" ૧૭ સ્વાગતાવૃત્તં.

સંસાર વૃક્ષનું મૂળ કષાયો.

विना कषायान्न भवार्त्तिराशि-
र्भवद्भवेदेव च तेषु सत्सु।
मूलं हि संसारतरोः कषाया-
स्तत्तान् विहायैव सुखी भवात्मन्

"કષાય વગર સંસારની અનેક પીડાઓ થાય નહિ અને કષાયો હોય ત્યારે પીડાઓ જરૂર થાય છે. સંસાર વૃક્ષનું મૂળજ કષાયો છે. તો હે ચેતન ! તેને તજીને સુખી થા." ૧૮

ઉપજાતિ.

કષાયના સહચારી વિષયનો ત્યાગ.

**समीक्ष्य तिर्यङ्नरकादिवेदनाः,**
**श्रुतेक्षणैर्धर्मदुरापतां तथा ।**
**प्रमोदसे यद्विषयैः सकोतुकै-**
**स्ततस्तवात्मन्! विफलैव चेतना ।**

"શાસ્ત્રરૂપ આંખોથી તિર્યંચનારકી વિગેરેની વેદનાને જાણી, તેમજ ધર્મ મળવાની મુશ્કેલી પણ જાણી, તેમ છતાં પણ કુતુહલવાળા વિષયોમાં તું આનંદ માનશે તો હે ચેતન ! તારૂં ચેતન પણ તદ્દન નકામું છે." ૧૯

કષાયના સહચારી પ્રમાદનો ત્યાગ.

चौरैस्तथा कर्मकरैर्गृहीते,
दुष्टैः स्वमात्रेऽप्युपतप्यसे त्वम् ।
पुष्टैः प्रमादैस्तनुभिश्च पुण्य-
धनं न किं वेत्स्यपि लुट्यमानम्

" ચોર અથવા કામકાજ કરનારા ( નોકર ચાકરો ) તારૂં જરા પણ ધન ઉપાડી જાય છે તો પણ તું તપી જાય છે જ્યારે પુષ્ટ અથવા પાતળા પ્રમાદો તારૂં પુણ્ય ધન લુંટી લે છે તે તું જાણતો પણ નથી. " ૨૦ ઉપજાતિ

જરા નીચું જોઇને ચાલ–ઉપસંહાર-ઐાદ્ધત્ય ત્યાગ

मृत्योः कोऽपि न रक्षितो न जगतो ।
दारिद्यमुत्रासितं,

रोगस्तेन नृपादिजा न च भियो
निर्णाशिताः षोडश।
विध्वस्ता नरका न नापि सुखिता।
धर्मैस्त्रिलोकी सदा,
तत्को नामगुणो मदश्च विभुता
का ते स्तुतीच्छा च का ॥२१॥

"હે ભાઇ! તેં હજુ સુધી કોઇ પણ પ્રાણીનું મરણથી રક્ષણ કર્યું નથી, તેં કોઇ જગતનું દળદર ફીટાડયું નથી, તેં રોગ ચોર રાજા વિગેરેએ કરેલા મોટા સોળભયોનો નાશ કર્યો નથી, તેં કોઈ નરકગતિનો નાશ કર્યો નથી અને ધર્મવડે તેં કાંઈ ત્રણ લોકને સુખી કર્યા નથી, ત્યારે તારામાં ગુણ શા છે કે તેના

મદ કરે છે ? અને વળી એવું કાંઈ પણ કાર્ય
કર્યા વિના તું સ્તુતિની ઇચ્છા પણ શેની રાખે
છે ? (અથવા શું તારા ગુણ અને શો તારો
મદ ! તેમજ શી તારી મોટાઈઅને શો તારો
ખુશામતનો પ્રેમ ! !) " ૨૧

શાર્દૂલવિક્રીડિત.

---

## अथाष्टमः शास्त्रगुणाधिकार.

ઉપર ચોટીઓ શાસ્ત્રાભ્યાસ.

शिलातलाभे हृदि ते वहंति,
विशंति सिद्धान्तरसा न चान्तः।
यदत्र नो जीवदयार्द्रता ते,
न भावनांकुरततिश्च लभ्या ॥१॥

"સિદ્ધાન્તજળ શિલાની સપાટી જેવા તારા હૃદય પર થઇને ચાલ્યું જાય છે પણ તેની અંદર પ્રવેશ કરતું નથી; કારણ, કે તેમાં (તારા હૃદયમાં) જીવદયા રૂપ ભીનાશ નથી અને ભાવનારૂપ અંકુરાઓની શ્રેણી પણ નથી." ૧ ઉપેંદ્રવજ્રા.

---

### શાસ્ત્ર ભણેલા પ્રમાદીને ઉપદેશ.

**यस्यागमांभोदरसैर्न धौतः,**
**प्रमादपंकः स कथं शिवेच्छुः ।**
**रसायनैर्यस्य गदाः क्षता नो,**
**सुदुर्लभं जीवितमस्य नूनम् ॥२॥**

"જે પ્રાણીનો પ્રમાદરૂપ કાદવ સિદ્ધાંત-રૂપ વરસાદનાં જળપ્રવાહથી પણ ધોવાતો નથી.

તે કેવી રીતે મુમુક્ષુ (મોક્ષમેળવવાની ઇચ્છા-
વાળો) હોઇ શકે? ખરેખર, રસાયણથી પણ
જો કોઇ પ્રાણીના વ્યાધિઓ નાશ પામે નહિ
તો પછી તેનું જીવન રહેવાનુંજ નહિ એમ
જાણવું." ૨ ઉપજાતિ.

સ્વપૂજા માટે શાસ્ત્રાભ્યાસ કરનારાઓ પ્રત્યે

**अधीतिनोऽर्चादिकृते जिनागमः,**
**प्रमादिनो दुर्गतिपापतेर्मुधा ।**
**ज्योतिर्विमूढस्य हि दीपपातिनो,**
**गुणाय कस्मै शलभस्य चक्षुषी ॥३॥**

"દુર્ગતિમાં પડનાર પ્રમાદી પ્રાણી પોતાની
પૂજા માટે જૈનશાસ્ત્રનો અભ્યાસ કરે છે તે
નિષ્ફળ છે, દીવાની જ્યોતિમાં ફસાએલા દીવામાં
પડનાર પતંગીઆની આંખો તેને શો લાભ
કરનારી છે?" ૩ વંશસ્થ.

मोदन्ते बहुतर्कतर्कणचणाः
केचिज्जयाद्वादिनां,
काव्यैः केचन कल्पितार्थघटनै-
स्तुष्टाः कविख्यातितः ।
ज्योतिर्नाटकनीतिलक्षणधनु-
र्वेदादिशास्त्रैः परे,
ब्रूमः प्रेत्यहिते तु कर्मणि जडान्
कुक्षिंभरीनेव तान् ॥४॥

"કેટલાક અભ્યાસીઓ બહુ પ્રકારના તર્ક-વિતર્કોના વિચારમાં પ્રસિદ્ધ હોઈ વાદીઓને જીતીને આનંદ પામે છે, કેટલાક કલ્પના ઉઠા-

વીને કાવ્યો રચીને કવી તરીકે ખ્યાતિ મેળવી આનંદ માને છે અને કેટલાક જ્યોતિષશાસ્ત્ર, નાટયશાસ્ત્ર, નીતિશાસ્ત્ર, સામુદ્રિકશાસ્ત્ર, ધનુર્વેદ વિગેરે શાસ્ત્રોનો અભ્યાસ વડે ખુશી થાય છે. પરંતુ આવતા ભવમાં હિતકારી કાર્ય તરફ જો તેઓ અજ્ઞ (અથવા બે દરકાર) હોય તો અમે તો તેઓને પેટભરાજ કહીએ છીએ. ૪

શાર્દૂલવિક્રીડિત

શાસ્ત્ર ભણીને શું કરવું?

**किं मोदसे पंडितनाममात्रात्,**
**शास्त्रेष्वधीती जनरंजकेषु ।**
**तत्किंचनाधीष्व कुरुष्व चाशु,**
**न ते भवेद्येन भवाब्धिपातः ॥५॥**

"લોક રંજન કરનારાં શાસ્ત્રોનો અભ્યાસી

થઇને તું પંડિત નામ માત્રથી કેમ રાજી થઇ જાય છે? તું કોઈ એવો અભ્યાસ કર અને પછી કાંઈ એવું અનુષ્ઠાન કર કે જેથી તારે સંસાર સમુદ્રમાં પડવું પડે નહીં." ૫

ઉપજાતિ.

શાસ્ત્રાભ્યાસ કરીને સંયમ રાખવો.

**धिगागमैमाद्यसि रंजयन् जनान्,**
**नोद्यच्छसि प्रेत्यहिताय संयमे ।**
**दधासि कुक्षिंभरिमात्रतां मुने,**
**क्व ते क्व तत् क्वैष च ते भवांतरे॥६॥**

"હે મુનિ! સિદ્ધાંતવડે તું લોકોને રંજન કરતો ખુશી થાય છે અને તારાં પોતાનાં આમુષ્મિક હિત માટે યત્ન કરતો નથી તેથી તને ધિક્કાર છે, તું માત્ર પેટભરાપણુંજ ધારણ કરે

છે પણ હે મુનિ! ભવાંતરમાં તે તારાં આગમો
ક્યાં જશે, તે તારૂં જનરંજન ક્યાં જશે અને
આ તારો સંયમ ક્યાં જશે! ૬ ઉપજાતિ.

કેવળ અભ્યાસ કરનાર અને અલ્પાભ્યાસિ
સાધકમાં શ્રેષ્ઠ કોણ?

धन्या केऽप्यनधीतिनोऽपि सदनु-
ष्ठानेषु बद्धादरा,
दुःसाध्येषु परोपदेशेलवतः
श्रद्धानशुद्धाशयाः ।
केचित्त्वागमपाठिनोऽपि दधत-
स्तत्पुस्तकान् येऽलसाः
अत्रामुत्रहितेषु कर्मसु कथं
ते भाविनः प्रेत्यहाः ॥७॥

"કેટલાક પ્રાણીઓએ શાસ્ત્રનો અભ્યાસ કર્યો ન હોય તો પણ બીજાના જરા ઉપદેશથી મુશ્કેલીથી સાધી શકાય તેવાં શુભ અનુષ્ઠાનો તરફ આદરવાળા થઈ જાય છે અને શ્રદ્ધાપૂર્વક શુદ્ધ આશયવાળા થઈ જાય છે તેઓને ધન્ય છે! કેટલાક તો આગમના અભ્યાસી હોય અને તેનાં પુસ્તકો પાસે રાખતાં હોય છતાં પણ આભવ પરભવનાં હિતકારી કાર્યોમાં પ્રમાદી થઈ જાય છે અને પરલોકને હણી નાખે છે તેઓનું શું થશે?"૭

શાર્દૂલવિક્રીડિત.

મુગ્ધબુદ્ધિ વિ. પંડીત.

**धन्यः स मुग्धमतिरप्युदितार्हदाज्ञा-**
**रागेण यः सृजति पुण्यमदुर्विकल्पः।**

पोठन किं व्यसनतोऽस्य तु दुर्विकल्पै-
र्यो दुस्थितोऽत्र सदनुष्ठितिषु प्रमादी॥

"માઠા સંકલ્પ નહીં કરનારો અને તીર્થંકર મહારાજે ફરમાવેલી આજ્ઞાઓના રાગથી શુભ ક્રિયા કરનારો પ્રાણી અભ્યાસ કરવામાં મુગ્ધ બુદ્ધિવાળો હોય તો પણ ભાગ્યશાળી છે. જે પ્રાણી માંઠા વિચાર કર્યા કરે છે અને જે શુભક્રિયામાં પ્રમાદી હોય છે તેવા પ્રાણીને અભ્યાસથી અને તેની ટેવથી પણ શો લાભ છે? ૮"

વસંતતિલકા.

શાસ્ત્રાભ્યાસ-ઉપસંહાર.

अधीतीमात्रेण फलंति नागमाः,
समीहितैर्जीव सुखैर्भवान्तरे ।

स्वनुष्ठितैः किंतु तदीरितैः खरो,
न यत्सिताया वहनश्रमात्सुखी ॥९॥

"માત્ર અભ્યાસથીજ ભવાંતરમાં ઇચ્છિત સુખ આપીને આગમો ફળતાં નથી, પરંતુ તેમાં બતાવેલ શુભ અનુષ્ઠાનો કરવાથી આગમો ફલે છે. જેવી રીતે સાકરનો બોજો ઉપાડવાના શ્રમથી ગધેડો કાંઈ સુખી નથી."૯ વંશસ્થ

નરકગતિનાં દુઃખો.

दुर्गंधतो यदणुतोपि पुरस्य मृत्यु--
रायूंषि सागरमितान्यनुपक्रमाणि।
स्पर्शः खरः क्रकचतोऽतितमामितश्च,
दुःखावनंतगुणितौ नृशशैत्यतापौ॥१०॥
तीव्राव्यथाः सुरकृता विविधाश्च यत्रा-

क्रंदारवैः सततमभ्रभृतोऽप्यमुष्मात्।
किं भाविनो न नरकात्कुमते विभेषि,
यन्मोदसे क्षणसुखैर्विषयैः कषायी११
युग्मम्

"જે નારકીની દુર્ગંધીનાં એક સૂક્ષ્મભાગ માત્રથી (આ મનુષ્ય લોકના) નગરનું (એટલે નગરવાસી જનોનું) મૃત્યુ થાય છે, જ્યાં સાગરોપમથી મપાતું આયુષ્ય નિરૂપક્રમ હોય છે, જેનો સ્પર્શ કરવતથી પણ બહુ કર્કશ છે, જ્યાં ટાઢ તડકાનું દુઃખ અહીં કરતાં (મનુષ્યલોક કરતાં) અનંતગણું વધારે છે, જ્યાં દેવતાઓની કરેલી અનેક પ્રકારની વેદનાઓ થાય છે અને તેથી રડારોળ અને આક્રંદવડે આકાશ ભરાઇ જાય છે—આવા પ્રકારની નારકી તને

ભવિષ્યમાં મળશે એ વિચારથી હે કુમતિ ! તું બીતો નથી કે કષાય કરીને અને થોડો વખત સુખ આપનારા વિષયો સેવીને આનંદ માને છે ?" ૧૦–૧૧ વસંતતિલકા.

તિર્યંચગતિનાં દુઃખો.

**बंधोऽनिशं वाहनताडनानि,**
**क्षुत्तृड्दुरामातपशीतवाताः ।**
**निजान्यजातीयभयापमृत्यु-**
**दुःखानि तिर्यक्ष्विति दुस्सहानि ॥१२॥**

"નિરંતર બંધન, ભારનું વહન, માર, ભૂખ તરસ, દુષ્ટ રોગો, તડકો, ઠંડી, પવન, પોતાની અને પારકી જાતિનો ભય અને કુમરણ–તિર્યંચગતિમાં આ અસહ્ય દુઃખો છે."૧૨

ઉપજાતિ..

દેવગતિનાં દુઃખો.

मुधान्यदास्याभिभवाभ्यसूया,
भियोऽन्तगर्भस्थितिदुर्गतीनाम् ।
एवं सुरेष्वप्यसुखानि नित्यं,
किं तत्सुखैर्वा परिणामदुःखैः ॥१३॥

"ઇંદ્રાદિકની નિષ્કારણ સેવા કરવી, પરાભવ, મત્સર, અંતકાળ, ગર્ભસ્થિતિ અને દુર્ગતિનો ભય—આવી રીતે દેવગતિમાં પણ નિરંતર દુઃખો છે. વળી જેને પરીણામે દુઃખ છે તેવા સુખથી શું ? ૧૩ ઉપજાતિ.

મનુષ્ય ગતિનાં દુઃખો.

सप्तभीत्यभिभवेष्टविप्लवा-
निष्टयोगगदुःसुतादिभिः ।

**स्याच्चिरं विरसता नृजन्मनः,**
**पुण्यतः सरसतां तदानय ॥१४॥**

"સાત ભય, પરાભવ (અપમાન), વ્હાલાનો વિયોગ, અપ્રિયનો સંયોગ, વ્યાધિઓ, માંડી વાળેલ છોકરા વિગેરે વડે મનુષ્યજન્મ પણ લાંબા વખત સુધી વિરસ (ખારોધુધવા) થઇ જાય છે, તેટલા માટે પુણ્ય વડે મનુષ્ય જન્મનું મધુરપણું પ્રાપ્ત કર."૧૪. સ્વાગતા

ઉક્તસ્થિતિદર્શનનું પરિણામ.

**इति चतुर्गतिदुःखततीः कृति-**
**न्नतिभयास्त्वमनंतमनेहसम् ।**
**हृदि विभाव्य जिनोक्तकृतांततः,**
**कुरु तथा न यथा स्युरिमास्तव ॥१५॥**

એ પ્રમાણે અનંતકાળ પર્યંત (સહન કરેલી) અતિશય ભય આપનાર ચારગતિનાં દુઃખોની રાશિઓને કેવળી ભગવંતે કહેલાં સિદ્ધાંતથી હૃદયમાં વિચારીને હે વિદ્વન ! એવું કર કે જેથી તને તે પીડાઓ ફરી થાય નહિ. ૧૫

દ્રુતવિલંબિત

આખા દ્વારનો ઉપસંહાર.

**आत्मन् परस्त्वमसि साहसिकः श्रुताक्षै-**
**र्यद्भाविनं चिरचतुर्गतिदुःखराशिम्।**
**पश्यन्नपीह न बिभेषि ततो न तस्य,**
**विच्छित्तये च यतसे विपरीतकारी।१६।**

“હે આત્મન્! તું તો જબરો સાહસિક છે, કારણ કે ભવિષ્યકાળમાં લાંબા વખતસુધી થનાર ચાર ગતિઓનાં દુઃખોને તું જ્ઞાનચક્ષુથી

જુએ છે તોપણ તેઓથી બીતો નથી અને વળી ઉલટો વિપરીત આચરણ કરી તે દુઃખોના નાશ સારૂ જરાપણ પ્રયાસ કરતો નથી." ૧૬

વસંતતિલકા.

---

## अथ नवमश्चित्तदमनाधिकारः

### મનધીવરનો વિશ્વાસ ન કરવો.

**कुकर्मजालैः कुविकल्पसूत्रजै-**
**र्निबध्य गाढं नरकाग्निभिश्चिरम् ।**
**विसारवत् पक्ष्यति जीव ! हे मनः-**
**कैवर्तकस्त्वामिति मास्य विश्वसीः ॥१॥**

"હે ચેતન ! મનધીવર (મચ્છીમાર) કુવિકલ્પ દોરીઓની બનાવેલી કુકર્મજાળ પાથ-

રીને તેમાં તને મજબૂત રીતે ગુંથી લાંબા વખત સુધી માછલાની પેઠે નરકાગ્નિમાં ભુંજશે; તેટલા માટે તેના પર વિશ્વાસ રાખીશ નહીં." ૧

વંશસ્થવૃત્તં.

મનમિત્રને અનુકૂલ થવા પ્રાર્થના.

**चेतोर्थये मयि चिरत्नसख ! प्रसीद,**
**किं दुर्विकल्पनिकरैः क्षिपसे भवे माम् ।**
**बद्धोंजलिः कुरु कृपां भज सद्विकल्पान् ,**
**मैत्रीं कृतार्थय यतो नरकाद्बिभेमि ॥२॥**

"હે મન! મારા લાંબા વખતના મિત્ર! હું પ્રાર્થના કરૂં છું. કે મારા ઉપર કૃપા કર! ખરાબ સંકલ્પો કરીને શા માટે મને સંસારમાં નાંખે છે! (તારી પાસે) હું હાથ જોડીને

ઉભો રહું છું, મારા પર કૃપા કર; સારા વિચારો કર અને આપણી લાંબા વખતની દોસ્તી સફળ કર. કારણ કે હું નરકથી બીહું છું." ૨

વસંતતિલકા.

મન પર અંકુશનો સીધો ઉપદેશ.

स्वर्गापवर्गौ नरकं तथान्त-
र्मुहूर्तमात्रेण वशावशं यत् ।
ददाति जंतोः सततं प्रयत्नात्,
वशं तदंतःकरणं कुरुष्व ॥३॥

"વશ અને અવશ મન ક્ષણવારમાં સ્વર્ગમોક્ષ અથવા નરક અનુક્રમે પ્રાણીને આપે છે માટે પ્રયત્ન કરીને તે મનને જલદી વશ કર." ૩

ઉપજાતિ.

### સંસાર ભ્રમણનો હેતુ-મન.

**सुखाय दुःखाय च नैव देवा,**
**न चापि कालः सुहृदोऽरयो वा ।**
**भवेत्परं मानसमेव जंतोः,**
**संसारचक्रभ्रमणैकहेतुः ॥ ४ ॥**

"દેવતાઓ આ જીવને સુખકે દુઃખ આપતા નથી, તેમજ કાળ પણ નહિ, તેમજ મિત્રો નહિ અને શત્રુ પણ નહિ, મનુષ્યને સંસારચક્રમાં ભમવાનો માત્ર એક હેતુ મનજ છે." ૪ ઉપજાતિ.

### મનોનિગ્રહ અને યમનિયમ.

**वशं मनो यस्य समाहितं स्यात्,**
**किं तस्य कार्यं नियमैर्यमैश्च ? ।**

हतं मनो यस्य च दुर्विकल्पैः,
किं तस्य कार्यं नियमैर्यमैश्च? ॥५॥

"જે પ્રાણીનું મન સમાધિવંત હોઇને પોતાને વશ હોય છે તેને પછી યમ નિયમથી શું? અને જેનું મન દુર્વિકલ્પોથી હણાયું છે તેને પણ યમનિયમથી શું!" ૫. ઉપજાતિ.

મનોનિગ્રહ વિનાના દાનાદિ ધર્મોનું વ્યર્થપણું.

दानश्रुतध्यानतपोऽर्चनादि,
वृथा मनोनिग्रहमंतरेण ।
कषायचिंताकुलतोज्झितस्य,
परो हि योगो मनसो वशत्वम् ॥६॥

"દાન, જ્ઞાન, ધ્યાન, તપ, પૂજા વિગેરે સર્વે મનોનિગ્રહ વગર નકામાં છે. કષાયથી

થતી ચિંતા અને આકુળવ્યાકુળતાથી રહિત એવા પ્રાણીને મન વશ કરવું એ મહાયોગ છે." ૬ ઉપજાતિ.

મન સાધ્યું તેણે સઘળું સાધ્યું.

जपो न मुक्त्यै न तपो द्विभेदं,
न संयमो नापि दमो न मौनम् ।
न साधनाद्यं पवनादिकस्य,
किंत्वेकमंतःकरणं सुदान्तम् ॥७॥

"જાપ કરવાથી મોક્ષ મળતું નથી, તેમજ નથી મળતું બે પ્રકારનાં તપ કરવાથી; તેવી જ રીતે સંયમ, દમ, મૌન ધારણ અથવા પવનાદિકની સાધના વિગેરે પણ મોક્ષ આપી શકતાં નથી; પરંતુ સારી રીતે વશ કરેલું એકલું મનજ મોક્ષ આપે છે" ૭ ઉપજાતિ.

મનને વશ થયો તે રખડયો

लब्ध्वापि धर्मं सकलं जिनोदितं,
सुदुर्लभं पोतनिभं विहाय च।
मनःपिशाचग्रहिलीकृतः पतन्,
भवांबुधौ नायतिदृग् जडो जनः ॥८॥

"સંસાર સમુદ્રમાં ભટકતાં મહામુશ્કેલીએ પ્રાપ્ત થઇ શકે તેવું, વહાણ જેવું, તીર્થંકરભાષિત ધર્મ આજ પ્રાપ્ત કર્યા પછી જે પ્રાણી મનપિશાચને તાબે થઈ તે આજને તજી દે છે અને સંસાર સમુદ્રમાં પડે છે તે મૂર્ખ માણસ લાંબી નજર પહોંચાડનાર નથી." ૮

ઉપજાતિ.

પરવશ મનવાળાને ત્રણ શત્રુથી ભય

सुदुर्जयं ही रिपवत्यदो मनो,
रिपूकरोत्येव च वाक्तनू अपि।

**त्रिभिर्हतस्ताद्रिपुभिः करोतु किं,**
**पदीभवन् दुर्विपदां पदे पदे ॥९॥**

"મહા મુશ્કેલીથી જીતી શકાય એવું એ મન શત્રુના જેવું આચરણ કરે છે, કારણ કે તે વચન અને કાયાને પણ દુશ્મન બનાવે છે. આવા ત્રણ શત્રુઓથી હણાયેલો તું સ્થાને સ્થાને વિપત્તિઓનું ભાજન થઇને શું કરી શકીશ ?" ૯ — વંશસ્થ

મન તરફ ઉક્તિ.

**रे चित्त! वैरि! तव किं नु मयापराद्धं,**
**यद्दुर्गतौ क्षिपासि मां कुविकल्पजालैः।**
**जानासि मामयमपास्य शिवेऽस्ति गंता,**
**तत्किं न संति तव वासपदं ह्यसंख्याः॥१०**

"હે ચિત્તવૈરી ! મેં તે તારો શો અપરાધ કર્યો છે કે તું કુવિકલ્પ જાળવડે મને બાંધીને દુર્ગતિમાં ફેંકી દે છે? શું તારા મનમાં એમ આવે છે કે આ જીવ મને તજીને મોક્ષમાં ચાલ્યો જવાનો છે. (અને તેથી મને પકડી રાખે છે)? પણ તારે શું રહેવાનાં બીજાં અસંખ્ય સ્થાનકો નથી?" ૧૦ વસંતતિલકા.

પરવશ મનવાળાનું ભવિષ્ય.

**पूतिश्रुतिः श्वेव रतेर्विदूरे,**
**कुष्टीव संपत्सुदृशामनर्हः ।**
**श्वपाकवत्सद्गतिमंदिरेषु,**
**नार्हत्प्रवेशं कुमनोहतोंगी ॥११॥**

"જે પ્રાણીનું મન ખરાબ સ્થિતિમાં હોવાથી સંતાપ પમાડ્યા કરે છે તે પ્રાણી કૃમિથી ભરપૂર કાનવાળા કુતરાની પેઠે મોજમજાથી

બહુ દૂર રહે છે, કોઢીઆની પેઠે લક્ષ્મી સું-
દરીને વરવાને અયોગ્ય થઈ જાય છે અને
ચંડાળની પેઠે શુભગતિ મંદિરમાં પ્રવેશ કર-
વાને લાયક રહેતો નથી." ૧૧ [ ઇંદ્રવજ્રા.

મનોનિગ્રહ વગરના તપ જપ વિગેરે ધર્મો.

**तपोजपाद्याः स्वफलाय धर्मा,**
**न दुर्विकल्पैर्हतचेतसः स्युः ।**
**तत्खाद्यपेयैः सुभृतेऽपि गेहे,**
**क्षुधातृषाभ्यां म्रियते स्वदोषात् ॥१२॥**

જે પ્રાણિનું ચિત્ત દુર્વિકલ્પોથી હણાયેલું છે
તેને તપજપ વિગેરે ધર્મો પોતપોતાનું (આત્મિક)
ફળ આપનારા થતા નથી; આવા પ્રકારનો પ્રાણી
ખાનપાનથી ભરેલા ઘરમાં પણ પોતાના દોષથી
ભૂખ અને તરસ વડે મરણ પામે છે." ૧૨
[ ઉપજાતિ.

મન સાથે પુણ્યપાપનો સંબંધ.

अकृच्छ्रसाध्यं मनसो वशीकृतात्,
परं च पुण्यं, न तु यस्य तद्वशम् ।
स वंचितः पुण्यचयैस्तदुद्भवैः,
फलैश्च ही! ही! हतकः करोतु किम्?१३

"વશ કરેલા મનથી મહા ઉત્તમ પ્રકારનું પુણ્ય બીલકુલ કષ્ટ વગર સાધી શકાય છે. જેને મન વશ નથી તે પ્રાણી પુણ્યની રાશિથી છેતરાય છે અને તેથી થનારાં ફળ વડે પણ છેતરાય છે- (એટલે પુણ્યબંધ થતો નથી અને તેથી થનારાં સારાં ફળ પણ પ્રાપ્ત થતાં નથી.) અહો અહો!! આવો આવો હતભાગી જીવ બિચારો શું કરે? (શું કરી શકે!)" ૧૩.

[ વંશસ્થવૃત્તં.

વિદ્વાન પણ મનોનિગ્રહ વિના નરકગામી થાયછે

**अकारणं यस्य च दुर्विकल्पै-**
**र्हतं मनः शास्त्रविदोपि नित्यम् ।**
**घोरैरघैर्निश्चितनारकायु-**
**र्मृत्यौ प्रयाता नरके स नूनम् ॥१४॥**

"જે પ્રાણીનું મન નિરર્થક માઠા સંકલ્પોથી નિરંતર પરાભવ પામે છે તે પ્રાણી ગમે તેવો વિદ્વાન હોય તોપણ ભયંકર પાપોવડે નારકીનું નિકાચિત આયુષ્ય બાંધે છે અને મરણ પામે છે ત્યારે જરૂર નરકમાં જનારો થાય છે." ૧૪.

ઉપજાતિ.

મનોનિગ્રહથી મોક્ષ.

**योगस्य हेतुर्मनसः समाधिः,**
**परं निदानं तपसश्च योगः ।**

**तपश्च मूलं शिवशर्मवल्ल्या,**
**मनःसमाधिं भज तत्कथंचित् ॥१५॥**

" મનની સમાધિ ( એકાગ્રતા-રાગ, દ્વેષર-હિતપણું ) યોગનું કારણ છે, યોગ એ તપનું ઉત્કૃષ્ટ સાધન છે અને તપ શિવસુખ વેલડીનું મૂળ છે, તેટલા માટે કોઈપણ રીતે મનની સમાધિ રાખ." ૧૫. ઉપજાતિ.

મનોનિગ્રહના ચાર ઉપાય.

**स्वाध्याययोगैश्चरणक्रियासु,**
**व्यापारणैर्द्वादशभावनाभिः ।**
**सुधीस्त्रियोगीसदसत्प्रवृत्ति-**
**फलोपयोगैश्च मनो निरुंध्यात् ॥१६॥**

" સ્વાધ્યાય ( શાસ્ત્રનો અભ્યાસ ), યોગ-

વહન, ચારિત્ર ક્રિયામાં વ્યાપાર, બારભાવના અને મનવચનકાયાના શુભ અશુભ પ્રવૃત્તિનાં ફળનાં ચિંતવનથી સુજ્ઞ પ્રાણી મનનો નિરોધ કરે." ૧૬. ઉપજાતિ.

મનોનિગ્રહમાં ભાવનાનું માહાત્મ્ય.

**भावनापरिणामेषु, सिंहोष्विव मनोवने।**
**सदा जाग्रत्सु दुर्ध्यानसूकरा न विशंत्यपि**

"મનરૂપ વનમાં ભાવના અધ્યવસાય રૂપ સિંહો સદા જાગ્રત હોય ત્યારે–દુર્ધ્યાન રૂપ સુવરો તે વનમાં પ્રવેશ પણ કરી શકતા નથી." ૧૭

અનુષ્ટુપ્.

## अथ दशमो वैराग्योपदेशाधिकारः

મૃત્યુનો દોર, તેનો જય અને તે પર વિચાર

किं जीव माद्यसि हसस्ययमीहसेऽर्थान्,
कामांश्च खेलसि तथा कुतुकैरशंकः।
चिक्षिप्सु घोरनरकावटकोटरे त्वा-
मभ्यापतल्लघु विभावय मृत्युरक्षः ॥१॥
आलंबनं तव लवादिकुठारघाताः,
छिंदंति जीविततरुं न हि यावदात्मन्।
तावद्यतस्व परिणामहिताय तस्मिन्,
छिन्ने हि कः क्व च कथं भविता स्वतंत्रः २

"અરે જીવ! તું શું જોઇને અહંકાર કરે
છે? કેમ હસે છે? પૈસા અને કામભોગોને

શા માટે ઇચ્છે છે ? અને શા ઉપર નિઃશંક થઇને કુતુહળથી ખેલ કરે છે ? કારણ કે નરકના ઉંડા ખાડામાં ફેંકી દેવાની ઇચ્છાથી મૃત્યુ-રાક્ષસ તારી નજીક ઉતાવળો આવતો જાય છે તેનો તું વિચાર કર. ” ૧.

“ જ્યાં સુધીમાં લવ વિગેરે કુહાડાના પ્રહારો તારા આધારરૂપ જીવનવૃક્ષનો છેદ કરે નહીં ત્યાં સુધીમાં હે આત્મન્ ! પરિણામે હિતને માટે યત્ન કર; તેનો છેદ થયા પછી તું પરતંત્ર થઇશ એટલે પછી કોણ જાણે કોણ (શું) થઈશ અને કયાં થઇશ અને કેવી રીતે થઇશ. ” ૨.

વસંતતિલકા.

આત્માની પુરુષાર્થથી સિદ્ધિ.

**त्वमेव मोग्धा मतिमान् त्वमात्मन्,**

**नेष्टाप्यनेष्टा सुखदुःखयोस्त्वम् ।**

दाता च भोक्ता च तयोस्त्वमेव,
तच्चेष्टसे किं? न यथा हिताप्तिः ॥३॥

"હે આત્મન્! તુંજ મુગ્ધ ( અજ્ઞાની ) છે અને તુંજ જાણકાર છે. સુખની વાંછા કરનાર અને દુઃખનો દ્વેષ કરનાર પણ તુંજ છે. અને સુખ દુઃખને દેનાર અને ભોગવનાર પણ તુંજ છે; ત્યારે તને પોતાને હિતની પ્રાપ્તિ થાય તેવો પ્રયાસ શા માટે કરતો નથી ?" ૩. ઉપજાતિ.

લોકરંજન અને આત્મરંજન.

कस्ते निरंजन! चिरं जनरंजनेन,
धीमन्! गुणोस्ति परमार्थदृशोति पश्य।
तं रंजयाशुचरितैर्विशदैर्भवाब्धौ,
यस्त्वां पतंतमबलं परिपातुमीष्टे ॥४॥

“ હે નિર્લેપ ! હે બુદ્ધિમાન્ ! લાંબા વખત સુધી જનરંજન કરવાથી તને કયો ગુણ થશે તે પરમાર્થ દ્રષ્ટિથી જો; અને વિશુદ્ધ આચરણ વડે તું તો તેનું (ધર્મનું) રંજન કર કે જે બળ વગરના તારા આત્માનું સંસાર સમુદ્રમાં પડતાં રક્ષણ કરવાને શક્તિમાન હોય. ” ૪.

વસંતતિલકા.

મહત્યાગ અને શુદ્ધવાસના.

विद्वानहं सकललब्धिधरहं नृपोऽहं,
दाताहमद्भुतगुणोऽहमहं गरीयान्।
इत्याद्यहंकृतिवशात्परितोषमेषि,
नो वेत्सि किं परभवे लघुतां भवित्रीम्॥५

“ હું વિદ્વાન છું, હું સર્વલબ્ધિવાળો છું, હું રાજા છું, હું દાનેશ્વરી છું, હું અદ્દભુત ગુણવાળો

છું, હું મોટો છું. આવા આવા અહંકારને વશ થઇને તું સંતોષ પામે છે; પણ પરભવમાં થનારી લઘુતા શું તું જાણતો નથી ?" ૫ વસંતતિલકા.

## તને મળેલી જોગવાઈ.

**वेत्सि स्वरूपफलसाधनबाधनानि,**
**धर्मस्य, तं प्रभवासि स्ववशश्च कर्तुम्।**
**तस्मिन् यतस्व मतिमन्नधुनेत्यमुत्र,**
**किंचित्त्वया हि नहि सेत्स्यति भोत्स्य ते**

"તું ધર્મનું સ્વરૂપ, ફળ સાધન અને બાધક જાણે છે અને તું સ્વતંત્ર હોઇને ધર્મ કરવાને સમર્થ છે, તે માટે તું હમણાંજ (આ ભવમાં જ) તે કરવા યત્ન કર; કારણ કે આવતાભવમાં

તારાથી કોઇપણ સિદ્ધ થઈ શકશે નહિ અથવા જાણી શકાશે નહિ.” ૬ વસંતતિલકા.

ધર્મ કરવાની આવશ્યકતા, તેથી થતો દુઃખક્ષય.

धर्मस्याऽवसरोऽस्ति पुद्गलपरा-
वर्तैरनंतैस्तवाऽऽ-
यातः संप्रति जीव हे प्रसहतो
दुःखान्यनंतान्ययम् ।
स्वल्पाहः पुनरेष दुर्लभतम-
श्चास्मिन् यतस्वार्हतो,
धर्मं कर्तुमिमं विना हि नहि ते
दुःखक्षयः कर्हिचित् ॥ ७ ॥

“હે ચેતન! બહુ પ્રકારે અનેક દુઃખો સહન કરતાં કરતાં અનંતા પુદ્ગલ પરાવર્તન કર્યા પછી હાલમાં તને આ ધર્મ કરવાનો અવ-

સર પ્રાપ્ત થયો છે; તે પણ થોડા દિવસ ચાલશે, અને ફરી ફરીને તેવો અવસર મળવો મહા મુશ્કેલ છે; માટે અર્હત્ ધર્મ કરવામાં ઉદ્યમ કર. આ વગર તારાં દુ:ખનો કદી પણ અંત થશે નહિ." ૭

શાર્દૂલવિક્રીડિત.

### અધિકારી થવા યત્ન કર.

गुणस्तुतीर्वांछसि निर्गुणोऽपि,
सुखप्रतिष्ठादि विनापि पुण्यम् ।
अष्टांगयोगं च विनापि सिद्धी-
र्वातूलता कापि नवा तवात्मन् ॥८॥

"તારામાં ગુણ નથી તોપણ તું ગુણની પ્રશંસા થતી સાંભળવા ઇચ્છે છે. પુણ્ય વગર સુખ અને આબરૂ ઇચ્છે છે. તેમજ અષ્ટાંગ યોગ

વગર સિદ્ધિઓની વાંછા રાખે છે. તારૂં વાયડા-પણું તો કોઇ વિચિત્ર લાગે છે!" ૮. ઉપજાતિ.

### પુણ્યાભાવે પરાભવ અને પુણ્યસાધનનું કરણીય પણું.

**पदे पदे जीव ! पराभिभूतीः,**
**पश्यन् किमीर्ष्यस्यधमः परेभ्यः ।**
**अपुण्यमात्मानमवैषि किं न,**
**तनोषि किं वा नहि पुण्यमेव ॥९॥**

"હે જીવ! પારકાએ કરેલ પોતાનો પરાભવ જોઇને તું અધમપણે બીજાઓ તરફ શા માટે ઇર્ષા કરે છે? તારા પોતાના આત્માને નિષ્પુણ્યક (અપુણીઓ) કેમ સમજતો નથી? અથવા પુણ્ય કેમ કરતો નથી?" ૯ ઉપજાતિ.

પાપથી દુઃખ અને તેનું ત્યાજ્યપણું.

किमर्दयन्निर्दयमंगिनो लघून्,
विचेष्टसे कर्मसु ही प्रमादतः ।
यदेकशोऽप्यन्यकृतार्दनः सह-
त्यनंतशोऽप्यंगययमर्दनं भवे ॥१०॥

"તું પ્રમાદથી નાના જીવોને પીડા આપવાના કર્મમાં નિર્દયપણે શું કામ પ્રવૃત્તિ કરે છે ? પ્રાણી બીજાને જે પીડા એકવાર પણ નીપજાવે છે તેજ પીડા ભવાંતરમાં તે અનંતવાર ખમે છે." ૧૦. વંશસ્થવૃત્તં.

પ્રાણીપીડા-તેનું નિવારણ કરવાની જરૂર.

यथा सर्पमुखस्थोऽपि,
भेको जंतूनि भक्षयेत् ।

तथा मृत्युमुखस्थोऽपि,
किमात्मन्नर्दसेंऽगिनः ॥ ११ ॥

" જેમ સર્પના મુખમાં રહ્યા છતાં પણ દેડકો અન્યજંતુઓનું ભક્ષણ કરે છે તેમ હે આત્મન્! તું મૃત્યુના મુખમાં રહ્યો થકો પ્રાણીઓને કેમ પીડા આપે છે? " ૧૧ અનુષ્ટુબ્.

માની લીધેલું સુખ-તેનું પરિણામ.

आत्मानमल्पैरिह वंचयित्वा,
प्रकल्पितैर्वा तनुचित्तसौख्यैः ।
भवाधमे किं जन! सागराणि,
सोढासि ही नारकदुःखराशीन् ॥१२॥

હે મનુષ્ય! થોડાં અને તે પણ માની

લીધેલાં શરીરનાં. અને મનનાં સુખવડે આભ-
વમાં તારા આત્માને છેતરીને અધમ ભવોમાં
સાગરોપમ સુધી નારકીનાં દુઃખો સહનકરીશ.૧૨.
ઉપજાતિ.

પ્રમાદથી દુઃખ શાસ્ત્રગત દૃષ્ટાંતો.

उरभ्रकाकिण्युदबिंदुकाम्र-
वणिक्त्रयीशाकटभिक्षुकाद्यैः ।
निदर्शनैर्हारितमर्त्यजन्मा,
दुःखी प्रमादैर्बहु शोचितासि ॥१३॥

"પ્રમાદે કરીને હે જીવ! તું મનુષ્યભવ હારી જાય છે અને તેથી દુઃખી થઇને બોકડો, કાકિણી, જળબિંદુ, કેરી, ત્રણ વાણીઆ, ગાડું હાકનાર, ભીખારી વિગેરેનાં દૃષ્ટાંતોની પેઠે તું બહુ દુઃખ પામીશ." ૧૩ ઉપજાતિ.

### પ્રત્યેક ઇંદ્રિયથી દુઃખપર સ્પષ્ટ દૃષ્ટાંત.

**पतंगभृंगैणखगाहिमीन-**
**द्विपद्विपारिप्रमुखाः प्रमादैः ।**
**शोच्या यथा स्युर्मृतिबंधदुःखै-**
**श्चिराय भावी त्वमपीति जंतो! ॥१४॥**

"પતંગીયું, ભમરો, હરણ, પક્ષી, સર્પ માછલું, હાથી, સિંહ વગેરે પ્રમાદથી એક એક ઇંદ્રિયના વિષયરૂપ પ્રમાદને વશ થઈ જવાથી જેમ મરણ બંધન વગેરે દુઃખોથી પીડા પામે છે, તેમ હે જીવ! તું પણ ઇંદ્રિયોને વશ પડીને લાંબા વખત સુધી શોચ પામીશ." ૧૪

ઉપજાતિ.

### પ્રમાદનું ત્યાજ્યપણું

**पुरापि पापैः पतितोऽसि दुःख-**
**राशौ पुनर्मूढ ! करोषि तानि ।**

मज्जन्महापंकिलवारिपूरे,
शिला निजे मूर्ध्नि गले च धत्से ॥१५॥

"હે મૂઢ! પૂર્વે પણ પાપવડે તું દુઃખના ઢગમાં પડયો છે અને વળી હજુ પણ તેજ કરે છે, મહાકાદવવાળા પાણીના પૂરમાં પડતાં પડતાં ખરેખર તું તો તારે ગળે અને મસ્તકે મોટો પથ્થર ધારણ કરે છે!" ૧૫.

ઉપજાતિ

સુખપ્રાપ્તિ અને દુઃખનાશનો ઉપાય.

पुनः पुनर्जीव! तवोपदिश्यते,
बिभेषि दुःखात्सुखमीहसे चेत् ।
कुरुष्व तत्किंचन येन वांछितं,
भवेत्तवास्तेऽवसरोऽयमेव यत् ॥१६॥

" હે ભાઈ! અમે તો તને વારંવાર કહીએ છીએ કે જો તું દુઃખથી બીતો હોય અને સુખની ઈચ્છા રાખતો હોય તો તું કાંઇક એવું કર કે જેથી વાંછિત થઈ જાય, કારણ કે આ તને પ્રાપ્ર થયેલો અવસર છે. ( આ તારો વખત છે. ) ૧૬

વંશસ્થ.

સુખપ્રાપ્તિનો ઉપાય-ધર્મસર્વસ્વ.

**धनांगसौख्यस्वजनानसूनपि,**
**त्यज त्यजैकं न च धर्ममार्हतम् ।**
**भवन्ति धर्माद्धि भवे भवेऽर्थिता-**
**न्यमून्यमीभिः पुनरेष दुर्लभः ॥१७॥**

" પૈસો, શરીર, સુખ, સગા સંબંધીઓ

અને છેવટ પ્રાણ પણ તજી દે, પણ એક વીતરાગ અર્હત્પરમાત્માએ બતાવેલો ધર્મ તજીશ નહિ; ધર્મથી ભવોભવમાં આ પદાર્થો, ( પૈસો, સુખ વિગેરે ) મળશે, પણ એથી (પૈસા વિગેરેથી) તે (ધર્મ) મળવો દુર્લભ છે." ૧૭

વંશસ્થ.

### સકામદુખ સહન-તેનાથી લાભ

**दुःखं यथा बहुविधं सहसेऽप्यकामः,**
**कामं तथा सहसि चेत्करुणादिभावैः।**
**अल्पीयसापि तव तेन भवांतरे स्या-**
**दात्यंतिकी सकलदुःखनिवृत्तिरेव १८**

"વગર ઇચ્છાએ જેમ તું બહુ પ્રકારનાં દુઃખો સહન કરે છે તેમજ જો તું કરૂણા-

દિક ભાવનાથી ઇચ્છાપૂર્વક થોડાં પણ દુઃખો સહન કરીશ તો ભવાંતરે હંમેશને માટે સર્વ દુઃખોની નિવૃત્તિ થશેજ." ૧૮ વસંતતિલકા.

પાપકર્મોમાં ડહાપણ માનનાર પ્રત્યે.

**प्रगल्भसे कर्मसु पापकेष्वरे,**
**यदाशया शर्म न तद्विनानितम् ।**
**विभावयंस्तच्च विनश्वरं द्रुतं,**
**बिभेषि किं दुर्गतिदुःखतो नहि ?॥१९॥**

"જે સુખની ઇચ્છાથી તું પાપ કર્મોમાં મૂર્ખાઇથી તલ્લીન થાય છે તે સુખો તો જીવિતવ્ય વગર કાંઈ કામના નથી; અને જીન્દગી તો શીઘ્ર નાશવંત છે એમ જ્યારે તું સમજે છે ત્યારે અરે ભાઈ! તું દુર્ગતિનાં દુઃખથી કેમ બીતો નથી ?" ૧૯ વંશસ્થ.

તારાં કૃત્યો અને ભવિષ્યનો વિચાર.

**कर्माणि रे जीव ! करोषि तानि,**
**यैस्ते भविऱ्यो विपदो ह्यनंताः ।**
**ताभ्यो भिया तद्दधसेऽधुना किं ?,**
**संभाविताभ्योऽपि भृशाकुलत्वम् २०**

"હે જીવ ! તું કર્મો એવાં કરે છે કે જેના વડે તને ભવિષ્યમાં અનંત આપત્તિઓ થાય, ત્યારે સંભવિત એવી વિપત્તિઓના ભયથી અત્યારે અત્યંત આકુળવ્યાકુળ શા માટે થાય છે ?" ૨૦ ઇંદ્રવજ્રા.

સહચારીના મૃત્યુથી બોધ.

**ये पालिता वृद्धिमिताः सहैव,**
**स्निग्धा भृशस्नेहपदं च ये ते ।**

यमेन तानप्यदयं गृहीतान्,
ज्ञात्वापि किं न त्वरसे हिताय ?॥२१॥

“જે તારી સાથે પળાયા પોષાયા અને મોટા પણ સાથે થયા, વળી જેઓ અત્યંત સ્નેહી હતા અને જે તારા પ્રેમ પાત્ર હતા તેઓને યમરાજે નિર્દયપણે ગ્રહણ કર્યા છે એમ જાણીને પણ તું સ્વહિત કરવા માટે કેમ ઉતાવળ કરતો નથી ?” ૨૧ ઉપજાતિ.

પુત્રસ્ત્રી કે સગાં ખાતર પાપકરનારાઓને ઉપદેશ.

यैः क्लिश्यसे त्वं धनबंधवपत्य-
यशःप्रभुत्वादिभिराशयस्थैः ।

किया निह प्रेत्य च तैर्गुणस्ते,
साध्यः किमायुश्च विचारयैवम् ॥२२॥

" કલ્પનામાં રહેલાં એવાં ધન, સગા, પુત્ર, યશ, પ્રભુત્વ વિગેરેથી ( વિગેરે માટે ) તું કલેશ પામે છે; પણ તું વિચાર કર કે આ ભવમાં અને પરભવમાં તેઓથી કેટલો ગુણ સાધી શકાયં તેમ છે અને તારૂં આયુષ્ય કેટલું છે ? " ૨૨

ઉપજાતિ.

પરદેશી પંથીનો પ્રેમ. હિત વિચારણા.

किमु मुह्यसि गत्वरैः पृथक्,
कृपणैर्बंधुवपुःपरिग्रहैः ।
विमृशस्व हितोपयोगिनोऽ-
वसरेऽस्मिन् परलोकपांथ! रे ॥२३॥

“ હે પરલોકે જનારા પંથી ! જુદા જુદા ચાલ્યા જનારા અને તુચ્છ એવા બંધુ, શરીર અને પૈસાથી તું શું મોહ પામે છે ? આ વખતે તારાં સુખમાં વધારો કરે તેવા ઉપાયો ખરેખરા કયા છે તેજ વિચાર. ” ૨૩ ગીતિ.

આત્મ જાગૃતિ.

**सुखमास्से सुखं शेषे,**
**भुंक्षे पिबसि खेलसि ।**
**न जाने त्वग्रतः पुण्यै-**
**र्विना ते किं भविष्यति ? ॥२४॥**

“ સુખે બેસે છે, સુખે સુએ છે; સુખે ખાય છે, સુખે પીએ છે અને સુખે ખેલે છે; પણ અગાડી પુણ્ય વગર તારા શા હાલ થશે તે હું જાણતો નથી. ” ૨૪ અનુષ્ટુબ્.

થોડા કષ્ટથી બીહે છે અને બહુ કષ્ટ થાય
તેવું કરે છે.

शीतात्तापान्मक्षिकाकत्तृणादि-
स्पर्शाद्युत्थात्कष्टतोऽल्पाद्बिभेषि ।
तास्ताश्चैभिः कर्मभिः स्वीकरोषि,
श्वभ्रादीनां वेदना धिग् धियं ते ॥२५॥

"ટાઢ, તડકો, માખીના ડંસ અને કર્કશ તૃણાદિના સ્પર્શથી થયેલાં બહુ થોડાં અને થોડા વખત સુધી ચાલે તેવાં કષ્ટથી તું ડરી જાય છે અને તારાં પોતાનાં કૃત્યોથી પ્રાપ્ત થનારી નરક નિગોદની મહાવેદનાઓનો અંગીકાર કરે છે. રંગ છે તારી અક્કલને ! !"૨૫

શાલિની.

## ઉપસંહાર-પાપનો ડર.

**क्वचित्कषायैः क्वचन प्रमादैः,**
**कदाग्रहैः क्वापि च मत्सराद्यैः ।**
**आत्मानमात्मन् कलुषीकरोषि,**
**बिभेषि धिङ् नो नरकादधर्मा ॥२६॥**

"હે આત્મન્! કોઈ વખત કષાય કરીને કોઈ વખત પ્રમાદ કરીને કોઇ વખત કદાગ્રહ કરીને અને કોઇ વખત મત્સર વિગેરે કરીને આત્માને મલિન કરે છે અરે તને ધિક્કાર છે! તું આવો અધર્મી કે નરકથી પણ બીતો નથી?" ૨૬. ઉપજાતિ.

# अथैकादशो धर्मशुद्ध्युपदेशाधिकारः

## ધર્મશુદ્ધિનો ઉપદેશ.

भवेद्भवापायविनाशनाय यः,
तमज्ञ ! धर्मं कलुषीकरोषि किम् ? ।
प्रमादमानोपधिमत्सरादिभि-
र्न मिश्रितं ह्यौषधमामयापहम् ॥१॥

"હે મૂર્ખ ! જે ધર્મ તારી સંસાર સંબંધી વિટંબણાનો નાશ કરનાર છે તેજ ધર્મને પ્રમાદ, માન, માયા; મત્સર વિગેરે વડે શા માટે મલિન કરે છે ? ( તારા મનમાં ચોક્કસ સમજજે કે ) મિશ્રિત ઔષધ વ્યાધિનો નાશ કરી શકતું નથી." ૧

વંશસ્થવૃત્તં.

શુદ્ધ પુણ્યજલમાં મળના નામો.

शैथिल्यमात्सर्यकदाग्रहक्रुधोऽ-
नुतापदंभाविधिगौरवाणि च ।
प्रमादमानौ कुगुरुः कुसंगतिः,
श्लाघार्थिता वा सुकृते मला इमे ॥२॥

" સુકૃત્યમાં આટલા પદાર્થો મેલરૂપ છે- શિથિલતા, મત્સર, કદાગ્રહ, ક્રોધ, અનુતાપ, દંભ, અવિધિ, ગૌરવ, પ્રમાદ, માન, કુગુરૂ, કુસંગ, આત્મપ્રશંસાશ્રવણની ઇચ્છા; આ સર્વ પુણ્યરાશિમાં મેલ રૂપ છે. " ૨.

ઉપજાતિ.

પરગુણ પ્રશંસા.

यथा तवेष्टा स्वगुणप्रशंसा,
तथा परेषामिति मत्सरोज्झी ।

तेषामिमां संतनु यल्लभेथा-
स्तां नेष्टदानादि विनेष्टलाभः ॥३॥

"જેવી રીતે તને તારા પોતાના ગુણોની પ્રશંસા વહાલી છે તેવીજ રીતે બીજાઓને પણ પોતાના ગુણની પ્રશંસા વહાલી હોય છે; તથી મત્સર તજી દઇને તેઓના ગુણની પ્રશંસા સારી રીતે કરવા માંડ જેથી તને પણ તે મળે (એટલે તારા ગુણોની પણ પ્રશંસા થાય) કારણ કે વહાલી વસ્તુ આપ્યા વગર વહાલી વસ્તુ મળતી નથી." ૩

ઉપજાતિ.

પોતાની ગુણસ્તુતિ અને દોષનિંદામાં મન ન રાખવું.

जनेषु गृह्णत्सु गुणान् प्रमोदसे,
ततो भवित्री गुणरिक्तता तव।

गृह्णत्सु दोषान् परितप्यसे च चेद्,
भवन्तु दोषास्त्वयि सुस्थिरास्ततः॥४॥

"બીજા માણસો તારા ગુણની સ્તુતિ કરે ત્યારે તું હર્ષ પામીશ તો તારામાં ગુણની શૂન્યતા થશે, અને લોકો તારા દોષો ગ્રહણ કરે ત્યારે ખેદ પામીશ તો તે દોષો તારામાં નિશ્ચળ–દૃઢ થશે" ૪. વંશસ્થ.

શત્રુગુણ પ્રશંસા.

प्रमोदसे स्वस्य यथान्यनिर्मितैः,
स्तवैस्तथा चेत्प्रतिपंथिनामपि ।
विगर्हणैः स्वस्य यथोपतप्यसे,
तथा रिपूणामपि चेत्ततोऽसि वित्।५।

"બીજા માણસોએ કરેલી તારી પ્રશંસા સાંભળીને જેમ તું ખુશી થાય છે તેવીજ રીતે

શત્રુની પ્રશંસા સાંભળીને પણ તને પ્રમોદ થાય, અને જેવી રીતે તારી પોતાની નિંદા સાંભળીને ખેદ પામે છે; તેવીજ રીતે શત્રુની નિંદા સાંભળીને ખેદ પામે ત્યારે તું ખરેખરો જાણકાર છો એમ સમજવું." ૫ વંશસ્થ.

પરગુણ પ્રશંસા.

**स्तवैर्यथा स्वस्य विगर्हणैश्च,**
**प्रमोदतापौ भजसे तथा चेत् ।**
**इमौ परेषामपि तैश्चतुर्ष्व-**
**प्युदासतां वासि ततोऽर्थवेदी ॥६॥**

"જેવી રીતે પોતાની પ્રશંસા અને નિંદાથી અનુક્રમે આનંદ અને ખેદ પામે છે તેવીજ રીતે પરની પ્રશંસા અને નિંદાથી આનંદ અને ખેદ થતો હોય અથવા તે ચારે ઉપર ઉદા-

સીન વૃત્તિ રાખતો હોય તો તું ખરા અર્થનો જાણકાર છે.” ૬

ઉપેંદ્રવજ્રા.

ગુણ સ્તુતિની અપેક્ષા નુકશાન કારક છે.

**भवेन्न कोऽपि स्तुतिमात्रतो गुणी,**
**ख्यात्या न बह्व्यापि हितं परत्र च।**
**तदिच्छुरीर्ष्यादिभिरायतिं ततो,**
**मुधाभिमानग्रहिलो निहंसि किम्॥७॥**

“ લોક વખાણ કરે તેથી કોઇ ગુણી થતો નથી, વળી ખ્યાતિથી પણ આવતા ભવમાં (પરલોકમાં) હિત થવાનું નથી, તારે જો આવતા ભવમાં તારૂં સારૂં કરવાની ઇચ્છા છે તો નકામો અભિમાનને વશ થઇને ઇર્ષ્યા વિગેરે કરી આવતો ભવ પણ શા માટે બગાડે છે ?” ૭

ઉપજાતિ,

શુદ્ધધર્મ કરવાની જરૂર. કરનારાઓની સ્વલ્પતા

सृजन्ति के के न बहिर्मुखा जनाः ।
प्रमादमात्सर्यकुबोधविप्लुताः ।
दानादिधर्माणि मलीमसान्यमू-
न्युपेक्ष्य शुद्धं सुकृतं चराऽणवपि ॥८॥

"પ્રમાદ, મત્સર અને મિથ્યાત્વથી ઘેરાયેલા કેટલાએક સામાન્ય માણસો દાન વીગેરે ધર્મો કરે છે, પણ આ ધર્મો મલિન છે; તો તેઓની ઉપેક્ષા કરી શુદ્ધ સુકૃત્ય જરા એક-એક અણું જેટલુંજ કર." ૮ વંશસ્થવૃત્તં.

પ્રશંસા વગરના સુકૃત્યનું વિશિષ્ટપણું.

आच्छादितानि सुकृतानि यथा दधंते,
सौभाग्यमत्र न तथा प्रकटीकृतानि ।

व्रीडानताननसरोजसरोजनेत्रा-
वक्षःस्थलानि कलितानि यथा दुकूलैः९

"આ દુનીયામાં ગૂઢ પુણ્યકર્મો—સુકૃત્યો જેવી રીતે સૌભાગ્ય આપે છે તેવી રીતે પ્રકટ કરેલાં સુકૃત્યો આપતાં નથી જેમકે લજ્જાથી નમાવ્યું છે મુખ કમળ જેણે એવી કમળનયના સ્રીનાં સ્તનમંડળ વસ્રથી આચ્છાદિત હોય ત્યારે જેટલી શોભા આપે છે તેટલી શોભા ઉઘાડાં હોય ત્યારે આપતાં નથી." ૯

વસંતતિલકા.

સ્વગુણ પ્રશંસાથી લાભ જરા પણ નથી.

स्तुतैः श्रुतैर्वाप्यपरैर्निरीक्षितै-
र्गुणस्तवात्मन् ! सुकृतैर्न कश्चन ।

फलन्ति नैव प्रकटीकृतैर्भुवो,
द्रुमा हि मूलैर्निपतंत्यपि त्वधः ॥१०॥

તારા ગુણો અથવા સુકૃત્યોની બીજા સ્તુતિ કરે અથવા સાંભળે અથવા તારાં સારાં કામો બીજા જુએ, તેથી હે ચેતન! તને કાંઇ પણ લાભ નથી. જેમ કે ઝાડનાં મૂળ ઉઘાડાં કરી નાખ્યાં હોય તો તેથી ઝાડ ફલતાં નથી, પણ ઉલટાં ઉખડી જઇને ભોંય પર પડે છે તેમજ સારાં કામો પણ ઉઘાડાં પડવાથી ભોંયે પડે છે. ૧૦ વંશસ્થવૃત્તં.

ગુણ ઉપર મત્સર કરનાર–તેની ગતિ.

तपःक्रियावश्यकदानपूजनैः,
शिवं न गंता गुणमत्सरी जनः ।

**अपथ्यभोजी न निरामयो भवे-**
**द्रसायनैरप्यतुलैर्यदातुरः ॥११॥**

ગુણ ઉપર મત્સર કરનાર પ્રાણી તપશ્ચર્યા, આવશ્યકક્રિયા દાન અને પૂજાથી મોક્ષે જતો નથી. જેમકે માંદો માણસ જો અપથ્ય ભોજન કરતો હોય તો પછી તે ગમે તેટલું રસાયણ ખાય તો પણ તે સાજો ન થાય. ૧૧ વંશસ્થવૃત્તં.

શુદ્ધ પુણ્ય અલ્પ હોય તોપણ સારૂં.

**मंत्रप्रभारत्नरसायनादि-**
**निदर्शनादल्पमपीह शुद्धम् ।**
**दानार्चनावश्यकपौषधादि,**
**महाफलं पुण्यमितोऽन्यथान्यत् १२**

મંત્ર, પ્રભા, રત્ન, રસાયણ વિગેરેમાં દ્રષ્ટાંતથી ( જણાય છે કે ) દાન, પૂજા, આવશ્યક, પૌષધ વિગેરે ( ધર્મ ક્રિયા ) બહુ થોડાં હોય તો પણ જો શુદ્ધ હોય તો તે મહાફળને આપે છે, અને બહુ હોય છતાં અશુદ્ધ હોય તો મોક્ષ રૂપ ફળ આપતાં નથી. ૧૨

ઉપજાતિ.

ઉક્ત અર્થ દ્રષ્ટાંતથી બતાવે છે.

**दीपो यथाल्पोऽपि तमांसि हन्ति,**
**लवोऽपि रोगान् हरते सुधायाः ।**
**तृण्यां दहत्याशु कणोऽपि चाग्ने-**
**र्धर्मस्य लेशोऽप्यमलस्तथांहः ॥१३॥**

"એક નાનો દીવો પણ અંધકારને હણી નાખે છે, અમૃતનું એક ટીપું પણ અનેક રો-

ગોનો નાશ કરે છે અને અગ્નિની એક ચીણુ-
ગારી ખડના મોટા ઢગલાને બાળી મૂકે છે;
તેવીજ રીતે જો ધર્મનો અંશ પણ નિર્મળ
હોય તો તે પાપને હણી નાખે છે." ૧૩

ઉપજાતિ.

ભાવ અને ઉપયોગ વગરની ક્રિયાથી
કાયક્લેશ–ઉપસંહાર.

**भावोपयोगशून्याः,**
**कुर्वन्नावश्यकीः क्रियाः सर्वाः ।**
**देहक्लेशं लभसे,**
**फलमाप्स्यसि नैव पुनरासाम् ॥१४॥**

"ભાવ અને ઉપયોગ વગર સર્વ આવશ્યક ક્રિયા કરતાં તને માત્ર કાયક્લેશ (શરીરની મજૂરી) થશે, પણ તું તેઓનું ફળ મેળવી શકીશ નહીંજ." ૧૪

આર્યા

# अथ द्वादशः देवगुरुधर्मशुद्धयधिकारः

## ગુરૂતત્ત્વની મુખ્યતા.

**तत्त्वेषु सर्वेषु गुरुः प्रधानं,**
**हितार्थधर्मा हि तदुक्तिसाध्याः ।**
**श्रयंस्तमेवेत्यपरीक्ष्य मूढ !,**
**धर्मप्रयासान् कुरुषे वृथैव ॥१॥**

સર્વતત્ત્વોમાં ગુરૂ મુખ્ય છે, આત્મહિત માટે જે જે ધર્મો કરવાના છે તે તે તેઓના કહેવાથી સાધી શકાય છે. હે મુર્ખ ! તેઓની પરીક્ષા કર્યા વગર જો તું તેઓનો આશ્રય કરીશ તો તારા ધર્મ સંબંધી કરાતા પ્રયાસો ( ધર્મના કામમાં કરવામાં આવતી મહેનત )નકામા થશે.૧.

ઉપજાતિ.

સદોષ ગુરૂના બતાવેલા ધર્મો પણ સદોષ.

**भवी न धर्मैरविधिप्रयुक्तै-**
**र्गमी शिवं येषु गुरुर्न शुद्धः ।**
**रोगी हि कल्यो न रसायनैस्तै-**
**र्येषां प्रयोक्ता भिषगेव मूढः ॥२॥**

"જ્યાં ધર્મના બતાવનાર ગુરૂ શુદ્ધ નથી ત્યાં અવિધિએ ધર્મો કરવાથી પ્રાણી મોક્ષ જઇ શકતો નથી; જે રસાયણ ખવરાવનાર વૈદ્ય મૂર્ખ હોય તે ખાવાથી વ્યાધિગ્રસ્ત પ્રાણી નિરોગી થઈ શકતો નથી." ૨. ઉપજાતિ.

પોતે ડુબે અને બીજાને ડુબાવે તેવા કુગુરૂ.

**समाश्रितस्तारकबुद्धितो यो,**
**यस्यास्त्यहो मज्जयिता स एव ।**

ओघं तरीता विषमं कथं स,
तथैव जंतुः कुगुरोर्भवाब्धिम् ॥३॥

"આ પુરૂષ તારવાને સમર્થ છે, એવી બુદ્ધિથી જેનો આશ્રય કરવામાં આવે તે આશ્રય કરનારનો જ્યારે આશ્રય આપનારજ ડૂબાવનાર થાય ત્યારે પછી આ આકરો (અથવા ચપળ) પ્રવાહ તે પ્રાણી કેવી રીતે તરી શકશે ? તેવીજ રીતે કુગુરૂ આ પ્રાણીને સંસાર સમુદ્રથી કેવી રીતે તારશે ?" ૩. ઉપજાતિ.

શુદ્ધદેવ, ગુરૂ અને ધર્મ ભજવાનો ઉપદેશ.

गजाश्वपोतोक्षरथान् यथेष्ट-
पदाप्तये भद्र ! निजान् परान् वा ।
भजंति विज्ञाः सुगुणान् भजैवं,
शिवाय शुद्धान् गुरुदेवधर्मान् ॥४॥

" હે ભદ્ર! જેવી રીતે ડાહ્યા પ્રાણીઓ ઇચ્છતજગાએ પહોંચવા સારૂ પોતાનાં અથવા પારકાં હાથી, ઘોડા, વહાણ, બળદ અને રથો સરસ જોઈને રાખી લે છે તેવીજ રીતે મોક્ષ મેળવવા માટે શુદ્ધદેવ ગુરૂ ધર્મને ભજ. " ૪

ઉપેંદ્રવજ્રા.

કુગુરૂના ઉપદેશથી કરેલો ધર્મ પણ નિષ્ફળ છે.

**फलाद् वृथाः स्युः कुगुरुपदेशतः,**
**कृता हि धर्मार्थमपीह सूद्यमाः ।**
**तद्दृष्टिरागं परिमुच्य भद्र ! हे,**
**गुरुं विशुद्धं भज चेद्धितार्थ्यसि ॥५॥**

" સંસાર યાત્રામાં કુગુરૂના ઉપદેશથી ધર્મને માટે કરેલા મોટા પ્રયાસ પણ ફળની બાબતમાં જોઈએ તો વૃથા નીવડે છે, તેટલા માટે

હે ભાઇ ! જો તું હિતની ઇચ્છા રાખતો હોય તો દ્રષ્ટિરાગ પડતો મૂકીને અત્યંતશુદ્ધ ગુરૂને ભજ."

૫. વંશસ્થવૃત્તં.

વીરને વિનતિ. શાસનમાં લુંટારાનું જોર.

न्यस्ता मुक्तिपथस्य वाहकतया
श्रीवीर ! ये प्राक् त्वया,
लुंटाकास्त्वदृतेऽभवन् बहुतरा-
स्त्वच्छासने ते कलौ ।
बिभ्राणा यतिनाम तत्तनुधियां
मुष्णंति पुण्यश्रियः,
पूत्कुर्मः किमराज्यके ह्यपि तला-
रक्षा न किं दस्यवः ? ॥६॥

"હે વીર પરમાત્મા ! મોક્ષમાર્ગના વહન-કરનારા તરીકે (સાર્થવાહ તરીકે) જેને તેં પૂર્વે મૂક્યા હતા, (સ્થાપિત કર્યાં હતા) તેઓ કળિ-કાળમાં તારી ગેરહાજરીમાં તારા શાસનમાં મોટા લુંટારા થઇ પડ્યા છે. તેઓ યતિનું નામ ધારણ કરીને અલ્પબુદ્ધિવાળા પ્રાણીઓની પુણ્યલક્ષ્મી ચોરી લે છે, અમારે તે હવે શું પોકાર કરવો? ધણી વગરનું રાજ્ય હોય ત્યાં કોટવાળ પણ શું ચોર નથી થતા?" ૬. શાર્દૂલવિક્રીડિત.

**અશુદ્ધ દેવગુરૂધર્મ–ભવિષ્યમાં શોચ.**

**माद्यस्यशुद्धैर्गुरुदेवधर्मै-**
**र्धिग् दृष्टिरागेण गुणानपेक्षः ।**
**अमुत्र शोचिष्यसि तत्फले तु,**
**कुपथ्यभोजीव महामयार्त्तः ॥७॥**

" દ્રષ્ટિરાગથી ગુણની અપેક્ષા વગર તું અશુદ્ધ દેવગુરૂ ધર્મ પ્રત્યે હર્ષ બતાવે છે તે માટે તને ધિક્કાર છે! જેવી રીતે કુપથ્ય ભોજન કરનાર મહાપીડા પામીને હેરાન થાય છે તેવીજ રીતે આવતા ભવમાં તું તે (કુદેવ ગુરૂ ધર્મ–સેવન) નું ફળ પામીને શોચ કરીશ." ૭.

ઉપજાતિ.

અશુદ્ધ ગુરૂ મોક્ષ આપે નહિ, દૃષ્ટાંત

**नाम्रं सुसिक्तोऽपि ददाति निंबकः,**
**पुष्टा रसैर्वंध्यगवी पयो न च ।**
**दुःस्थो नृपो नैव सुसेवितः श्रियं,**
**धर्मं शिवं वा कुगुरुर्न संश्रितः ॥८॥**

" સારી રીતે સીંચેલો પણ લીંબડો કેરી આપતો નથી; (શેરડી, ઘી તેલ, વિગેરે) રસો

ખવરાવોને પુષ્ટ કરેલી વંધ્યા ગાય દૂધ દેતી નથી; (રાજ્ય ભ્રષ્ટતા જેવા) ખરાબ સંજોગોમાં આવેલા રાજાની સારી રીતે સેવા કરી હોય તોપણ તે લક્ષ્મી આપી ન્યાલ કરતો નથી; તેવી જ રીતે, કુગુરૂનો આશ્રય કરવાથી તે શુદ્ધ ધર્મ અને મોક્ષ આપી અપાવી શકતા નથી.” ૮

ઇંદ્રવજ્રા.

### તાત્ત્વિક હિત કરનાર વસ્તુ.

**कुलं न जातिः पितरौ गणो वा,**
**विद्या च बंधुः स्वगुरुर्धनं वा ।**
**हिताय जंतोर्न परं च किंचित्,**
**किंत्वादृताः सद्गुरुदेवधर्माः ॥९॥**

“કુલ, જાતિ, માબાપ, મહાજન, વિદ્યા, સગાં સંબંધીઓ, કુળગુરૂ અથવા પૈસા કે બીજી કોઇ

પણ વસ્તુ આ પ્રાણીના હિતને માટે થતી નથી પરંતુ આદરેલા ( આરાધન કરેલા) શુદ્ધ દેવ ગુરૂ અને ધર્મજ (હિત કરનારા થાય છે.)"૯

ઉપજાતિ.

ધર્મમાં જોડે તેજ ખરાં માબાપ

**माता पिता स्वः सुगुरुश्च तत्त्वात्,**
**प्रबोध्य यो योजति शुद्धधर्मे ।**
**न तत्समोऽरिः क्षिपते भवाब्धौ,**
**यो धर्मविघ्नादिकृतेश्च जीवम् ॥१०॥**

"જે ધર્મનો બોધ આપીને શુદ્ધ ધર્મમાં જોડે તેજ તત્ત્વથી ખરેખરાં માબાપ, તેજ ખરેખરાં પોતાના હિતસ્વી અને તેજ સુગુરૂ સમજવા, જે આ જીવને સુકૃત્ય અથવા ધર્મના વિષયમાં અંતરાય કરીને સંસાર સમુદ્રમાં ફેંકી દે છે. તેના સરખો કોઇ દુશ્મન નથી." ૧૦

ઉપજાતિ.

સંપત્તિનાં કારણો.

**दाक्षिण्यलज्जे गुरुदेवपूजा,**
**पित्रादिभक्तिः सुकृताभिलाषः ।**
**परोपकारव्यवहारशुद्धी,**
**नृणामिहामुत्र च संपदे स्युः ॥११॥**

"દાક્ષિણ્યતા, લજ્જાળુપણું, ગુરૂ અને દેવની પૂજા, માબાપ વગેરે વડીલ તરફ ભક્તિ, સારાં કાર્યો કરવાની અભિલાષા, પરોપકાર અને વ્યવહારશુદ્ધિ મનુષ્યને આ ભવમાં અને પરભવમાં સંપત્તિ આપે છે." ૧૧ ઉપજાતિ.

વિપત્તિનાં કારણો,

**जिनेष्वभक्तिर्यमिनामवज्ञा,**
**कर्मस्वनौचित्यमधर्मसंगः ।**

पित्राद्युपेक्षा परवंचनञ्च,
सृजन्ति पुंसां विपदः समंतात् ॥१२॥

"જિનેશ્વરભગવંત તરફ અભક્તિ ( આશાતના ) સાધુઓની અવગણના, વ્યાપારાદિમાં અનુચિત પ્રવૃત્તિ. અધર્મીનો સંગ, માબાપ, વગેરેની સેવા કરવામાં ઉપેક્ષા ( બેદરકારી ) અને પરવંચન ( બીજાને ઠગવું તે )–આ સર્વ પ્રાણીને માટે ચોતરફથી આપદાઓ ઉત્પન્ન કરે છે."૧૨

પરભવમાં સુખ મેળવવા માટે પુણ્ય ધન

भक्त्यैव नार्चसि जिनं सुगुरोश्च धर्मं,
नाकर्णयस्यविरतं विरतीर्न धत्से ।
सार्थं निरर्थमपि च प्रचिनोष्यघानि,
मूल्येन केन तदमुत्र समीहसे शम् ?१३

"હે ભાઇ ! તું ભક્તિથી શ્રી જીનેશ્વરભગવાનની પૂજા કરતો નથી; તેમજ સારા ગુરૂમહારાજની સેવા કરતો નથી; નિરંતર ધર્મ સાંભળતો નથી, વળી વિરતિ (પાપથી પાછા હઠવું–વ્રત પચ્ચખ્ખાણ કરવાં તે ) નેતો ધારણ પણ કરતો નથી; વળી પ્રયોજને કે વિના પ્રયોજને પાપને પુષ્ટિ આપે છે; ત્યારે તું શું કિંમતે આવતા ભવમાં સુખ મેળવવાની ઇચ્છા રાખે છે ?" ૧૩

વસંતતિલકા.

સુગુરૂ સિંહ કુગુરૂ શિયાળ

**चतुष्पदैः सिंह इव स्वजात्यै,**
**र्मिलन्निमांस्तारयतीह कश्चित् ।**
**सहैव तैर्मज्जति कोऽपि दुर्गे,**
**शृगालवच्चेत्यमिलन् वरं सः ॥१४॥**

" જેવી રીતે પોતાની જાતિના પ્રાણીઓને મળીને સિંહે તાર્યા હતા, તેવી રીતે કોઇક (સુગુરૂ) પોતાના જાતિભાઇ ( ભવ્ય પંચેંદ્રિય ) ને મળીને આ સંસાર સમુદ્રથી તારે છે; અને જેવી રીતે શિયાલ પોતાના જાતિભાઈઓની સાથે ડુબી મુઓ, તેવી રીતે કોઇક (કુગુરૂ) પોતાની સાથે સર્વને નરકાદિ અનંત સંસારમાં ડુબાવે છે. માટે આવા શિયાળ જેવા પુરુષ તો ન મળ્યા હોય તોજ સારૂં." ૧૪ ઉપેંદ્રવજ્રા

ગુરૂનો યોગ છતાં પ્રમાદ કરે તે નિર્ભાગી.

**पूर्णे तटाके तृषितः सदैव,**
**भृतेऽपि गेहे क्षुधितः स मूढः ।**
**कल्पद्रुमे सत्यपि ही दरिद्रो,**
**गुर्वादियोगेऽपि हि यः प्रमादी॥१५॥**

" ગુરૂ મહારાજ વિગેરેની બરાબર જોગવાઇ છતાં પણ જે પ્રાણી પ્રમાદ કરે તે

તળાવ પાણીથી ભરેલું છે, છતાં પણ તરસ્યો છે, ( ધનધાન્યથી ) ઘર ભરપૂર છે છતાં પણ તે મૂર્ખ તો ભૂખ્યો છે અને પોતાની પાસે કલ્પવૃક્ષ છે તો પણ તે તો દરિદ્રીજ છે." ૧૫

ઉપજાતિ.

દેવ ગુરૂ ધર્મ ઉપર અંતરંગ પ્રીતિ વિના જન્મ અસાર છે

**न धर्मचिंता गुरुदेवभक्ति-**
**र्येषां न वैराग्यलवोऽपि चित्ते ।**
**तेषां प्रसूक्लेशफलः पशूना-**
**मिवोद्भवः स्यादुदरंभरीणाम् ॥१६॥**

"જે પ્રાણીને ધર્મસંબંધી ચિંતા, ગુરૂ અને દેવ તરફ ભક્તિ અને વૈરાગ્યનો અંશ માત્ર પણ ચિત્તમાં હોય નહિ તેવા પેટ ભરા-

ઓનો જન્મ પશુની પેઠે જણનારીને કલેશ આપનારો જ છે.” ૧૬ ઉપજાતિ.

દેવસંઘાદિકાર્યોમાં દ્રવ્ય વ્યય

न देवकार्ये न च संघकार्ये,
येषां धनं नश्वरमाशु तेषाम् ।
तदर्जनाद्यैर्वृजिनैर्भवांधौ,
पतिष्यतां किं त्ववलंबनं स्यात् ? १७

“ધન–પૈસા એકદમ નાશવંત છે. આવા પૈસા જેની પાસે હોય છે તેઓ જો તેને દેવકાર્યમાં અથવા સંઘકાર્યમાં વાપરતા નથી તો તેઓને સદરહુ દ્રવ્ય મેળવવા માટે કરેલાં પાપોથી સંસાર સમુદ્રમાં પડતાં પડતાં આધાર કોનો થશે ?” ૧૭ ઉપજાતિ

# अथ त्रयोदशो यतिशिक्षोपदेशाधिकारः

મુનિરાજનું ભાવનામય સ્વરૂપ.

ते तीर्णा भववारिधिं मुनिवरा-
स्तेभ्यो नमस्कुर्महे,
येषां नो विषयेषु गृध्यति मनो
नो वा कषायैः प्लुतम् ।
रागद्वेषविमुक् प्रशांतकलुषं
साम्याप्तशर्माद्वयं,
नित्यं खेलति चात्मसंयमगुणा-
क्रीडे[1] भजद्भावनाः ॥१॥

"જે મહાત્માઓનું મન ઈંદ્રિયોના વિષયમાં આસક્ત થતું નથી, કષાયોથી વ્યાપ્ત થતું

---

१ उद्याने.

નથી, જે (મન) રાગદ્વેષથી મુક્ત રહે છે, જેણે પાપ કાર્યોને શાંત પમાડ્યાં છે, જેણે સમતા વડે અદ્વૈત સુખ પ્રાપ્ત કર્યું છે અને જે ભાવના ભાવતું ભાવતું આત્મસંયમ ગુણોરૂપી ઉદ્યાનમાં હમેશાં ખેલે છે–અવા પ્રકારનું જેમનું મન થયેલું છે તે મહામુનીશ્વરો આ સંસારસમુદ્ર તરી ગયા છે અને તેઓને અમે નમસ્કાર કરીએ છીએ."૧

શાર્દૂલવિક્રીડિતમ્

સાધુના વેશ માત્રથી મોક્ષ મળતું નથી.

**स्वाध्यायमाधित्ससि नो प्रमादैः,**
**शुद्धा न गुप्तीः समितीश्च धत्से ।**
**तपो द्विधा नार्जसि देहमोहा-**
**दल्पेऽपि हेतौ दधसे कषायान् ॥२॥**
**परीषहान्नो सहसे न चोप-**

सर्गान्न शीलांगधरोऽपि चासि ।
तन्मोक्ष्यमाणोऽपि भवाब्धिपारं,
मुने !कथं यास्यसि वेषमात्रात् ३ युग्मम्

"હે મુનિ ! તું વિકથાદિ પ્રમાદ કરીને સ્વાધ્યાય (સઝાય ધ્યાન) કરવા ઈચ્છતો નથી, વિષયાદિ પ્રમાદથી સમિતિ અને ગુપ્તિ પામતો નથી, શરીર પર મમત્વથી બન્ને પ્રકારના તપ કરતો નથી, નજીવા કારણથી કષાય કરે છે, પરીષહ તથા ઉપસર્ગ સહન કરતો નથી. (અઢાર હજાર) શીલાંગ ધારણ કરતા નથી ત છતાં તું મોક્ષ મેળવવા ઈચ્છે છે, પણ હે મુનિ ! વેશ માત્રથી સંસારસમુદ્રનો પાર કેવી રીતે પામીશ ?" ૨-૩. ઉપજાતિ.

વેશમાત્રથી કાંઈ વળતું નથી.

आजीविकार्थमिह यद्यतिवेषमेष,
धत्से चरित्रममलं न तु कष्टभीरुः ।

**तद्वेत्सि किं न न बिभेति जगज्जिघृक्षु-**
**मृत्युः कुतोपि नरकश्च न वेषमात्रात्४**

" તું આજીવિકા માટે જ સંસારમાં યતિનો વેશ ધારણ કરે છે પણ કષ્ટથી બ્હી જઇને શુદ્ધ ચારિત્ર પાળતો નથી. પણ તને ખબર નથી કે તમામ જગત્‌ને ગ્રહણ કરવાની ઇચ્છા- વાળું મૃત્યુ અને નરક કાંઈ કોઈ પણ પ્રાણીના વેશ ઉપરથી ડરી જતાં નથી. "૪. વસંતતિલકા.

કેવળ વેષ ધારણ કરનારને તો ઉલટો દોષ પ્રાપ્ત થાય છે.

**वेषेण माद्यसि यतेश्चरणं विनात्मन्!,**
**पूजां च वांछसि जनाद्बहुधोपधिं च।**

**मुग्धप्रतारणभवे नरकेऽसि गंता,**
**न्यायं बिभर्षि तदजागलकर्तरीयम् ५**

"હે આત્મન્! તું વર્તન (ચરિત્ર) વગર માત્ર યતિના વેશથી જ મક્કમ રહે છે (અહંકાર કરે છે) અને વળી લોકોની પૂજાની અપેક્ષા રાખે છે અને અનેક પ્રકારે વસ્ત્રપાત્રાદિ ઉપધિ મેળવવાની ઇચ્છા રાખે છે; તેથી ભોળા વિશ્વાસ રાખનારા લોકોને છેતરવાથી પ્રાપ્ત કરેલ નરકમાં તું જરૂર જવાનો છે એમ લાગે છે. ખરેખર તું 'અજાગળ કર્ત્તરીન્યાય' ધારણ કરે છે." ૫. વસંતતિલકા.

બાહ્યવેશ ધરવાનું ફળ.

**जानेऽस्ति संयमतपोभिरमीभिरात्म-**
**न्नस्य प्रतिग्रहभरस्य न निष्क्रयोऽपि।**

**किं दुर्गतौ निपततः शरणं तवास्ते ?,**
**सौख्यं च दास्यति परत्र किमित्यवेहि ६**

"મારા જાણવા પ્રમાણે હે આત્મન્ ! આવા પ્રકારના સંયમ અને તપથી તો (ગૃહસ્થ પાસેથી લીધેલાં પાત્ર, ભોજન વિગેરે) વસ્તુઓનું ભાડું પણ પૂરૂં થતું નથી. ત્યારે દુર્ગતિમાં પડતાં તને શરણ શું થશે ? અને પરલોકમાં સુખ કોણ આપશે ? તેનો તું વિચાર કર." ૬.

વસંતતિલકા.

વર્તન વિનાનું લોકરંજન, બોધિવૃક્ષને કુહાડો, સંસાર સમુદ્રમાં પાત.

**किं लोकसत्कृतिनमस्करणार्चनाद्यै**
**रे मुग्ध तुष्यसि विनापि विशुद्धयोगान्**

**कुंतन् भवांधुपतने तव यत्प्रमादो,**
**बोधिद्रुमाश्रयमिमानि करोति पर्शून्॥७**

"તારા ત્રિકરણ યોગ વિશુદ્ધ નથી છતાં પણ લોકો તારો આદર સત્કાર કરે, તને નમસ્કાર કરે અથવા તારી પૂજાસેવા કરે ત્યારે હે મૂઢ ! તું શામાટે સંતોષ માને છે ? સંસાર સમુદ્રમાં પડતાં તને આધાર ફક્ત બોધિવૃક્ષનો જ છે, તે ઝાડને કાપી નાખવામાં નમસ્કારાદિથી થતો સંતોષાદિ પ્રમાદ આ (લોકસત્કાર વિગેરે) ને કુહાડા બનાવે છે." ૭.

વસંતતિલકા.

લોક સત્કારનો હેતુ—ગુણ વગરની ગતિ.

**गुणांस्तवाश्रित्य नमंत्यमी जना,**
**ददत्युपध्यालयभैक्ष्यशिष्यकान् ।**

विना गुणान् वेषमृषेर्बिभर्षि चेत्,
ततष्ठकानां तव भाविनी गतिः॥८॥

"આ લોક તારા ગુણોને આશ્રયીને તને નમે છે અને ઉપધિ, ઉપાશ્રય, આહાર અને શિષ્યો તને આપે છે હવે જો ગુણ વગર રૂષિ (યતિ) નો વેશ તું ધારણ કરતો હોઈશ તો ઠગના જેવી તારી ગતિ થશે." ૮.

વંશસ્થવૃત્તમ.

યતિપણાનું સુખ અને ફરજ.

नाजीविकाप्रणयिनीतनयादिचिन्ता,
नो राजभीश्च भगवत्समयं च वेत्सि।
शुद्धे तथापि चरणे यतसे न भिक्षो?,
तत्ते परिग्रहभरो नरकार्थमेव॥९॥

"તારે આજીવિકા, સ્ત્રી, પુત્ર, વિગેરેની ચિંતા નથી, રાજ્ય તરફની બીક નથી, અને ભગવાનનાં સિદ્ધાંતો તું જાણે છે. અથવા સિદ્ધાંતનાં પુસ્તકો તારી પાસે છે, છતાં પણ હે યતિ! જો તું શુદ્ધ ચારિત્ર માટે યત્ન કરીશ નહિ તો પછી તારી પાસેની વસ્તુઓનો ભાર (પરિગ્રહ) નરક માટે જ છે. ૯.

વસંતતિલકા.

જ્ઞાની પણ પ્રમાદને વશ થાય-તેનાં બે કારણો.

**शास्त्रज्ञोऽपि धृतव्रतोऽपि गृहिणी-**
**पुत्रादिबंधोज्झितोऽ-**
**प्यंगी यद्यतते प्रमादवशगो**
**न प्रेत्यसौख्याश्रिये ।**
**तन्मोहद्विषतास्त्रिलोकजयिनः**

# काचित्परा दुष्टता,
# बद्धायुष्कतया स वा नरपशु-
# र्नूनं गमी दुर्गतौ ॥ १० ॥

"શાસ્ત્રનો જાણનારો હોય, વ્રત ગ્રહણ કરેલાં હોય તથા સ્ત્રી પુત્ર વિગેરેના બંધનથી મુક્ત હોય, છતાં પ્રમાદને વશ પડીને પારલૈકિક સુખરૂપ લક્ષ્મી માટે આ પ્રાણી કાંઈ યત્ન કરતો નથી. તેમાં ત્રણ લોકને જીતનાર મોહ નામના શત્રુની કોઇ અવાચ્ય દુષ્ટતા કારણરૂપ હોવી જોઇએ અથવા તો તે નરપશુ અગાઉ આયુષ્ય બાંધેલ હોવાને લીધે જરૂર દુર્ગતિમાં જનાર હોવો જોઇએ." ૧૦.

શાર્દૂલવિક્રીડિતમ્.

યતિ સાવદ્ય આચરે તેમાં મૃષોક્તિનો પણ દોષ.

उच्चारयस्यनुदिनं न करोमि सर्वं,
सावद्यमित्यसकृदेतदथो करोषि ।
नित्यं मृषोक्तिजिनवंचनभारितात्तत्,
सावद्यतो नरकमेव विभावये ते॥११॥

"તું હમેશાં દિવસ અને રાતમાં થઈ નવવાર કરેમિભંતેનો પાઠ ભણતાં બોલે છે કે હું સાવદ્ય કામ નહિ કરૂં અને પાછો વારંવાર તેજ કર્યા કરે છે. આ સાવદ્ય કર્મો કરી તું ખોટું બોલનાર થવાથી પ્રભુને પણ છેતરનાર છે. અને તે પાપના ભારથી ભારે થએલા તારે માટે તો નરક જ છે એમ હું ધારૂં છું." ૧૧.

વસંતતિલકા.

યતિ સાવદ્ય આચરે તેમાં પરવંચનનો દોષ.

वेषोपदेशाद्युपधिप्रतारिता,
ददत्यभीष्टानृजवोऽधुना जनाः ।
भुंक्षे च शेषे च सुखं विचेष्टसे,
भवांतरे ज्ञास्यसि तत्फलं पुनः॥१२॥

"વેશ ઉપદેશ અને કપટથી છેતરાએલા ભદ્રક લોકો તને હાલ વાંછિત વસ્તુઓ આપે છે, તું સુખે ખાય છે, સુવે છે અને ફરતો ફરે છે, પણ આવતા ભવે તેના ફળ જાણીશ."૧૨.

ઉપજાતિ.

સંયમમાં યત્ન ન કરનારને હિતબોધ.

आजीविकादिविविधार्त्तिभृशानिशार्त्ताः,
कृच्छ्रेण केऽपि महतैव सृजन्ति धर्मान्।

**तेभ्योऽपि निर्दय ! जिघृक्षसि सर्वमिष्टं,**
**नो संयमे च यतसे भविता कथं हि॥१३।**

" આજીવિકા ચલાવવા વિગેરે અનેક પ્રકારની પીડાઓથી રાતદીવસ બહુ હેરાન થતા કેટલાક ગૃહસ્થો મહામુશ્કેલીથી ધર્મકાર્યો કરતાં હોય છે, તેઓ પાસેથી પણ હે દયાહીન યતિ ! તું તારી સર્વ ઇષ્ટ વસ્તુઓ મેળવવા ઇચ્છા રાખે છે અને સંયમમાં યત્ન કરતો નથી; ત્યારે તારૂં શું થશે ? ૧૩     વસંતતિલકા.

નિર્ગુણ મુનિની ભક્તિથી તેને તથાભક્તોને
ફલ થતું નથી.

**आराधितो वा गुणवान् स्वयं तरन्,**
**भवाब्धिमस्मानपि तारयिष्यति ।**

श्रयन्ति ये त्वामिति भूरिभक्तिभिः,
फलं तवैषां च किमस्ति निर्गुण ! ॥१४॥

"આ ગુણવાન્ પુરૂષની આરાધના કરી હોય તો તે ભવ સમુદ્ર તરે ત્યારે આપણને પણ તારશે એવા પ્રકારની બહુ ભક્તિથી ઘણાં માણસો તારો આશ્રય કરે છે. તેથી હે નિર્ગુણ ! તને અને તેઓને શું લભ છે ?" ૧૪

ઉપજાતિ.

નિર્ગુણ મુનિને ઉલટો પાપ બંધ થાયછે.

स्वयं प्रमादैर्निपतन् भवांबुधौ,
कथं स्वभक्तानपि तारयिष्यसि ? ।
प्रतारयन् स्वार्थभृजून् शिवार्थिनः,
स्वतोऽन्यतश्चैव विलुप्यसेऽहसा ॥१५॥

"તું પોતે પ્રમાદવડે સંસારસમુદ્રમાં પડતો જાય છે ત્યાં પોતાના ભક્તોને તું કેવી રીતે તારવાનો હતો? બિચારા મોક્ષાર્થી સરળ જીવોને પોતાના સ્વાર્થ માટે છેતરીને પોતાથી અને અન્યદ્વારા પાપવડે તું ખરડાય છે." ૧૫

વંશસ્થવૃત્તમ્.

નિર્ગુણને થતું ઋણ તેનું પરિણામ.

गृह्णासि शय्याहृतिपुस्तकोपधीन्,
सदा परेभ्यस्तपसस्त्वियं स्थितिः।
तत्ते प्रमादाद्भरितात्प्रतिग्रहै—
ऋणार्णमग्नस्य परत्र का गतिः? ॥१६॥

"તું બીજાઓ પાસેથી વસતિ, (ઉપાશ્રય) આહાર, પુસ્તક અને ઉપધિ ગ્રહણ કરે છે.

એ સ્થિતિ તો તપસ્વિ લોકોની ( શુદ્ધ ચારિત્ર વાળાઓની ) છે (એટલે એ લેવાનો હક તો માત્ર તપસ્વી લોકોનો છે.) તું તો તેઓનો સ્વીકાર કરીને પાછો પ્રમાદવશ પડી જાય છે, ત્યારે મોટા દેવામાં ડૂબેલા એવા તારી પરભવે શી ગતિ થશે ? " ૧૬

ઉપજાતિ.

તારા કયા ગુણ માટે તું ખ્યાતિની ઈચ્છા રાખે છે?

**न कापि सिद्धिर्न च तेऽतिशायि,**
**मुने ! क्रियायोगतपःश्रुतादि ।**
**तथाप्यहंकारकदर्थितस्त्वं,**
**ख्यातीच्छया ताम्यसि धिङ्मुधा किम्**
**॥१७॥**

"હે મુનિ ! તારામાં નથી કોઇ ખાસ સિદ્ધિ કે નથી ઉંચા પ્રકારનાં ક્રિયા, યોગ

તપસ્યા કે જ્ઞાન; છતાં પણ અહંકારથી કદ-
ર્થના પામેલો પ્રસિદ્ધિ પામવાની ઇચ્છાથી હે
અધમ! તું નકામો પરિતાપ શા માટે કરે
છે?" ૧૭ ઉપજાતિ.

નિર્ગુણ હોય છતાં સ્તુતિની ઇચ્છા રાખે તેનું ફળ.

**हीनोऽप्यरे भाग्यगुणैर्मुधात्मन्,**
**वांछंस्तवार्चाद्यनवाप्नुवंश्च ।**
**ईर्ष्यन् परेभ्यो लभसेऽतिताप-**
**मिहापि याता कुगतिं परत्र ॥१८॥**

"હે આત્મન્! તું નિષ્પુણ્યક છે છતાં પણ
પૂજા વિગેરેની ઇચ્છા રાખે છે અને તે મળતાં
નથી ત્યારે બીજા ઉપર દ્વેષ કરે છે. (પણ તેમ

કરવાથી ) આ ભવમાં બળતરા વહોરી લે છે અને પરભવે કુગતિમાં જવાનો છે. " ૧૮

ઉપજાતિ.

ગુણ વગર સ્તુતિની ઇચ્છા કરનારનું ઋણ.

**गुणैर्विहीनोऽपि जनानतिस्तुति-**
**प्रतिग्रहान् यन्मुदितः प्रतीच्छसि ।**
**लुलायगोऽश्वोष्ट्रखरादिजन्मभि-**
**र्विना, ततस्ते भविता न निष्क्रयः॥१९**

" તું ગુણ વિનાનો છે છતાં પણ લોકો તરફથી વંદન, સ્તુતિ, આહાર પાણીનું ગ્રહણ વિગેરે ખુશી થઇને મેળવવા ઇચ્છા રાખે છે, પણ યાદ રાખજે કે પાડા, ગાય ઘોડા, ઉંટ કે ગધેડાના જન્મ લીધા વગર તું તે દેવામાંથી છુટો થઇ શકીશ નહીં. " ૧૯ વંશસ્થવૃત્તમ્.

ગુણ વગરના વંદન પૂજન–ફળ.

**गुणेषु नोद्यच्छसि चेन्मुने ! ततः,**
**प्रगीयसे यैरपि वंद्यसेऽर्च्यसे ।**
**जुगुप्सितां प्रेत्यगतिं गतोऽपि तै-**
**र्हसिष्यसे चाभिभविष्यसेऽपि वा २०**

"હે મુનિ ! જો તું ગુણ મેળવવા યત્ન કરતો નથી તો પછી જેઓ તારી ગુણ સ્તુતિ કરે છે, તને વાંદે છે અને પૂજે છે તેઓજ જ્યારે તું કુગતિમાં જઇશ ત્યારે તને ખરેખર હસશે અથવા તારો પરાભવ કરશે." ૨૦

વંશસ્થવૃત્તમ્.

ગુણ વગરનાં વંદન પૂજન—હિતનાશ.

**दानमाननुतिवंदनापरै-**

मोदसे, निकृतिरंजितैर्जनैः ।
न त्ववैषि सुकृतस्य चेल्लकः,
कोऽपि सोऽपि तव लुप्यते हि तैः॥२१॥

"તારી કપટજાળથી રંજન પામેલા લોકો તને દાન આપે, માન આપે નમસ્કાર કરે કે વંદન કરે ત્યારે તું રાજી થાય છે, પણ તું જાણતો નથી કે તારી પાસે એક લેશ સુકૃત્ય હશે તે પણ તેઓ લુંટી જાય છે." ૨૧ રથોદ્ધતા.

સ્તવનનું રહસ્ય–ગુણાર્જન.

भवेद्गुणी मुग्धकृतैर्न हि स्तवै-
र्न ख्यातिदानार्चनवंदनादिभिः ।
विना गुणान्नो भवदुःखसंक्षय-
स्ततो गुणानर्जय किं स्तवादिभिः२२

ભોળા જીવોએ કરેલી સ્તુતિથી કોઇ માણસ ગુણવાન્ થતો નથી, તેમજ પ્રખ્યાતિ પામવાથી અથવા દાન અર્ચન અને પૂજન મેળવવાથી પણ કોઇ ગુણવાન થતો નથી. ગુણ વગર સંસારનાં દુઃખનો ક્ષય થતો નથી, તેટલા માટે હે ભાઇ ! ગુણ ઉપાર્જન કર. આ સ્તુતિ વિગેરેથી શું લાભ ?" ૨૨ વંશસ્થવૃત્તમ.

ભવાંતરનો ખ્યાલ–લોકરંજન પર અસર.

**अध्येषि शास्त्रं सदसद्विचित्रा-**
**लापादिभिस्ताम्यसि वा समायैः ।**
**येषां जनानामिह रंजनाय,**
**भवांतरे ते क्व मुने ! क्व च त्वम् ॥२३॥**

"જે મનુષ્યોનું મનરંજન કરવા માટે તું

સારાં અને ખરાબ અનેક પ્રકારનાં શાસ્ત્રો ભણે છે અને માયા પૂર્વક વિચિત્ર પ્રકારનાં ભાષણોથી ( કંઠશોષાદિ ) ખેદ સહન કરે છે તેઓ ભવાંતરે ક્યાં જશે અને તું ક્યાં જઈશ ? ” ૨૩

ઉપજાતિ.

પરિગ્રહત્યાગ.

**परिग्रहं चेद्व्यजहा गृहादे-**
**स्तत्किं नु धर्मोपकृतिच्छलात्तम् ।**
**करोषि शय्योपधिपुस्तकादे-**
**र्गरोऽपि नामांतरतोऽपि हंता ॥२४॥**

“ ઘર વિગેરે પરિગ્રહને તેં તજી દીધા છે તો પછી ધર્મના ઉપકરણને બહાને શય્યા, ઉપધિ, પુસ્તક વિગેરેનો પરિગ્રહ શા માટે

કરે છે? ઝેરને નામાંતર કર્યાથી પણ તે મારે છે." ૨૪ ઉપેંદ્રવજ્રા.

ધર્મના નિમિત્તથી રાખેલ પરિગ્રહ.

**परिग्रहात्स्वीकृतधर्मसाधना-**
**भिधानमात्रात्किमु मूढ ! तुष्यसि ।**
**न वेत्सि हेम्नाप्यति भारिता तरी,**
**निमज्जयत्यंगिनमंबुधौ द्रुतम्॥२५॥**

"હે મૂઢ! ધર્મનાં સાધનને ઉપકરણાદિનું નામ માત્ર આપીને સ્વીકારેલા પરિગ્રહથી તું કેમ હર્ષ પામે છે? શું જાણતો નથી કે વહાણમાં જો સોનાનો પણ અતિ ભાર ભર્યો હોય તો તે પણ બેસનાર પ્રાણીને તુરતજ સમુદ્રમાં બૂડાડે છે." ૨૫ વંશસ્થવૃત્તમ્.

ધર્મોપકરણ પર મૂર્છા—એ પણ પરિગ્રહ.

येंऽहःकषायकलिकर्मनिबंधभाजनं,
स्युः पुस्तकादिभिरपीहितधर्मसाधनैः।
तेषां रसायनवरैरपि सर्पदामयै-
रार्त्तात्मनां गदहृतेःसुखकृत्तु किं भवेत्२६

"જેના વડે ધર્મ સાધનની વાંછા રાખી હોય એવાં પુસ્તકાદિ વડે પણ જે પ્રાણીઓ પાપ, કષાય, કંકાસ અને કર્મબંધ કરે ત્યારે તેઓને સુખનું સાધન શું થાય ? જે પ્રાણીના વ્યાધિઓ ઉત્તમ પ્રકારનાં રસાયણોથી પણ ઉલટા વધારે પ્રસરતા જાય તેને વ્યાધિની શાંતિ માટે સાધન શું થઈ શકે ?" ૨૬

મૃદંગ.

ધર્મોપકરણ પર મૂર્છા—તેથી હ્રાસ.

रक्षार्थं खलु संयमस्य गदिता
येऽर्था यतिनां जिनै-
र्वासःपुस्तकपात्रकप्रभृतयो
धर्मोपकृत्यात्मकाः ।
मूर्छन्मोहवशात्त एव कुधियां
संसारपाताय धिक्,
स्वं स्वस्यैव वधाय शस्त्रमधियां
यद्दुष्प्रयुक्तं भवेत् ॥ २७ ॥

"વસ્ત્ર, પુસ્તક અને પાત્રાં વગેરે ધર્મોપકરણના પદાર્થો શ્રી તીર્થંકર ભગવાને સંયમની રક્ષા માટે યતિઓને બતાવ્યા છે તે છતાં

મંદબુદ્ધિવાળા મૂઢજીવો વધારે મોહમાં પડીને તેને સંસારમાં પાડવાના સાધનભૂત બનાવે છે તેઓને ખરેખર ધિક્કાર છે ! મૂર્ખ માણસ વડે અકુશળતાથી વપરાયલું શસ્ત્ર (હથીયાર) તેના પોતાનાજ નાશનું નિમિત્ત થાય છે.” ૨૭ શાર્દૂલવિક્રીડિતમ્.

ધર્મોપકરણ ઉપડાવવાથી દોષ.

**संयमोपकरणच्छलात्परान्भारयन्,**
**यदसि पुस्तकादिभिः ।**
**गोखरोष्ट्रमहिषादिरूपभृत्तच्चिरं,**
**त्वमपि भारयिष्यसे ॥ २८ ॥**

“ સંયમ ઉપકરણના બહાનાથી પુસ્તક વિગેરે વસ્તુઓનો બીજા ઉપર તું ભાર મૂકે છે, પણ તે ગાય, ગધેડા, ઊંટ, પાડા વિગેરેનાં

૩૫ તારી પાસે લેવરાવીને ઘણા કાળ પર્યંત તને ભાર વહન કરાવશે." ૨૮ રથોદ્ધતા.

## સંયમ અને ઉપકરણની શોભાની સ્પર્ધા.

**वस्त्रपात्रतनुपुस्तकादिनः,**
**शोभया न खलु संयमस्य सा ।**
**आदिमा च ददते भवं परा,**
**मुक्तिमाश्रय तदिच्छयैकिकाम् ॥२९॥**

"વસ્ત્ર, પાત્ર, શરીર કે પુસ્તક વિગેરેની શોભા કરવાથી કાંઈ સંયમની શોભા થતી નથી. પ્રથમ પ્રકારની શોભા (ભવ) વૃદ્ધિ આપે છે અને બીજા પ્રકારની શોભા મોક્ષ આપે છે, માટે આ બન્નેમાંથી તારી મરજી આવે તે એક શોભાનો આશ્રય કર. અથવા—માટે તે

વસ્ત્ર પુસ્તક વિગેરે શોભાનો ત્યાગ કરીને હે યતિ! મોક્ષ મેળવવાની ઈચ્છાવાળો પણ તું સંયમની શોભામાં કેમ યત્ન કરતો નથી?" ૨૯

પરીષહ સહન-સંવર.

**शीतातपाद्यान्न मनागपीह,**
**परीषहांश्चेत्क्षमसे विसोढुम् ।**
**कथं ततो नारकगर्भवास-**
**दुःखानि, सोढासि भवांतरे त्वम् ?३०**

"આ ભવમાં જરાપણ ઠંડી, તાપ વીગેરે પરીષહો સહન કરવાને શક્તિમાન્ થતો નથી તો પછી ભવાંતરમાં નારકીનાં તેમજ ગર્ભ-વાસનાં દુઃખો કેવી રીતે સહન કરીશ?" ૩૦

ઉપજાતિ.

વિનાશી દેહ-જપ તપ કરવાં.

मुने! न किं नश्वरमस्वदेह-
मृत्पिंडमेनं सुतपोव्रताद्यैः ।
निपीड्य भीतिर्भवदुःखराशे-
र्हित्वात्मसाच्छैवसुखं करोषि? ॥३१॥

"હે મુનિ! આ શરીર રૂપી માટીનો પિંડ નાશવંત છે અને પોતાનો નથી, તેને ઉત્તમ પ્રકારના તપ અને વ્રતો કરીને પીડા આપી અનંતભવમાં પ્રાપ્ત થનારાં દુઃખો દૂર કરી નાખીને મોક્ષ સુખને આત્મ સન્મુખ કેમ કરતો નથી?" ૩૧ ઉપજાતિ.

ચારિત્રનાં કષ્ટ. વિ. નારકી તિર્યંચનાં કષ્ટ.

यदत्र कष्टं चरणस्य पालने,
परत्र तिर्यङ्नरकेषु यत्पुनः ।

तयोर्मिथः सप्रतिपक्षता स्थिता,
विशेषदृष्टयान्यतरज्जहीहि तत् ॥३२॥

"ચારિત્ર પાળવામાં આ ભવમાં જે કષ્ટ પડે છે અને પરભવમાં નારકી અને તિર્યંચ-ગતિમાં જે કષ્ટ પડે છે તે બંનેને અરસપરસ પ્રતિપક્ષીપણું છે, માટે સમજણ વાપરીને એમાંથી એકને તજી દે." ૩૨ વંશસ્થવૃત્તમ્.

પ્રમાદ જન્યસુખ વિ –મુક્તિનું સુખ.

शमत्र यद्विंदुरिव प्रमादजं,
परत्र यच्चाब्धिरिव द्युमुक्तिजम् ।
तयोर्मिथः सप्रतिपक्षता स्थिता,
विशेषदृष्टयान्यतरद्गृहाण तत् ॥३३॥

" આ ભવમાં પ્રમાદથી જે સુખ થાય છે તે બિંદુ જેટલું છે અને પરભવમાં દેવલોક અને મોક્ષસંબંધી જે સુખ થાય છે તે સમુદ્ર જેટલું છે; આ બન્ને સુખને પરસ્પર પ્રતિપક્ષીપણું છે, માટે વિવેક વાપરીને બેમાંથી એકને તું ગ્રહણ કર. " ૩૩ વંશસ્થવૃત્તમ્.

ચારિત્ર નિયંત્રણાનું દુઃખ વિ ગર્ભાવાસ વિગેરેનું દુઃખ.

**नियंत्रणा या चरणेऽत्र तिर्यक्-**
**स्त्रीगर्भकुंभीनरकेषु या च ।**
**तयोर्मिथः सप्रतिपक्षभावा-**
**द्विशेषदृष्ट्यान्यतरां गृहाण ॥३४॥**

" ચારિત્ર પાળવામાં આ ભવમાં તારા પર

*નિયંત્રણા થાય છે, અને પરભવે તિર્યંચગતિમાં, સ્ત્રીના ગર્ભમાં અથવા નારકીના કુંભીપાકમાં નિયંત્રણા ( કષ્ટપરાધીનપણું ) થાય છે. આ બન્ને નિયંત્રણાને પરસ્પર વિરોધ છે, માટે વિવેક વાપરીને એમાંથી એક ગ્રહણ કર." ૩૪

ઉપજાતિ.

પરિષહ સહન કરવાનો ઉપદેશ.
( સ્વવશતામાં સુખ.)

**सह तपोयमसंयमयंत्रणां,**
**स्ववशतासहने हि गुणो महान् ।**
**परवशस्त्वाति भूरि सहिष्यसे,**
**न च गुणं बहुमाप्स्यसि कंचन॥३६॥**

---

* વ્રતવિગેરેને લીધે સહન કરવું પડતું કષ્ટ તથા તીર્થંકરમહારાજ. અને ગુરુ મહારાજની આજ્ઞાનું પરાધીનપણું.

"તું તપ, યમ અને સંયમની નિત્રયંણા સહન કર. પોતાને વશ રહીને (પરીષહાદિનું દુઃખ) સહન કરવામાં મોટો ગુણ છે. પરવશ પડીશ ત્યારે તો દુઃખ બહુ ખમવું પડશે. અને તેનું ફળ કાંઇ પણ થશે નહીં." ૩૫

દ્રુતવિલંબિત.

પરીષહ સહન કરવાનાં શુભ ફળ.

**अणीयसा साम्यनियंत्रणाभुवा,**
**मुनेऽत्र कष्टेन चरित्रजेन च।**
**यदि क्षयो दुर्गतिगर्भवासगाऽ-**
**सुखावलेस्तत्किमवापि नार्थितम्॥३६॥**

"સમતાથી અને નિયંત્રણા (પરીષહ સહન) થી થયેલા થોડાજ કષ્ટવડે તેમજ ચારિત્ર

પાળવાને લીધે થયેલા થોડા કષ્ટવડે જો દુર્ગતિમાં જવાની અને ગર્ભવાસમાં રહેવાની દુઃખપરંપરાનો ક્ષય થઇ જતો હોય તો પછી શું ઇચ્છિત તું પામ્યો નહિ?" ૩૬

વંશસ્થવૃત્તમ્.

પરીષહથી દૂર ભાગવાનાં માઠાં ફળ.

**त्यज स्पृहां स्वःशिवशर्मलाभे,**
**स्वीकृत्य तिर्यङ्नरकादिदुःखम् ।**
**सुखाणुभिश्चेद्विषयादिजातैः,**
**संतोष्यसे संयमकष्टभीरुः ॥३७॥**

સંયમ પાળવાનાં કષ્ટથી બ્હી જઇને વિષય કષાયથી થતાં અલ્પ સુખમાં જો તું સંતોષ પામતો હોય તો પછી તિર્યંચ નારકીનાં આ-

ગામી દુઃખો સ્વીકારી ને સ્વર્ગ તેમજ મોક્ષ મેળવવાની ઈચ્છા તજી દે." ૩૭

ઉપજાતિ.

પરીષહ સહન કરવામાં વિશેષ શુભ ફળ.

**समग्रचिंतार्त्तिहृतेरिहापि,**
**यस्मिन्सुखं स्यात्परमं रतानाम्।**
**परत्र चेन्द्रादिमहोदयश्रीः,**
**प्रमाद्यसीहापि कथं चरित्रे? ॥३८॥**

"ચારિત્રથી આ ભવમાં સર્વપ્રકારની ચિંતા અને મનની આધિનો નાશ થાય છે તેથી તેમાં જેને લય લાગી હોય તેઓને મોટું સુખ થાય છે અને પરભવમાં ઇંદ્રાસન કે મોક્ષની મહાલક્ષ્મી મળે છે. આ પ્રમાણે છે છતાં પણ

આ ચારિત્રમાં શા માટે પ્રમાદ કરે છે?" ૩૮

ઉપજાતિ.

સુખસાધ્ય ધર્મકર્તવ્ય-પ્રકારાંતર.

**महातपोध्यानपरीषहादि,**
**न सत्त्वसाध्यं यदि धर्तुमीशः ।**
**तद्भावनाः किं समितीश्च गुप्ती-**
**र्धत्से शिवार्थिन् न मनःप्रसाध्याः॥३९॥**

"ઉગ્ર તપસ્યા, ધ્યાન, પરીષહ વિગેરે સત્વથી સાધી શકાય તેવા છે તે સાધવાને તું શક્તિવાન ન હો તો પણ ભાવના સમિતિ અને ગુપ્તિ જે મનથીજ સાધી શકાય તેમ છે તેને હે મોક્ષાર્થી! તું કેમ ધારણ કરતો નથી?" ૩૯

ઉપજાતિ.

**अनित्यताद्या भज भावनाः सदा,**
**यतस्व दुःसाध्यगुणेऽपि संयमे ।**
**जिघत्सया ते त्वरते ह्ययं यमः,**
**श्रयन् प्रमादान्न भवाद्बिभेषि किम्?४०**

"અનિત્યપણું વિગેરે સર્વ ભાવનાઓ નિરંતર ભાવ, જે સંયમના (મૂળ તથા ઉત્તર) ગુણો મુશ્કેલીથી સાધી શકાય છે તેમાં યત્ન કર. આ યમ (કાળ) તને ખાઈ જવા માટે ઉતાવળ કરે છે ત્યારે પ્રમાદનો આશ્રય કરતી વખતે તું શું સંસારભ્રમણથી બીતો નથી ?"૪૦

વંશસ્થવૃત્તમ્.

યોગરૂંધનની આવશ્યક્તા.

**हतं मनस्ते कुविकल्पजालै-**
**र्वचोऽप्यवद्यैश्च वपुः प्रमादैः ।**
**लब्धीश्च सिद्धीश्च तथापि वांछन्,**
**मनोरथैरेव हहा!! हतोसि ॥४१॥**

"તારૂં મન ખરાબ સંકલ્પ વિકલ્પથી હણાયલું છે, તારાં વચન અસત્ય અને કઠોરભાષણથી ખરડાયાં છે અને તારૂં શરીર પ્રમાદથી બગડયું છે, છતાં પણ તું લબ્ધિ અને સિદ્ધિની વાંછા કરે છે. ખરેખર! તું (મિથ્યા) મનોરથથી હણાયો છે." ૪૧ ઉપજાતિ.

મનોયોગ પર અંકુશ–મનગુપ્તિ.

**मनोवशस्ते सुखदुःखसंगमो,**

मनो मिलेद्यैस्तु तदात्मकं भवेत् ।
प्रमादचोरैरिति वार्यतां मिल-
च्छीलांगमित्रैरनुषञ्जयानिशम् ॥४२॥

"તને સુખ દુઃખની પ્રાપ્તિ થવી એ તારા મનને વશ છે. મન જેની સાથે મળે છે તેની સાથે એકાકાર—એકમેક થઇ જાય છે. તેથી પ્રમાદરૂપ ચોરને મળતાં તારા મનને રોકી રાખ—અટકાવ અને શીલાંગ રૂપ મિત્રોની સાથે તેને નિરંતર જોડયા કર." ૪૨ વંશસ્થ.

મત્સરત્યાગ.

ध्रुवः प्रमादैर्भववारिधौ मुने !,
तव प्रपातः परमत्सरः पुनः ।
गले निबद्धोरुशिलोपमोऽस्ति चेत्

कथं तदोन्मज्जनमप्यवाप्स्यसि ॥४३॥

"હે મુનિ! તું પ્રમાદ કરે છે. તેને લીધે સંસાર સમુદ્રમાં તારો પાત તો જાણે નક્કીજ છે. પણ વળી પાછો બીજા ઉપર મત્સર કરે છે તે ગળે બાંધેલી મોટી શિલા જેવો છે. ત્યારે પછી તો તું તેમાંથી ઉંચો પણ કેવી રીતે આવી શકીશ?" ૪૩ વંશસ્થ.

નિર્જરા નિમિત્ત પરીષહ સહન.

महर्षयः केऽपि सहंत्युदीर्या-
प्युग्रातपादीन्यदि निर्जरार्थम् ।
कष्टं प्रसंगागतमप्यणीयोऽ-
पीच्छन् शिवं किं सहसे न भिक्षो! ४४

"જ્યારે મોટા ઋષિમુનિઓ કર્મની નિર્જરા માટે ઉદીરણા કરીને પણ આતાપનાદિ સહન કરે છે તો તું મોક્ષની ઇચ્છા રાખ છે ત્યારે પોતાની મેળે પ્રાપ્ત થયેલ અત્યંત અલ્પ કષ્ટને પણ હે સાધુ ! કેમ સહન કરતો નથી ? ૪૪

ઉપજાતિ.

યતિસ્વરૂપ–ભાવદર્શન.

**यो दानमानस्तुतिवंदनाभि-**
**र्न मोदतेऽन्यैर्न तु दुर्मनायते ।**
**अलाभलाभादिपरीषहान् सहन्,**
**यतिः स तत्त्वादपरो विडंबकः ॥४५॥**

જે પ્રાણી દાન માન (સત્કાર) સ્તુતિ અને નમસ્કારથી ખુશી થઈ જતો નથી અને તેથી

વિપરીતથી (અસત્કાર, નિંદા વીગેરેથી) નાખુશ થતો નથી અને અલાભ વિગેરે પરીષહોને સહન કરે છે તે પરમાર્થથી યતિ છે બાકી બીજાઓ તો વેશ વિડંબક છે." ૪૫ ઈંદ્રવંશા

યતિએ ગૃહસ્થની ચિંતા ન કરવી.

दधद्गृहस्थेषु ममत्वबुद्धिं,
तदीयतप्त्या परितप्यमानः ।
अनिवृतांतःकरणः सदा स्वै-
स्तेषां च पापैर्भ्रमिता भवेऽसि ॥४६॥

"ગૃહસ્થ ઉપર મમત્વબુદ્ધિ રાખવાથી અને તેઓનાં સુખ દુઃખની ચિંતાવડે તપવાથી તારૂં અંતઃકરણ સર્વદા વ્યાકુળ રહેશે, અને તારાં

અને તેઓનાં પાપથી તું સંસારમાં રખડયા કરીશ." ૪૬ ઉપજાતિ

ગૃહસ્થચિંતાનું ફળ.

**त्यक्त्वा गृहं स्वं परगेहचिंता-**
**ततस्य को नाम गुणस्तवर्षे!।**
**आजीविकास्ते यतिवेषतोऽत्र,**
**सुदुर्गतिः प्रेत्य तु दुर्निवारा ॥४७॥**

પોતાનું ઘર ત્યજીને પારકા ઘરની ચિંતાથી પરિતાપ પામતા હે ઋષિ! તને શો લાભ થવાનો છે? (બહુ તો) યતિના વેશથી આ ભવમાં તારી આજીવિકા (સુખે) ચાલશે પણ પરભવમાં મહા માઠી દુર્ગતિ અટકાવી શકાશે નહિ. ૪૭ ઉપજાતિ.

તારી પ્રતિજ્ઞા-વિ. તારૂં વર્તન.

कुर्वे न सावद्यमिति प्रतिज्ञां,
वदन्नकुर्वन्नपि देहमात्रात् ।
शय्यादिकृत्येषु नुदन् गृहस्थान्,
हृदा गिरा वाऽसि कथं मुमुक्षुः? ॥४८॥

"હું સાવદ્ય કરીશ નહિ' એવી પ્રતિજ્ઞાનું દરરોજ ઉચ્ચારણ કરે છે છતાં શરીર માત્રથી જ સાવદ્ય કરતો નથી. અને શય્યા વીગેરે કામોમાં તો મન અને વચનથી ગૃહસ્થોને પ્રેરણા કર્યા કરે છે. ત્યારે તું મુમુક્ષુ શાનો?" ૪૮

ઉપજાતિ

દેખીતા પ્રશસ્ત સાવદ્ય કર્મોનું ફળ.

कथं महत्त्वाय ममत्वतो वा,

सावद्यमिच्छस्यपि संघलोके ।
न हेममय्यप्युदरे हि शस्त्री,
क्षिप्ता क्षणोति क्षणतोऽप्यसून् किम्४९

"મહત્વતા માટે અથવા મમત્વપણાથી સંઘલોકોમાં પણ સાવદ્યવાંછે છે. પણ શું સોનાની છરી હોય તે પેટમાં મારવામાં આવે ત્યારે એક ક્ષણવારમાં પ્રાણનો નાશ કરતી નથી ? ૪૯.

ઉપજાતિ.

નિષ્પુણ્યકની ચેષ્ટા ઉદ્ધતવર્તન-અધમફળ.

रंकः कोऽपि जनाभिभूतिपदवीं
त्यक्त्वा प्रसादाद्गुरो-
र्वेषं प्राप्य यतेः कथंचन किय-

च्छास्त्रं पदं कोऽपि च ।
मौखर्यादिवशीकृतर्जुजनता
दानार्चनैर्गर्वभा–
गात्मानं गणयन्नरेंद्रमिव धिग्
गंता द्रुतं दुर्गतौ ॥ ५० ॥

કોઇ ગરીબ–રંક માણસ લોકોના અપમાનને યોગ્ય સ્થાનક તજી દઇને ગુરૂમહારાજની કૃપાથી મુનિનો વેશ પામે છે. કાંઇક શાસ્ત્રોનો અભ્યાસ કરે છે અને કોઇ પદવી મેળવે છે ત્યારે પોતાના વાચાલપણાથી ભદ્રકલોકોને વશ કરીને તે રાગીલોકો જે દાન અને પૂજા કરે છે તેથી પોતે ગર્વ માને છે અને પોતાની જાતને રાજા જેવી ગણે છે. આવાઓને ખરેખર ધિક્કાર છે! તેઓ જલ્દી દુર્ગ-

તિમાં જવાના છે. (અનંતા દ્રવ્યલિંગ પણ આવી દશામાં વર્તવાથી નિષ્ફળ થયાં છે.) ૫૦

શાર્દૂલવિક્રીડિત.

ચારિત્ર પ્રાપ્તિ–પ્રમાદ ત્યાગ.

**प्राप्यापि चारित्रमिदं दुरापं,**
**स्वदोषजैर्यद्विषयप्रमादैः ।**
**भवांबुधौ धिक् पतितोऽसि भिक्षो !,**
**हतोऽसि दुःखैस्तदनंतकालम् ॥५१॥**

"મહા કષ્ટથી પણ મળવું મુશ્કેલ એવું આ ચારિત્ર પ્રાપ્ત કરીને પોતાના દોષથી ઉત્પન્ન કરેલા વિષય અને પ્રમાદોવડે હે ભિક્ષુ! તું સંસાર સમુદ્રમાં પડતો જાય છે અને તેના પરિણામે અનંતકાળ સુધી દુઃખ ખમીશ." ૫૧

ઉપજાતિ.

બોધિબીજ પ્રાપ્તિ—આત્મહિત સાધન.

**कथमपि समवाप्य बोधिरत्नं,**
**युगसमिलादिनिदर्शनाद्दुरापम् ।**
**कुरु कुरु रिपुवश्यतामगच्छन्,**
**किमपि हितं लभसे यतोऽर्थितं शम्५२**

"યુગસમિલા વિગેરે સુપ્રસિદ્ધ દૃષ્ટાંતોથી મહા મુશ્કેલીથી મેલવી શકાય તેવું બોધિરત્ન (સમકિત) પામીને શત્રુઓને તાબે થઈ ન જતાં કાંઇપણ આત્મહિત કર, જેથી કરીને ઇચ્છિત સુખ પ્રાપ્ત થાય"૫૨. પુષ્પિતાગ્રા.

શત્રુઓના નામની ટીપ.

**द्विषस्त्विमे ते विषयप्रमादा,**

असंवृता मानसदेहवाचः ।
असंयमाः सप्तदशापि हास्या-
दयश्च बिभ्यच्चर नित्यमेभ्यः ॥५३॥

"તારા શત્રુઓ—વિષય, પ્રમાદ, વિના અંકુશે પ્રવર્ત્તાવેલાં મન, શરીર અને વચન, સત્તર અસંયમનાં સ્થાનક અને હાસ્યાદિ છ છે. તેઓના થી તું નિરંતર ચેતતો (બીતો) ચાલજે." ૫૩. ઉપેંદ્રવજ્રા.

સામગ્રી—તેનો ઉપયોગ.

गुरूनवाप्याप्यपहाय गेह-
मधीत्य शास्त्राण्यपि तत्त्ववांचि ।
निर्वाहचिंतादिभराद्यभावे-
ऽप्यूषे ! न किं प्रेत्य हिताय यत्नः?॥५४॥

"હે યતિ! મહાન્ ગુરૂની પ્રાપ્તિ થઈ, ઘરબાર છાંડયાં, તત્ત્વ પ્રતિપાદન કરનારા ગ્રંથોનો અભ્યાસ કર્યો અને નિર્વાહ કરવારની ચિંતા વિગેરેનો ભાર ઉતરી ગયો, છતાં પણ પરભવના હિત માટે કેમ યત્ન થતો નથી?" ૫૪.

ઉપજાતિ.

સંયમની વિરાધના કરવી નહિ.

**विराधितैः संयमसर्वयोगैः,**
**पतिष्यतस्ते भवदुःखराशौ ।**
**शास्त्राणि शिष्योपधिपुस्तकाद्या,**
**भक्ताश्च लोकाः शरणाय नालम् ॥५५॥**

"સંયમના સર્વ યોગોની વિરાધના કરવાથી તું જ્યારે ભવદુઃખના ઢગલામાં પડીશ ત્યારે શાસ્ત્રો, શિષ્યો, ઉપધિ, પુસ્તક અને ભક્ત-

લોકો વિગેરે કોઈ પણ તને શરણ આપવાને શક્તિવાન્ થવાનાં નથી." ૫૫. ઉપજાતિ.

સંયમથી સુખ. પ્રમાદથી તેનો નાશ.

यस्य क्षणोपि सुरधामसुखानि पल्य–
कोटीर्नृणां द्विनवतीं ह्यधिकां ददाति ।
किं हारयस्यधम ! संयमजीवितं तत्,
हा हा प्रमत्त! पुनरस्य कुतस्तवाप्तिः।५६।

"જે સંયમની એક ક્ષણ. (મુહૂર્ત) પણ બાણુંકોડ પલ્યોપમથી વધારે વખત સુધી દેવલોકનાં સુખો આપે છે એવા સંયમ જીવનને હે અધમ! તું કેમ હારી જાય છે ? હે પ્રમાદી ! ફરીવાર તને આ સંયમની પ્રાપ્તિ પણ કયાંથી થશે ?" ૫૬. વસંતતિલકા.

## સંયમનું ફળ—ઐહિક આમુષ્મિક—ઉપસંહાર

**नाम्नापि यस्येति जनेऽसि पूज्यः,**
**शुद्धात्ततो नेष्टसुखानि कानि ।**
**तत्संयमेऽस्मिन् यतसे मुमुक्षोऽ-**
**नुभूयमानोरुफलेऽपि किं न ? ॥५७॥**

"સંયમના નામ માત્રથી પણ જો તું લોકોમાં પૂજાય છે તો જો ખરેખર તે શુદ્ધ હોય તો કયું ઇષ્ટ ફળ તને ન મળે ? જે સંયમનાં મહાન ફળ પ્રત્યક્ષ અનુભવવામાં આવ્યાં છે તે સંયમમાં હે યતિ ! તું કેમ યત્ન કરતો નથી."૫૭.

ઉપજાતિ.

# अथ चतुर्दशो मिथ्यात्वादि-निरोधाधिकारः

બંધ હેતુનો સંવર કર.

मिथ्यात्वयोगाविरतिप्रमादान्,
आत्मन् ! सदा संवृणु सौख्यमिच्छन्।
असंवृता यद्भवतापमेते,
सुसंवृता मुक्तिरमां च दद्युः ॥१॥

"હે ચેતન! જો તું સુખની ઇચ્છા રાખતો હોય તો મિથ્યાત્વ, યોગ, અવિરતિ, અને પ્રમાદનો સંવર કર તેઓનો સંવર કર્યો ન હોય તો તે સંસારનો તાપ આપે છે, પણ જો તેઓનો સારી રીતે સંવર કર્યો હોય તો મોક્ષલક્ષ્મીને આપે છે." ૧ ઉપજાતિ.

મનોનિગ્રહ–તંદુલમત્સ્ય.

**मनः संवृणु हे विद्वन् !,**
**असंवृतमना यतः ।**
**याति तंदुलमत्स्यो द्राक्,**
**सप्तमीं नरकावनीम् ॥ २ ॥**

"હે વિદ્વન્ ! મનનો સંવર કર, કારણકે તંદુલમત્સ્ય મનનો સંવર કરતો નથી તો તુરત-જ સાતમી નરકે જાય છે." ૨. અનુષ્ટુબ્.

મનનો વેગ. વિ૦ પ્રસન્નચંદ્ર

**प्रसन्नचंद्रराजर्षेर्मनःप्रसरसंवरौ ।**
**नरकस्य शिवस्यापि, हेतुभूतौ क्षणादपि**

"ક્ષણવારમાં પ્રસન્નચંદ્રરાજર્ષિને મનની પ્રવૃત્તિ અને નિવૃત્તિ અનુક્રમે નરક અને મોક્ષનું કારણ થઈ." ૩. અનુષ્ટુપ્.

## મનની અપ્રવૃત્તિ-સ્થિરતા

**मनोऽप्रवृत्तिमात्रेण,**
**ध्यानं नैकेन्द्रियादिषु ।**
**धर्म्यशुक्लमनःस्थैर्य-**
**भाजस्तु ध्यायिनः स्तुमः ॥ ४ ॥**

"મનની પ્રવૃત્તિ ન કરવા માત્રથીજ ધ્યાન થતું નથી. જેમ કે એકેંદ્રિય વિગેરેમાં (તેઓને મન ન હોવાથી મનની પ્રવૃત્તિ નથી.) પણ જે ધ્યાન કરનારા પ્રાણીઓ ધર્મધ્યાન અને શુકલ-ધ્યાનને લીધે મનની સ્થિરતાના ભાજનભૂત થાય છે તેઓની અમે સ્તુતિ કરીએ છીએ."૪

અનુષ્ટુપ્.

સુનિયંત્રિત મનવાળા પવિત્ર મહાત્માઓ.

**सार्थं निरर्थकं वा यन्-**
**मनः सुध्यानयंत्रितम् ।**
**विरतं दुर्विकल्पेभ्यः,**
**पारगांस्तान् स्तुवे यतीन् ॥५॥**

"સાર્થકતાથી અથવા નિષ્ફલ પરિણામવાળા પ્રયત્નોથી પણ જેઓનું મન સુધ્યાન તરફ જોડાયલું રહે છે અને જેઓ ખરાબ વિકલ્પોથી દૂર રહે છે તેવા-સંસારનો પાર પામેલા યતિઓને અમે સ્તવીએ છીએ." ૫. અનુષ્ટુપ્.

વચન અપ્રવૃત્તિ-નિરવદ્ય વચન.

**वचोऽप्रवृत्तिमात्रेण,**
**मौनं के के न बिभ्राति ।**

**निरवद्यं वचो येषाम्,**
**वचोगुप्तांस्तु तान् स्तुवे ॥६॥**

"વચનની અપ્રવૃત્તિ માત્રથી કોણ મૌન ધારણ કરતું નથી.? પણ અમે તો જે વચન ગુપ્તિવાળા પ્રાણીઓ નિરવદ્ય વચન બોલે છે તેઓની સ્તવના કરીએ છીએ." ૬. અનુષ્ટુપ્.

નિરવદ્ય વચન—વસુરાજા.

**निरवद्यं वचो ब्रूहि,**
**सावद्यवचनैर्यतः ।**
**प्रयाता नरकं घोरं,**
**वसुराजादयो द्रुतम् ॥ ७ ॥**

"તું નિરવદ્ય (નિષ્પાપ) વચન બોલ; કારણ કે સાવદ્યવચન બોલવાથી વસુરાજા વિગેરે એકદમ ઘોર નરકમાં ગયા છે." ૭ અનુષ્ટુપ્.

દુર્વાચાનાં ભયંકર પરિણામ.

इहाऽमुत्र च वैराय,
दुर्वाचो नरकाय च ।
अग्निदग्धाः प्ररोहन्ति,
दुर्वाग्दग्धाः पुनर्न हि ॥ ८ ॥

"દુષ્ટ વચન આલોક અને પરલોકમાં અનુક્રમે વૈર કરાવે છે અને નરકગતિ પ્રાપ્ત કરાવે છે. અગ્નિથી બળેલું ફરીવાર ઉગે છે પણ દુષ્ટવચનથી બળેલાં હોય તેમાં પછી ફરીવાર સ્નેહાંકુર ફુટતો નથી." ૮. અનુષ્ટુબ્.

નિર્થંકરમહારાજ અને વચનગુપ્તિની આદેયતા.

अत एव जिना दीक्षा-

कालादाकेवलोद्भवम् ।
अवद्यादिभिया ब्रूयु-
र्ज्ञानत्रयभृतोऽपि न ॥ ९ ॥

"તેટલા માટે જો કે તીર્થંકર મહારાજને ત્રણજ્ઞાન હોય છે તોપણ દીક્ષાકાળથી માંડીને કેવળજ્ઞાન થતાં સુધી પાપની બીકથી તેઓ કાંઈ પણ બોલતા નથી." ૯. અનુષ્ટુપ્.

કાયસંવર–કાચબાનું દૃષ્ટાંત

कृपया संवृणु स्वांगं,
कूर्मज्ञातनिदर्शनात् ।
संवृतासंवृतांगा यत्,
सुखदुःखान्यवाप्नुयुः ॥१०॥

(જીવ ઉપર) દયા લાવીને તારા શરીરનો સંવર કર. કાચબાના દૃષ્ટાંતથી શરીરનો સંવરકરનાર અને નહિ કરનાર અનુક્રમે સુખ દુઃખ પામે છે. ૧૦. અનુષ્ટુબ્.

કાયાની અપ્રવૃત્તિ. વિ. કાયાનો શુભ વ્યાપાર.

कायस्तंभान्न के के स्यु-
स्तरुस्तंभादयो यताः ।
शिवहेतुक्रियो येषां,
कायस्तांस्तु स्तुवे यतीन् ॥११॥

"માત્ર કાયાના સંવરથી ઝાડ સ્તંભ વિગેરે કોણ કોણ સંયમી ન થાય? પણ જેઓનું શરીર મોક્ષ મેળળા માટે ક્રિયા કરવામાં ઉદ્યત થાય છે તેવા યતિની અમે સ્તુતિ કરીએ છીએ." ૧૧. અનુષ્ટુબ્.

શ્રોત્રેન્દ્રિયસંવર.

श्रुतिसंयममात्रेण,
शब्दान् कान् के त्यजन्ति न ।
इष्टानिष्टेषु चैतेषु,
रागद्वेषौ त्यजन्मुनिः ॥ १२ ॥

"કાનના સંયમ માત્રથી કોણ શબ્દોને ત્યજતું નથી ? પણ ઇષ્ટ અને અનિષ્ટ શબ્દોપર રાગદ્વેષ તજી દેય તને મુનિ સમજવા." ૧૨.

અનુષ્ટુબ્.

ચક્ષુરિન્દ્રિય સંવર.

चक्षुःसंयममात्रात् के,
रूपालोकांस्त्यजन्ति न ।

**इष्टानिष्टेषु चैतेषु,**

**रागद्वेषौ त्यजन्मुनिः ॥१३॥**

"માત્ર ચક્ષુના સંયમથી કોણ રૂપ પ્રેક્ષણ તજતા નથી? પણ ઈષ્ટ અને અનિષ્ટ રૂપોમાં જેઓ રાગદ્રેષ છોડી દે છે તેજ ખરા મુનિ છે." ૧૩. અનુષ્ટુપ્.

ઘ્રાણેન્દ્રિય સંવર

**घ्राणसंयममात्रेण,**

**गंधान् कान् के त्यजन्ति न ।**

**इष्टानिष्टेषु चैतेषु,**

**रागद्वेषौ त्यजन् मुनिः ॥१४॥**

"નાસિકાના સંયમમાત્રથી કોણ ગંધોને ત્યજતું નથી? પણ ઈષ્ટ અને અનિષ્ટ ગંધોમાં

જેઓ રાગદ્વેષ ત્યજી દે છે તેજ મુનિ કહેવાય.” ૧૪

અનુષ્ટુબ્.

રસેન્દ્રિય સંવર.

**जिह्वासंयममात्रेण,**
**रसान् कान् के त्यजन्ति न ।**
**मनसा त्यज तानिष्टान्,**
**यदीच्छसि तपःफलम् ॥१५ ॥**

“જીંહ્વાના સંયમમાત્રથી કોણ રસોને ત્યજતું નથી? હે ભાઈ! જો તું તપનું ફળ મેળવવાની ઈચ્છા રાખતો હોય તો સુંદર લાગતા રસોને તજી દે.” ૧૫.

અનુષ્ટુબ્.

સ્પર્શેન્દ્રિય સંયમ.

**त्वचःसंयममात्रेण,**

स्पर्शान् कान् के त्यजन्ति न ।
मनसा त्यज तानिष्टान्,
यदीच्छसि तपःफलम् ॥१६॥

"ચામડીનો સ્પર્શ ન કરવા માત્રથી કોણ સ્પર્શનો ત્યાગ કરતું નથી? પણ જો તારે તપનું ફળ મેળવવું હોય તો ઇષ્ટસ્પર્શોનો મનથી ત્યાગ કર." ૧૬ અનુષ્ટુબ્.

બસ્તિ સંયમ.

बस्तिसंयममात्रेण,
ब्रह्म के के न बिभ्रते ।
मनःसंयमतो धेहि,
धीर ! चेत्तत्फलार्थ्यसि ॥१७॥

"મુત્રાશયના સંયમમાત્રથી કોણ લોકો બ્રહ્મચર્ય ધારણ કરતા નથી ? હે ધીર ! જો તને બ્રહ્મચર્યના ફળની ઇચ્છા હોય તો મનનો સંયમ કરીને બ્રહ્મચર્યને ધારણ કર." ૧૭.

અનુષ્ટુપ.

સમુદાયથી પાંચે ઇંદ્રિયોના સંવરનો ઉપદેશ.

विषयेंद्रियसंयोगा-
भावात्के के न संयताः ।
रागद्वेषमनोयोगा-
भावाद्ये तु स्तवीमि तान् ॥१८॥

"વિષય અને ઇંદ્રિયનો સંયોગ ન થવાથી કોણ સંયમ પાળતું નથી ? પરંતુ રાગદ્વેષનો યોગ જેઓ મનની સાથે થવા દેતા નથી તેઓની હું તો સ્તવના કરૂં છું.' ૧૮. અનુષ્ટુપ.

કષાય સંવર—કરટ અને ઉત્કરટ.

कषायान् संवृणु प्राज्ञ,
नरकं यदसंवरात् ।
महातपस्विनोप्यापुः,
करटोत्करटादयः ॥ १९ ॥

"હે વિદ્વન્! તું કષાયનો સંવર કર. તેનો સંવર નહિ કરવાથી કરટ અને ઉત્કરટ જેવા મહા તપસ્વીઓ પણ નરકને પામ્યા છે."૧૯.

અનુષ્ટુપ.

ક્રિયાવંતની શુભ યોગમાં પ્રવૃત્તિ હોવી જોઈએ તેનું કારણ,

यस्यास्ति किंचिन्न तपोयमादि,
ब्रूयात्स यत्तत्तुदतां परान् वा ।

**यस्यास्ति कष्टाप्तमिदं तु किं न,**
**तद्भ्रंशभीः संवृणुते स योगान् ॥२०॥**

"જેને તપસ્યા વિગેરે કાંઇપણ નથી તે તો ગમે તેવું બોલે અથવા બીજાઓને પીડા ઉપજાવે, પણ જેઓએ મહાકષ્ટે કરીને આ તપસ્યાદિક પ્રાપ્ત કર્યું છે તેઓ તેનો નાશ થઈ જવાની બ્હીક રાખીને યોગનો સંવર કેમ ન કરે ?" ૨૦. ઇંદ્રવજ્રા.

મનયોગના સંવરની મુખ્યતા,

**भवेत्समग्रेष्वपि संवरेषु,**
**परं निदानं शिवसंपदां यः ।**
**त्यजन् कषायादिजदुर्विकल्पान्,**
**कुर्यान्मनःसंवरमिद्धधीस्तम् ॥२१॥**

"મોક્ષલક્ષ્મી પ્રાપ્ત કરવાનું મોટામાં મોટું કારણ સર્વ પ્રકારના સંવરોમાં પણ મનનો સંવર છે એમ જાણીને સમૃદ્ધબુદ્ધિ જીવ કષાયથી ઉત્પન્ન થએલા દુર્વિકલ્પોને તજી દઇને મનનો સંવર કરે." ૨૧. ઉપજાતિ.

નિઃસંગતા અને સંવર–ઉપસંહાર.

**तदेवमात्मा कृतसंवरः स्यात्,**
**निःसंगताभाक् सततं सुखेन ।**
**निःसंगभावादथ संवरस्तद्-**
**द्वयं शिवार्थी युगपद्भजेत ॥२२॥**

"ઉપર કહ્યું તે પ્રમાણે કર્યો છે સંવર જેણે એવો આ આત્મા તરતજ વગર પ્રયાસે નિઃસંગતાનો ભાજન થાય છે. વળી નિઃસંગતા ભાવથી સંવર થાય છે, માટે મોક્ષનો અભિલાષી જીવ આ બન્નેને સાથે સાથેજ ભજે."૨૨ ઉપજાતિ.

# अथ पंचदशः शुभवृत्तिशिक्षोपदेशाधिकारः

## આવશ્યકક્રિયા કરવી.

आवश्यकेष्वातनु यत्नमाप्तो-
दितेषु शुद्धेषु तमोऽपहेषु ।
न हंत्यभुक्तं हि न चाप्यशुद्धं,
वैद्योक्तमप्यौषधमामयान् यत् ॥१॥

"આપ્ત પુરૂષોના બતાવેલા શુદ્ધ અને પાપના હરણારા એવા આવશ્યકો કરવામાં યત્ન કર; કારણકે વૈદ્યે બતાવેલું ઔષધ ખાધું ન હોય અથવા (ખાધા છતાં પણ જો) અશુદ્ધ હોય તો તે રોગનો નાશ કરી શકતું નથી." ૧

ઉપજાતિ.

તપસ્યા કરવી.

तपांसि तन्याद्विविधानि नित्यं,
मुखे कटून्यायतिसुंदराणि ।
निघ्नंति तान्येव कुकर्मराशिं,
रसायनानीव दुरामयान् यत् ॥२॥

"શરૂઆતમાં કડવાં લાગે તેવાં પણ પરિણામે સુંદર બન્ને પ્રકારના તપો હમેશાં કરવાં. તે કુકર્મના ઢગલાનો તુરત વિનાશ કરે છે, જેવી રીતે રસાયણ દુષ્ટ રોગોને દૂર કરે છે તેમ." ૨. ઉપજાતિ.

શીલાંગ-યોગ-ઉપસર્ગ-સમિતિ-ગુપ્તિ.

विशुद्धशीलांगसहस्रधारी,
भवानिशं निर्मितयोगसिद्धिः ।

सहोपसर्गांस्तनुनिर्ममः सन्,
भजस्व गुप्तीः समितीश्च सम्यक् ॥३॥

"તું (અઢાર) હજાર શુદ્ધ શીલાંગને ધારણ કરનારો થા, યોગસિદ્ધિ, નિષ્પાદિત થા, શરીરપરની મમતા દૂર મૂકીને ઉપસર્ગોને સહનકર, સમિતિ અને ગુપ્તિને સારી રીતે ભજ." ૩.

ઇંદ્રવજ્રા.

સ્વાધ્યાય—આગમાર્થ—ભિક્ષા વિગેરે.

स्वाध्याययोगेषु दधस्व यत्नं,
मध्यस्थवृत्त्यानुसरागमार्थान् ।
अगारवो भैक्षमदोऽविषादी,
हेतौ विशुद्धे वशितेंद्रियौघः ॥४॥

"સજ્ઝાયધ્યાનમાં યત્નકર, મધ્યસ્થબુદ્ધિથી આગમના અર્થને અનુસર, અહંકાર મૂકી દઇને ભિક્ષા માટે ફર, તેમજ ઈંદ્રીયના સમૂહ ને વશ કરીને શુદ્ધ હેતુમાં વિષવાદ રહિત થા."૪.

ઉપજાતિ.

ઉપદેશ—વિહાર

**ददस्व धर्मार्थितयैव धर्म्यान्,**
**सदोपदेशान् स्वपरादिसाम्यान्।**
**जगद्धितैषी नवभिश्च कल्पै-**
**र्ग्रामे कुले वा विहराऽप्रमत्तः ॥५॥**

"હે મુનિ। તું ધર્મ પ્રાપ્ત કરવાના હેતુથી એવા પ્રકારના ધર્માનુસાર ઉપદેશો આપ કે જે સ્વ અને પરની બાબતોમાં સમાનપણું પ્રતિપાદન કરનારા હોય. તું જગતનું સારૂં ઇચ્છીને

પ્રમાદ વગરનો થઇને, ગામ અથવા કુળમાં નવકલ્પી વિહાર કર." ૫ ઉપજાતિ.

સ્વાત્મનિરીક્ષણ—પરિણામ.

**कृताकृतं स्वस्य तपोजपादि,**
**शक्तीरशक्तीः सुकृतेतरे च ।**
**सदा समीक्षस्व हृदाथ साध्ये,**
**यतस्व हेयं त्यज चाव्ययार्थी ॥६॥**

"તપજપ વિગેરે તેં કર્યાં છે કે કર્યાં નથી, સારાં કામ અને નઠારાં કામો કરવામાં શક્તિ અશક્તિ કેટલી છે તે સર્વ બાબતનો હમ્મેશાં તારા હૃદય સાથે વિચાર કર. તું મોક્ષ સુખ મેળવવાની ઇચ્છાવાળો છે તેથી સાધવા યોગ્ય (બની શકે તેવાં) કાર્યોમાં યત્ન કર અને ત્યાગ કરવા યોગ્ય કાર્યોને છોડી દે."૬ ઉપજાતિ.

પરપીડા વર્જન-યોગ નિર્મળતા.

**परस्य पीडापरिवर्जनात्ते,**
**त्रिधा त्रियोग्यप्यमला सदास्तु ।**
**साम्यैकलीनं गतदुर्विकल्पं,**
**मनो वचश्चाप्यनघप्रवृत्ति ॥७॥**

"બીજા જીવોને ત્રણે પ્રકારે પીડા ન કરવાથી તારાં મન વચન કાયાના યોગોની ત્રિપુટી નિર્મળ થાય, મન માત્ર સમતામાંજ લીન થઇ જાય, વળી તે તેના દુર્વિકલ્પો તજી દે અને વચન પણ નિરવદ્ય વ્યાપારમાંજ પ્રવૃત્ત થતું રહે." ૭. ઉપજાતિ.

ભાવના. આત્મલય.

**मैत्रीं प्रमोदं करुणां च सम्यक्,**
**मध्यस्थतां चानय साम्यमात्मन् ।**

सद्भावनास्वात्मलयं प्रयत्नात्,
कृताविरामं रमयस्व चेतः ! ॥८॥

"હે આત્મન્! મૈત્રી, પ્રમોદ, કરૂણા અને મધ્યસ્થતાને સારી રીતે ભાવ, (અને તે વડે) સમતા ભાવ પ્રગટ કર. પ્રયત્ને કરી સદ્ભાવના ભાવીને આત્મલયમાં વિરામ પામીને (તારા) મનને ક્રીડા કરાવ." ૮. ઉપજાતિ.

મોહના સુભટોનો પરાજય.

कुर्यान्न कुत्रापि ममत्व भावं,
न च प्रभो ! रत्यरती कषायान् ।
इहापि सौख्यं लभसेऽप्यनीहो,
ह्यनुत्तरामर्त्यसुखाभमात्मन् ॥९॥

" હે સમર્થ આત્મન્ ! કોઇ પણ વસ્તુ ઉપર મમત્વ ભાવ ન કરવો, તેમજ રતિ, અરતિ, અને કષાય પણ ન કરવા. જ્યારે તું વાંછા રહિત થઈશ ત્યારે તો અનુત્તર વિમાનમાં રહે-નારા દેવતાઓનું સુખ પણ તને અહીં મળશે."

૯ ઇંદ્રવજ્રા.

ઉપસંહાર-શુદ્ધ પ્રવૃત્તિ કરનારની ગતિ.

**इति यतिवरशिक्षां योऽवधार्य व्रतस्थ-**
**श्चरणकरणयोगानेकचित्तः श्रयेत ।**
**सपदि भवमहाब्धि क्लेशराशिं स तीर्त्वा।**
**विलसति शिवसौख्यानंत्यसायुज्यमाप्य**

યતિવરોના સંબંધમાં ( ઉપર પ્રમાણે ) બતાવેલી શિક્ષા જે વ્રતધારી (સાધુ અને ઉપ-

લક્ષણુથી શ્રાવક) એકાગ્રચિત્તથી હૃદયમાં ઠસાવે છે અને ચારિત્ર અને ક્રિયાના યોગોને સેવે છે તે સંસાર સમુદ્રરૂપ કલેશનો ઢગલો એકદમ તરી જઇને મોક્ષના અનંત સુખ સાથે તન્મયપણું પામી પોતે આનંદ કરે છે." ૧૦

માલિનિ.

---

## अथ षोडशः साम्यसर्वस्वाधिकारः

સમતાનું ફળ મોક્ષસંપત્તિ.

**एवं सदाभ्यासवशेन सात्म्यं,**
**नयस्व साम्यं परमार्थवेदिन् ! ।**
**यतः करस्थाः शिवसंपदस्ते,**
**भवन्ति सद्यो भवभीतिभेत्तुः ॥१॥**

"હે તાત્ત્વિક પદાર્થના જાણુનાર! આ પ્રમાણે (ઉપર પંદર દ્વારમાં કહેલ) નિરંતર અભ્યાસના યોગથી સમતાને આત્મા સાથે જોડી દે. જેથી કરીને ભવના ભયને ભેદવાવાળી તને મોક્ષ સંપત્તિઓ એકદમ હસ્તગત થઈ જાય." ૧

ઉપજાતિ.

અવિદ્યાત્યાગ એ સમતાબીજ.

**त्वमेव दुःखं नरकस्त्वमेव,**
**त्वमेव शर्मापि शिवं त्वमेव।**
**त्वमेव कर्माणि मनस्त्वमेव,**
**जहीह्यविद्यामवधेहि चात्मन्! ॥२॥**

"હે આત્મન્! તુંજ દુ:ખ, તુંજ નરક, તુંજ સુખ અને મોક્ષ પણ તુજ. વળી તુંજ કર્મ અને મન પણ તુંજ. અવિદ્યાને તજી દે અને સાવધાન થા." ૨

ઇંદ્રવજ્રા

સુખદુ:ખનું મૂળ, સમતા મમતા.

निःसंगतामेहि सदा तदात्म-
न्नर्थेष्वशेषेष्वपि साम्यभावात् ।
अवेहि विद्वन् ! ममतैव मूलं,
शुचां सुखानां समतैव चेति ॥३॥

"હે આત્મન્! સર્વ પદાર્થો ઉપર સદા સમતા ભાવ લાવીને નિ:સંગપણું પ્રાપ્ત કર. હે વિદ્વન્! તું જાણી લેજે કે દુ:ખનું મૂળ મમતાજ છે. અને સુખનું મળ સમતાજ છે." ૩

ઉપજાતિ.

સમતાની વાનકી ફળાવાપ્તિ.

स्त्रीषु धूलिषु निजे च परे वा,
संपदि प्रसरदापदि चात्मन् !।

तत्त्वमेहि समतां ममतामुग्,
येन शाश्वतसुखाद्वयमेषि ॥४॥

" સ્રી ઉપરથી અને ધૂળ ઉપરથી, પોતાના ઉપરથી અને પારકા ઉપરથી, સંપત્તિઉપરથી અને વિસ્તૃત આપત્તિ ઉપરથી મમતા મૂકી દઈને હે આત્મન્! તું સમતા રાખ, જેથી કરીને શાશ્વત-સુખ સાથે ઐક્ય થશે." ૪ સ્વાગતા.

સમતાના કારણરૂપ પદાર્થોનું સેવન કર.

तमेव सेवस्व गुरुं प्रयत्ना
दधीष्व, शास्त्राण्यपि तानि विद्वन्! ।
तदेव तत्त्वं परिभावयात्मन्!,
येभ्यो भवेत्साम्यसुधोपभोगः ॥५॥

" તેજ ગુરૂની પ્રયત્નથી સેવા કર, તેજ શાસ્ત્રોનો અભ્યાસ કર અને હે આત્મન ! તેજ તત્ત્વનું તું ચિંતવન કર કે જેનાથી તને સમતા-રૂપ અમૃતનો સ્વાદ આવે." ૫ ઉપજાતિ.

આ ગ્રંથ સમતા રસની વાનકી.

समग्रसच्छास्त्रमहार्णवेभ्यः,
समुद्धृतः साम्यसुधारसोऽयम् ।
निपीयतां हे विबुधा ! लभध्व-
मिहापि मुक्तेः सुखवर्णिकां यत् ॥६॥

" આ સમતા અમૃતનો રસ મોટા મોટા સમગ્ર શાસ્ત્ર સમુદ્રોમાંથી ઉદ્ધર્યો છે. હે પંડિત-જનો ! તમે તે રસ પીઓ અને મોક્ષ સુખની વાનકી અહીં પણ મેળવો." ૬ ઈંદ્રવજ્રા

## કર્તા, નામ વિષય પ્રયોજન.

शांतरसभावनात्मा,
मुनिसुंदरसूरिभिः कृतो ग्रंथः ।
ब्रह्मस्पृहया ध्येयः,
स्वपरहितोऽध्यात्मकल्पतरुरेषः ॥७॥

"શાંત રસ ભાવનાથી ભરપૂર અધ્યાત્મ જ્ઞાનના કલ્પવૃક્ષ (અધ્યાત્મકલ્પદ્રુમ) ગ્રંથને શ્રીમુનિસુંદરસૂરીજીએ પોતાના અને પરના હિતને માટે રચ્યો તેનું બ્રહ્મ (જ્ઞાન અને ક્રિયા) પ્રાપ્ત કરવાની ઇચ્છાથી અધ્યયન કરવું." ૭

ગીતિ.

## ઉપસંહાર.

**इममिति मतिमानधीत्य,**
**चित्ते रमयति यो विरमत्ययं भवाद्द्राक्।**
**स च नियतमतो रमेत चास्मिन्,**
**सह भववैरिजयश्रिया शिवश्रीः ॥८॥**

"આ ગ્રંથનું જે બુદ્ધિમાન્ પુરુષો અધ્યયન કરીને ચિત્તમાં રમણ કરાવે તે પુરુષ થોડા વખતમાં સંસારથી વિરક્ત થઈ જાય અને સંસારરૂપ શત્રુના જયની લક્ષ્મીની સાથે મોક્ષ લક્ષ્મીની જરૂર ક્રીડા કરે." ૮ આર્યાગીતિ.

[ ગ્રંથ સમાપ્તિ. ]

# शुद्धिपत्र ।

| पृष्ठ | पंक्ति | अशुद्ध | शुद्ध |
|---|---|---|---|
| १ | ७ | रातरा | रांतरा |
| १ | १० | शातो | शांतो |
| २ | ६ | शात | शांत |
| ४ | ११ | ભવવા | ભાવવા |
| ६ | २ | બ'દુ | બિંદુ |
| १० | १ | ઉ | ઉ |
| १७ | ३ | जंतोः | जंतो ! |
| १७ | १२ | ઇચ્છત | ઇચ્છિત |
| २१ | १ | રીત | રીતે |
| २७ | १ | તારાં | તારા |
| ३१ | २ | मज्जा | मज्जां |
| ३१ | २ | मासा | मांसा |
| ३५ | १३ | था | थी |
| ३७ | १ | ती | ति |
| ४४ | ५ | દુગ | દુર્ગા |
| ४९ | ४ | धाँन्य | धान्य |
| ४९ | ६ | कार्माणि | कर्माणि |
| ४९ | ८ | અણુવિચરતો | અણુવિચારતો |

| | | | |
|---|---|---|---|
| ૬૯ | ૬ | સંતોષ | સંતાપ |
| ૭૦ | ૧ | થા | થી |
| ૭૭ | ૧૩ | કષાયથી | પ્રયત્નથી |
| ૭૯ | ૧૦ | भंव | भंवे |
| ૮૨ | ૧ | स्तेन नृपा | स्तेननृपा |
| ૮૨ | ૫ | नामगुणो | नामगुणी |
| ૮૩ | ૨ | કયા | કર્યા |
| ૮૮ | ૭ | माद्यसि | र्माद्यसि |
| ૯૧ | ૧ | पोठन | पाठेन |
| ૯૪ | ૭ | मातष | मातप |
| ૧૦૪ | ૮ | કયા | કર્યા |
| ૧૨૭ | ૧૦ | મૂખાઇ | મૂર્ખાઈ |
| ૧૬૪ | ૧૨ | पूज | पूजां |
| ૧૭૪ | ૧૨ | भृजून् | मृजून् |
| ૨૦૫ | ૫ | સાવધ | સાવદ્ય |
| ૨૧૧ | ૩ | થા | થી |
| ૨૨૪ | ૬ | સ્પશો | સ્પર્શો |
| ૨૨૬ | ૧૪ | ब्रयात् | ब्रूयात् |
| ૨૩૫ | ૧૨ | मात्त्य् | मर्त्त्य् X |